# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

અશ્વિની ઐયર તિવારીની નવી ફિલ્મમાં જ્યોતિકા અને સોનાક્ષી....

પેજ-09


રોહિત શર્માની સદીએ બીજી ODIમાં અપાવી શાનદાર જીત....



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 30.00 | 17.00 |
| વડોદરા | 31.00 | 17.00 |
| સુરત | 31.00 | 18.00 |

પેજ 5



મેટા સોમવારથી ખરાબ પ્રદર્શન કરનાર કર્મીઓની છટણી કરશે

11 FEBRUARY-2025 TUESDAY

નોર્થ કોરિયાના તાનાશાહ કિમની જાપાન-અમેરિકાને ચેતવણી



પેજ 10

**.....સુવિચાર.....**

ગીતામાં લખ્યું છે નિરાશ ન થાઓ, તમારો સમય નબળો છે તમે નહીં!


વર્ષ-14 । અંક-084 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-13 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ડિજિટલ ફ્રોડ પર લાગશે લગામ, RBIએ લીધો મહત્વનો નિર્ણય

**(એજન્સી) નવી દિલ્હી । તા. 10**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફેબ્રુઆરી, 2025ની એમપીસી મીટિંગમાં ડિજિટલ છેતરપિંડીના વધતા કિસ્સાઓ અંગે ફરી ચિંતા વ્યક્ત કરી છે. આપને જણાવી દઈએ કે, ઓનલાઈન બેંકિંગ અને ડિજિટલ વ્યવહારોમાં વધારા સાથે સાયબર છેતરપિંડીના કિસ્સાઓ પણ વધી રહ્યા છે, આવા ડિજિટલ ફ્રોડને અટકાવવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા મહત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યા છે.




## પહેલનો હેતુ

દ્વિમાસિક નાણાકીય નીતિ સમીક્ષા (MPC) વિશે માહિતી આપતા, RBI ગવર્નર સંજય મનલહોત્રાએ જણાવ્યું હતું કે, ડિજિટલ પેમેન્ટમાં છેતરપિંડીના વધતા કિસ્સાઓ ચિંતાનો વિષય છે. આનો સામનો કરવા માટે, રિઝર્વ બેંક આ વર્ષે એપ્રિલથી ભારતીય બેંકો માટે વિશેષ ઈન્ટરનેટ ડોમેન 'bank.in' શરૂ કરી રહી છે. આ ઉપરાંત, આવનારા સમયમાં નોન-બેંકિંગ નાણાકીય એકમો (NBFC) માટે 'Fin.in' (fin.in) શરૂ કરવામાં આવશે. પહેલનો હેતુ સાયબર સુરક્ષાના જોખમો અને 'ફિશિંગ' જેવી ગેરરીતિઓનો સામનો કરીને સુરક્ષિત નાણાકીય સેવાઓને સુવ્યવસ્થિત કરવાનો છે. જેથી લોકોનો ડિજિટલ બેંકિંગ અને પેમેન્ટ સેવાઓમાં વિશ્વાસ વધે.

## ડિજિટલ એરેસ્ટને અટકાવવા RBIના મહત્વના પગલાં

ડિજિટલ છેતરપિંડીના વધતા કિસ્સાઓ અંગે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ફરીથી ચિંતા વ્યક્ત કરી છે. જેને રોકવા માટે નક્કર પગલાં લેવાની જરૂર છે. આ દિશામાં દેશભરની ફાઈનાન્શિયલ સંસ્થાઓ માટે એક અલગ જ ડોમેન શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આપને જણાવી દઈએ કે, ભારતમાં એપ્રિલ, 2025થી બેંકો માટે બેંક ડોટ ઈન (bank.in) ડોમેન શરૂ કરવામાં આવશે.

### ચાણસ્મા નાં વડાવલી ગામે એક માતા પુત્ર પુત્રી સહીત 5 નાં ગામના ઘરેડીયા તળાવમાં ડૂબી જતા કરુણ મોત નીપજ્યા

# એકી સાથે ચાર બાળકો સહીત માતા નો જનાજો ઉઠતા વડાવલી ગામ હિબકે ભરાયું





**કમનસીબ મૃતકો**

1) ફિરોજાબાનું કાળુમીયા સિપાઈ 32 વર્ષ માતા
2) માહિરાબાનું કાળુમીયા સિપાઈ 9 વર્ષ પુત્રી
3) અબ્દુલકાદિર કાળિમિયા સિપાઈ 7વર્ષ પુત્ર
4) સિમરન ઉર્ફે સિમ્મુ સલીમભાઈ 13 વર્ષ
5) સોહીલ રહીમભાઈ 16 વર્ષ

**સોમવારે સવારે 10 માતા સહિત તેના પુત્ર પુત્રી સહીત ચાર બાળકોનાં જનાજા ઉઠતા આખુ વડાવલી ગામ હિબકે ચડ્યું હતું એકી સાથે ઉઠેલા પાંચ જનાજા માં આખું ગામ સજળ નેત્રે જોડાયુ હતું**

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા તાલુકા વડાવલી ગામે આવેલા ધાધરેંટિયા તળાવ નજીક બકરા ચરાવવા ગયા હતાં દરમિયાન બપોરે 3 વાગ્યાં નાં સુમારે એક બાળક ડૂબતા બાળકો ની સાથે બકરા ચરાવવા ગયેલી માતા ડૂબતા બાળકો ને બચાવવા જતા એક મહિલા બાળકો સહિત 5 વ્યક્તિઓ નાં કરુણ મોત નીપજ્યા હતાં જેની જાણ મૃતકો નાં પરિવારજનો સહિત ગામ લોકો ને થતા પાંચેય મૃતકો ને બહાર કાઢી ચાણસ્મા રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ માટે લવાયા હતાં. પ્રાંતધિકારી મામલદાર વિસ્તરણ અધિકારી ને ઘટના ની જાણ થતા ચાણસ્મા રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આ વ્યા . વડાવલી ગામ માં શોક નો માહોલ સર્જાયો જયારે મૃતકો ને ચાણસ્મા રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ માટે લાવવામાં આવતા વડાવલી ગામના આગેવાનો ગામ લોકો રેફરલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતાં.

### સંખેડા ગામના અર્જુન નાથ મહાદેવ મંદિર માટે નવીન રાખેલી જગ્યા પર સંરક્ષણ દિવાલનું તેમજ બોરવેલ માટે ધારાસભ્ય અભેસિંગભાઈ તડવીના હસ્તે ખાતમુર્હુત કરવામાં આવ્યું



કમલેશ પટેલ. | સંખેડા

આજરોજ ધારાસભ્ય અભેસિંગ ભાઈ તડવી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે અર્જુન નાથ મહાદેવની પાછળની સંરક્ષણ દિવાલ ના કામ માટે ગુજરાત સરકાર દ્વારા બે કરોડ ના ખર્ચ માટે એ ફાઈલ ગાંધીનગર ખાતે પહોંચી ગઈ છે અને ટૂંક સમયમાં મંજૂર થશે અને વહેલી તકે ટેન્ડર પાસ થાય અને વહેલી મંજૂરી મળે એવું હું ધારાસભ્ય તરીકે રજૂઆત કરીશ તેવી બાહ્ય ધરી આપુ છુ. આ ખાતમુહૂર્ત માં સંખેડાના આગેવાનો સંજયભાઈ દેસાઈ, સંખેડા સરપંચ નીતિનભાઈ શાહ અને અર્જુનનાથ મહાદેવ મંદિરના ટ્રસ્ટીઓ તેમજ ભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઘણા સમયથી અર્જુન નાથ મહાદેવ મંદિરની પાછળની સંરક્ષણ દિવાલ નો પ્રશ્ન સળગતો રહ્યો છે ત્યારે ધારાસભ્ય દ્વારા વહેલી તકે હલ થાય તેવું ટ્રસ્ટીઓ તેમજ સંખેડાના ભક્તો આશા સેવી રહ્યા છે અને ભક્તો તેમજ ટ્રસ્ટીઓ દ્વારા ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી તેમજ ગામના આગેવાનો નો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ડો. આંબેડકર સેન્ટર ઓફ એક્સેલન્સની ત્રીજી બેચનો પ્રારંભ



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીમાં ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય દ્વારા સ્થાપિત ડો. આંબેડકર સેન્ટર ઓફ એક્સેલન્સ (DACE)ના ત્રીજી બેચનું ઉદ્ઘાટન સોમવારે કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન સમારોહ યુનિવર્સિટીના વડોદરા સ્થિત કુંઢેલા સ્થાયી પરિસરમાં યોજાયો હતો. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન રજિસ્ટ્રાર (ઈન્ચાર્જ) પ્રો. મનીષે કર્યું હતું. તેમણે યુનિવર્સિટીના સેન્ટર ઓફ એક્સેલન્સની પ્રગતિ વિશે માહિતી આપી હતી. કેન્દ્રના નોડલ અધિકારી પ્રો. રાજેશ મકવાણાએ કાર્યક્રમની ભૂમિકા રજૂ કરતા છેલ્લા બે વર્ષમાં કેન્દ્રની પ્રગતિ વિશે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ કેન્દ્ર ઓક્ટોબર 2022 થી યુનિવર્સિટીમાં કાર્યરત છે. કેન્દ્રમાં અનુસૂચિત જાતિ અને અન્ય પછાત વર્ગની સાથે વિમુક્ત, વિચરતી અને અર્ધ-વિચરતી સમુદાયના વિદ્યાર્થીઓને UPSCની પ્રિલિમિનરી અને મુખ્ય પરીક્ષાની સાથે GPSCની પરીક્ષાઓની તૈયારી કરાવવામાં આવે છે. સિદ્ધાર્થ યુનિવર્સિટી, કપિલવસ્તુના કુલપતિ અને કાર્યક્રમના વિશિષ્ટ અતિથિ પ્રો. કવિતા શાહે સર્વગ્રાહી શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું કે કેન્દ્રના તમામ ઉમેદવારોએ ડો. આંબેડકરની જેમ આગળ વધવું પડશે. તેમણે દરેક વ્યક્તિને શિક્ષણ મેળવવાના અધિકાર પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે શિક્ષણ એક સાધન છે જે સ્વયંને શુદ્ધ કરવા માટે છે.

### દિવ્યાંગ રમતવીરો માટે નર્મદામાં જિલ્લા કક્ષાની ખાસ ખેલ મહાકુંભ 3.0નું આયોજન

રાજપીપલા : રાજ્ય સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજિત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નર્મદા દ્વારા સંચાલિત દિવ્યાંગ ખેલાડીઓ માટે ખાસ ખેલ મહાકુંભ ૩.૦ નું આયોજન તા. ૧૨ અને ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું છે.જેમાં તા. ૧૨મી એ જિલ્લાકક્ષાની OH (શારીરિક ક્ષતિગ્રસ્ત) સ્પર્ધાઓ અને તા. ૧૩મી એ માનસિક ક્ષતિગ્રસ્ત (MR), અંધજન અને શ્રવણ મંદ ભાઈઓ-બહેનો માટેની સ્પર્ધાઓ યોજાશે. આ તમામ સ્પર્ધાઓ જિલ્લા રમત સંકુલ (ધાબા ગ્રાઉન્ડ), રાજપીપલા ખાતે યોજાશે. જે સ્પર્ધકોએ ફોર્મ ભર્યું છે, તેઓએ સંબંધિત કેટેગરીની સ્પર્ધા માટે નિર્ધારિત તારીખે હાજર રહેવું જરૂરી છે. વધુ માહિતી માટે જિલ્લા રમત પ્રશિક્ષણ કચેરી, રાજપીપલા-જિ. નર્મદાનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

### કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાની વર્ચ્યુઅલ અને રાજ્યના આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનું લોન્ચીંગ

**'હાથીપગા રોગ'ને નાબૂદ કરવા તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન "માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન" કાર્યક્રમનો બીજો તબક્કો યોજાશે**



ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

આજે ગાંધીનગર ખાતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે. પી. નડ્ડાના અધ્યક્ષસ્થાને તથા રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ અને ઉચ્ચ અધિકારીશ્રીઓની ઉપસ્થિતિમાં "સામૂહિક દવા વિતરણ" કામગીરી કાર્યક્રમનું વર્ચ્યુઅલ લોન્ચીંગ કરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૭ સુધીમાં ફાઈલેરિયા રોગ નિર્મુલનનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જેના ભાગરૂપે તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫થી ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકામાં, નર્મદાના નાંદોદ અને ડેડીયાપાડા તેમજ ડાંગ જિલ્લાના વઘઈ એમ ચાર તાલુકાની અંદાજે ૫.૪૬ લાખ વસ્તીમાં સામૂહિક દવા વિતરણ કામગીરીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. 'સ્વસ્થ નાગરિક - સ્વસ્થ દેશ'નું નિર્માણ કરે છે. જે સૂત્રને સાર્થક કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં ટી.બી. અને પોલિયો જેવા વિવિધ પ્રકારના ગંભીર રોગોને જડમૂળથી નાશ કરવા રાજ્ય સરકાર હરહંમેશ ખડેપગે રહે છે. તેવી જ રીતે ફાઈલેરિયા એટલે કે 'હાથીપગા રોગ'ને નાબૂદ કરવા તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન "માસ ડ્રગ એડમીનીસ્ટ્રેશન" એટલે કે સામૂહિક દવા વિતરણ કાર્યક્રમનો બીજો તબક્કો હાથ ધરવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ચાર તાલુકાના કુલ ૫.૪૬ લાખ નાગરિકોને ડી.ઇ.સી. અને આલ્બેન્ડાઝોલ નામની દવા આરોગ્ય કાર્યકર-દવા વિતરક દ્વારા રૂબરૂમાં ગળાવવામાં આવશે. જ્યારે, બે વર્ષથી નાના બાળકો, સગર્ભા મહિલા, અતિશય બિમાર વ્યક્તિ અને પ્રસૂતિના એક અઠવાડિયા સુધીની ધાત્રી માતાઓને આ દવા ગળાવવામાં આવશે નહિ. આ અભિયાન અંતર્ગત તા. ૧૦ થી ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમ્યાન ઉપર્યુક્ત તાલુકા વિસ્તારની તમામ ૭૭૬ આંગણવાડી, ૭૪૮ શાળાઓ અને ૧૩ જેટલી કોલેજોમાં આરોગ્ય કાર્યકરોની ૬૧૦ ટીમો દ્વારા બાળકોને દવા રૂબરૂમાં ગળાવવામાં આવશે.

ભારત સરકાર.
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય.
પ્રવેગક કોર્પોરેટ એક્ઝિટ પ્રોસેસિંગ માટેનું કેન્દ્ર (C-PACE).
IICA બિલ્ડિંગ, 7મો માળ, પ્લોટ P-6-7-8, સેક્ટર 5, IMT માનેસર, ગુડગાંવ, હરિયાણા - 122050.
ઈમેઈલ:- roc.cpace@mca.gov.in

सत्यमेव जयते

Government of India
Ministry of Corporate Affairs
Centre for Processing Accelerated Corporate Exit (C-PACE)
IICA Building, 7th Floor,
Plot P-6,7,8, Sector-5, IMT Manesar,
Gurgaon, Haryana - 122050.
Email: roc.cpace@mca.gov.in

**ફોર્મ નંબર:- STK - 6.**
**જાહેર સૂચના.**
[કંપની અધિનિયમ 2013 ની કલમ 248 ની પેટા-કલમ (2) અને પેટા-કલમ (4) અને કંપનીઓના નિયમ 7 (કંપનીઓના રજિસ્ટરમાંથી કંપનીઓના નામ દૂર કરવા) નિયમો 2016 અનુસાર].

જાહેર સુચના :- ROC/C-PACE/STK-2/248(2)/2024-25/1673 તારીખ :- 27-01-2025

**સંદર્ભ.**
(1) કંપની અધિનિયમ 2013 ની કલમ 248 હેઠળ ગુજરાત રાજ્યમાં (29) કંપનીઓના નામ સ્ટ્રાઈક કરવા અથવા દૂર કરવાના સંદર્ભમાં:

| ક્રમ નંબર | કાર્ય વસ્તુ | CIN | કંપનીનું નામ |
|---|---|---|---|
| 1 | AB2263811 | U45102GJ1970PTC001736 | મર્ક્યુરી સર્વિસીસ પ્રાઇવેટ લિમિટેડ |
| 2 | AB2219038 | U24231GJ1998PTC034046 | કૃપા ફાર્માસ્યુટિકલ્સ પ્રાઇવેટ લિમિટેડ. |
| 3 | AB2278580 | U67120GJ1994PTC022553 | કૃષ્ણ સ્ટોક ઈક્વિટી પ્રાઇવેટ લિમિટેડ. |
| 4 | AB2316250 | U31909GJ1988PTC011363 | ફોરમોસ્ટ ટ્રેડલ્સ પ્રાઈવેટ લિમિટેડ. |
| 5 | AB2333759 | U17119GJ2002PTC040912 | કે એમ સુપરક્લોથ પ્રાઇવેટ લિમિટેડ. |
| 6 | AB2239771 | U22219GJ2008PTC055627 | ઉન્નતિ ઑફસેટ્સ પ્રાઇવેટ લિમિટેડ. |
| 7 | AB2372203 | U24100GJ2008PLC054660 | વિધી ગ્લોબલ કેમિકલ્સ લિમિટેડ. |
| 8 | AB2317103 | U31300GJ2006PTC047530 | રાજહર્ષ વાયર એન્ડ સ્ટ્રીપ પ્રાઈવેટ લિમિટેડ |
| 9 | AB2285573 | U63032GJ2010PTC061876 | શ્રીનાથ હેન્ડલિંગ અને શિપિંગ સેવાઓ પ્રાઇવેટ લિમિટેડ. |
| 10 | AB2334115 | U17120GJ2011PTC065054 | કેદારનાથ જિનિંગ પ્રાઇવેટ લિમિટેડ. |
| 11 | AB2230259 | U73100GJ2012PTC072565 | સુરેન્દ્રનગર લેબ પ્રાઈવેટ લિમિટેડ |
| 12 | AB2335311 | U72900GJ2018PTC102534 | સેન્ટિગ્મા ટેક્નોકાર્ટ પ્રાઈવેટ લિમિટેડ. |
| 13 | AB2401434 | U72900GJ2018PTC101789 | ક્રોનોસ માર્કેટચ પ્રાઈવેટ લિમિટેડ. |
| 14 | AB2376745 | U45309GJ2018PTC101646 | સુધાપતિ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ. |
| 15 | AB2376207 | U72900GJ2020PTC117231 | વેબસિન્સેપ્શાન સોફ્ટવેર પ્રાઈવેટ લિમિટેડ. |
| 16 | AB2414639 | U24110GJ2020PTC115182 | ભાગ્યલક્ષ્મી ફાર્મા કેમ પ્રાઈવેટ લિમિટેડ. |
| 17 | AB2403727 | U34100GJ2020PTC117649 | નૈશા મોટર્સ પ્રાઈવેટ લિમિટેડ. |
| 18 | AB2398197 | U29100GJ2021PTC120013 | અલ્ટ્રાવલ ઈક્વિપમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ. |
| 19 | AB2327590 | U72900GJ2022PTC131013 | વેરેક્સલ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડ. |
| 20 | AB2251692 | U24299GJ2022PTC137921 | જિનેક્સિસ પેપ્ટાઇડ્સ પ્રાઈવેટ લિમિટેડ. |
| 21 | AB2326854 | U70200GJ2023PTC140115 | એચ વાસ (હવ્સ) સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ. |
| 22 | AB2384268 | U55101GJ2023PTC140088 | બ્રોહિન ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ. |
| 23 | AB2349328 | U43299GJ2023PTC140343 | આધ્ય સ્પેશલિંક પ્રાઈવેટ લિમિટેડ. |
| 24 | AB2337770 | U63999GJ2023PTC142712 | એક્યૂએશ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ. |
| 25 | AB2230371 | U47912GJ2023PTC142891 | એવલીમાર્ટ ઇ-કોમ પ્રાઈવેટ લિમિટેડ. |
| 26 | AB2238713 | U62091GJ2023PTC141987 | ઓપ્ટિમસ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ. |
| 27 | AB2297055 | U32112GJ2023PTC144033 | એશિયન સીવીડી ડાયમંડ પ્રાઈવેટ લિમિટેડ. |
| 28 | AB2371924 | U63121GJ2024PTC150111 | લીગલસી સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ. |
| 29 | AB2168576 | U56101GJ2024PTC151321 | ફેટ ક્યુલિનારી ફુડ્સ પ્રાઈવેટ લિમિટેડ. |

(2) આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીઓના રજિસ્ટ્રારને કંપની અધિનિયમ 2013ની કલમ 248(2) હેઠળ કંપનીના રજિસ્ટરમાંથી તેના/તેમના નામ દૂર કરવા માટે ઉપરોક્ત કંપનીઓ પાસેથી અરજીઓ મળી હતી. તેમના નિગમના એક વર્ષની અંદર અથવા તે આધાર પર વ્યવસાય શરૂ કરવામાં નિષ્ફળ ગયા કે કંપની(ઓ) નાણાકીય વર્ષ અગાઉના બે તુરંત સમયગાળા માટે કોઈપણ વ્યવસાય અથવા કામગીરી ચાલુ કરી રહી નથી. અને કંપની અધિનિયમ 2013 ની કલમ 455 હેઠળ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવવા માટે આવા સમયગાળાની અંદર કોઈ અરજી કરી નથી અથવા કંપનીએ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવ્યો છે/મેમોરેન્ડમના સબ્સ્ક્રાઈબરોએ ચૂકવણી કરી નથી સબ્સ્ક્રિપ્શન જે તેઓએ કંપનીના સમાવિષ્ટ સમયે ચૂકવવાનું હાથ ધર્યું હતું અને આ અસરની જાહેરાત તેના એકસો અને એંસી દિવસની અંદર ફીલ્ડ કરવામાં આવી નથી. જો કલમ 12 ની પેટા-કલમ (9) હેઠળ હાથ ધરવામાં આવેલી ભૌતિક ચકાસણી પછી જાહેર થયા મુજબ કલમ 10A/એ કોઈપણ વ્યવસાય અથવા કામગીરી હાથ ધરી ન હોય તો પણ તે/તેઓ તેની/તેમની નોંધણી ચાલુ રાખવા માંગતા નથી. કંપનીઓ તરીકે અને તેથી, કંપનીઓના રજિસ્ટરમાંથી તેના/તેમના નામ દૂર કરવા/હડતાલ દુર કરવા વિનંતી કરી છે.
(3) તદનુસાર કંપનીઓના રજિસ્ટ્રાર કંપનીના રજિસ્ટરમાંથી ઉપરોક્ત કંપનીઓના નામ દૂર કરવા અથવા હટાવવાની દરખાસ્ત કરે છે.
(4) કંપનીઓના રજિસ્ટરમાંથી સૂચિત નામ દૂર કરવા અથવા તોડવા સામે વાંધો ઉઠાવતી કોઈપણ વ્યક્તિ આ નોટિસના પ્રકાશનની તારીખથી ત્રીસ દિવસની અંદર ઉપર જણાવેલ કાર્યાલયના સરનામા પર પોતાનો વાંધો મોકલી શકે છે.

હરીહરા સાહુ
રજીસ્ટ્રાર.
કોર્પોરેટ એક્ઝિટને વેગ માટેનું પ્રક્રિયા કેન્દ્ર

CBC07123/11/0730/2425

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ડ્રગ્સ સામે ઝીરો ટોલરન્સની નીતિ હેઠળ, 2024માં 25,000 કરોડ રૂપિયાથી વધુ કિંમતના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા



(એજન્સી) નવી દિલ્હી | તા.09

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડ્રગ્સ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ હેઠળ, 2024માં NCB સહિત દેશભરની તમામ કાયદા અમલીકરણ એજન્સીઓ દ્વારા લગભગ 25330 કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. જે 2023માં જપ્ત કરાયેલા 16100 કરોડ રૂપિયાની સરખામણીમાં 55 ટકાથી વધુ છે. આ સફળતા પ્રધાનમંત્રી મોદીજીના નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના માર્ગદર્શન હેઠળ અપનાવવામાં આવેલા ' બોટમ-ટુ-ટોપ ' અને 'ટોપ-ટુ-બોટમ' અભિગમ અને તમામ રાજ્યોના નાણાં વિભાગ, પોલીસ અને એજન્સીઓના વધુ સારા સંકલનનો પુરાવો છે. મોદીજીના ડ્રગમુક્ત ભારતના સ્વપ્નને સાકાર કરવા માટે, કેન્દ્ર અને રાજ્યોના તમામ વિભાગો 'સંપૂર્ણ સરકાર' અભિગમ સાથે આગળ વધી રહ્યા છે.2024માં જપ્ત કરાયેલા મોટાભાગના ડ્રગ્સમાં અત્યંત હાનિકારક અને વ્યસનકારક કૃત્રિમ દવાઓ, કોકેન અને સાયકોટ્રોપિક પદાર્થો તરીકે ઉપયોગમાં લેવાતી ફાર્માસ્યુટિકલ દવાઓનો સમાવેશ થાય છે, જેની કિંમત ખૂબ વધારે પણ છે.2024માં જપ્ત કરાયેલ મેથામ્ફેટામાઈન જેવા ATSનો જથ્થો 2023માં 34 ક્વિન્ટલથી બમણાથી વધુ વધીને 80 ક્વિન્ટલ થયો છે. તેવી જ રીતે, કોકેઈનનું પ્રમાણ પણ 2023માં 292 કિલોથી વધીને 2024માં 1426 કિલો થયું. જપ્ત કરાયેલા મેફેડ્રોનનો જથ્થો પણ 2023માં 688 કિલોથી લગભગ પાંચ ગણો વધીને 2024માં 3391 કિલો થયો અને હશીશનો જથ્થો 2023માં 34 ક્વિન્ટલથી વધીને 2024માં 61 ક્વિન્ટલ થયો. આ ઉપરાંત, સાયકોટ્રોપિક પદાર્થો તરીકે દુરુપયોગ કરાયેલી ફાર્માસ્યુટિકલ દવાઓ (ગોળીઓ)ની સંખ્યા 1.84 કરોડથી વધીને 4.69 કરોડ થઈ ગઈ.

## 2024માં વિવિધ એજન્સીઓના સહયોગથી નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) દ્વારા હાથ ધરવામાં આવેલા મુખ્ય ઓપરેશન્સ



ફેબ્રુઆરી 2024: નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) અને દિલ્હી પોલીસ સ્પેશિયલ સેલે ત્રણ વ્યક્તિઓની ધરપકડ અને 50 કિલો સ્યુડોએફેડ્રિન (નાર્કોટિક્સ બનાવતું રસાયણ) જપ્ત કરીને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ દાણચોરી નેટવર્કનો પર્દાફાશ કર્યો. ઓસ્ટ્રેલિયન અને ન્યૂઝીલેન્ડના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી માહિતીના આધારે કાર્યવાહી કરતી વખતે NCB અને દિલ્હી પોલીસની સંયુક્ત ટીમે આ નેટવર્કનો પર્દાફાશ કર્યો.

ફેબ્રુઆરી 2024: NCB, નૌકાદળ અને ATS ગુજરાત પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા 'સાગરમંથન-1' નામના સંયુક્ત ઓપરેશનમાં હિંદ મહાસાગરમાં લગભગ ૩૩૦૦ કિલો ડ્રગ્સ (3110 કિલો ચરસ/હાશીશ, 158.3 કિલો સ્ફટિકીય પાવડર મેથ અને 24.6 કિલો શંકાસ્પદ હેરોઈન)નો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો. દેશમાં જપ્તીની સંખ્યાની દ્રષ્ટિએ આ એક રેકોર્ડ હતો. આ કેસમાં પાંચ શંકાસ્પદ વિદેશી નાગરિકોની અટકાયત કરવામાં આવી હતી.

માર્ચ 2024: NCB એ ફેબ્રુઆરી 2024માં ડ્રગ દાણચોરી નેટવર્કના મુખ્ય સૂત્રધાર જાફર સાદિકની ધરપકડ કરી. જાફર સાદિક 15 ફેબ્રુઆરી, 2024થી ફરાર હતો અને ત્યારથી ફરાર હતો. જ્યારે NCB એ એવેન્ટા કંપનીના વેરહાઉસમાંથી 50.070 કિલો સ્યુડોએફેડ્રિન જપ્ત કર્યું હતું અને આ સંદર્ભમાં જાફર સાદિકના ત્રણ સહયોગીઓની ધરપકડ કરી હતી.

એપ્રિલ 2024: NCB, ગુજરાત પોલીસના ATS અને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા સંયુક્ત દરિયાઈ કાર્યવાહીમાં, લગભગ 86 કિલો હેરોઈન વહન કરતી એક વિદેશી બોટ જપ્ત કરવામાં આવી હતી અને 14 પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન આશરે 602 કરોડ રૂપિયાના ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા.

ઓક્ટોબર 2024: NCBએ ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના કાસના ઔદ્યોગિક વિસ્તારમાં એક ફેક્ટરીમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું અને ઘન અને પ્રવાહી સ્વરૂપમાં લગભગ 95 કિલો મેથામ્ફેટામાઈન જપ્ત કર્યું. એસીટોન, સોડિયમ હાઈડ્રોક્સાઈડ, મિથિલિન ક્લોરાઈડ, પ્રીમિયમ ગ્રેડ ઈથેનોલ, રેડ ફોસ્ફરસ, ઈથિલ એસિટેટ વગેરે જેવા રસાયણો અને ઉત્પાદન માટે યાતી મશીનરી પણ મળી આવી હતી.

નવેમ્બર 2024: ભારતમાં અને ખાસ કરીને દિલ્હી એનસીઆર ક્ષેત્રમાં સક્રિય ડ્રગ્સ દાણચોરી સિન્ડિકેટ સામે મોટી સફળતા મેળવતા, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ દિલ્હીમાં કોકેઈનનો સૌથી મોટો જથ્થો જપ્ત કર્યો. આ કેસોમાં મળેલા સુરાગ અને ટેકનિકલ અને માનવ ગુપ્ત માહિતી દ્વારા કામ કરતા, NCB આખરે દાણચોરીના સ્ત્રોત સુધી પહોંચવામાં સફળ રહ્યું અને દિલ્હીના જનકપુરી અને નાંગલોઈ વિસ્તારોમાંથી 82.53 કિલો ઉચ્ચ ગ્રેડ કોકેન જપ્ત કર્યું.

નવેમ્બર 2024: 'સાગર મંથન-4' નામના સંયુક્ત ઓપરેશનમાં, NCB, ભારતીય નૌકાદળ અને ગુજરાત પોલીસના ATS એ ગુજરાતમાંથી એક આંતરરાષ્ટ્રીય ડ્રગ દાણચોરી ગેંગનો પર્દાફાશ કર્યો અને લગભગ 700 કિલો પ્રતિબંધિત મેથ જપ્ત કર્યો.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**
**ઇલેક્ટ્રિકલ કાર્ય**
ટેન્ડર આમંત્રણ સૂચના નં : **Sr.DEE/ADI/63 (24-25) તારીખ 07.02.2025** (1) ટેન્ડર નંબર : EL-50-1-ADI-T-79-2024-25 **કામનું નામ :** અમદાવાદ વિભાગ - LHB AC કોચના RMPU સેટનું નવીનીકરણ અને ડબલ ડેકર LHB AC કોચમાં કન્ડેન્સર અને ઇવાપોરેટર કોઇલ યુનિટ તેમજ એસેસરીઝનું રિપ્લેસમેન્ટ, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. **અંદાજિત કિંમત :** ₹80,17,760/- **અર્નેસ્ટ મની :** ₹1,60,400/- **ટેન્ડર નંબર :** EL-50-1-ADI-T-82-2024-25 **કામનું નામ :** અમદાવાદ વિભાગમાં ડીઆરએમ ઓફિસ, અસારવા ના એન્જિનિયરિંગ અને કર્મચારી વિભાગમાં એર કન્ડીશનીંગની ભાડે લેવા. **અંદાજિત કિંમત :** ₹1,21,11,000/- **અર્નેસ્ટ મની :** ₹2,10,600/- **ટેન્ડર ફોર્મ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય :** 04.03.2025 ના રોજ 15:00 કલાક સુધી. **ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય :** 04.03.2025 ના રોજ 15:30 કલાક સુધી. **ઓફિસનું સરનામું :** સિનિયર. ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર ડી.આર. એમ. ઓફિસ, ચામુંડા પુલ પાસે, જી. સી. એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 **વેબસાઇટ સરનામું:** www.ireps.gov.in 317
અમને લાઇક કરો: facebook.com/WesternRly

# રાષ્ટ્રપતિએ બડે હનુમાન મંદિર, અક્ષયવટ અને સરસ્વતી કૂપની મુલાકાત લીધી અને રાષ્ટ્રની સમૃદ્ધિ અને સુખાકારી માટે પ્રાર્થના કરી



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

સોમવારે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પ્રયાગરાજ પહોંચ્યા, જ્યાં તેમણે ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી અને મહાકુંભની ભવ્યતા અને દિવ્યતાનો અનુભવ કર્યો. ત્યારબાદ, તેમણે અક્ષયવટ અને સરસ્વતી કૂપની મુલાકાત લીધી અને બડે હનુમાન મંદિરમાં પ્રાર્થના કરી. તેમની મુલાકાત દરમિયાન તેમની સાથે રાજ્યપાલ આનંદીબેન પટેલ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પણ હતા. પવિત્ર સ્નાન કર્યા પછી, રાષ્ટ્રપતિ અક્ષયવટ ગયા, જે સનાતન સંસ્કૃતિમાં એક આદરણીય સ્થળ છે, જે અમરત્વનું પ્રતીક છે. પુરાણો તેના આધ્યાત્મિક મહત્વ પર પણ ભાર મૂકે છે. ત્યારબાદ તેમણે મા સરસ્વતી સાથે સંકળાયેલા પવિત્ર કૂવા સરસ્વતી કૂપની મુલાકાત લીધી. બડે હનુમાન મંદિરમાં, તેમણે રાષ્ટ્રની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. મંદિરના મહંત અને બાઘંબારી પીઠના પીઠાધીશેશ્વર, બલબીર ગિરીએ ધાર્મિક પૂજા કરી અને તેમને શ્રદ્ધાંજલિ રૂપે મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ધાર્મિક કાર્યક્રમોને આધુનિક ટેકનોલોજી સાથે જોડવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પહેલને પણ સમર્થન આપ્યું. તેમણે ડિજિટલ મહાકુંભ અનુભવ કેન્દ્રની મુલાકાત લીધી, જે મહાકુંભ મેળામાં વિગતવાર સમજ આપવા માટે અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. આ કેન્દ્રનો ઉદ્દેશ્ય ભારત અને વિદેશના ભક્તોના અનુભવને વધારવાનો છે, જેનાથી તેઓ મહાકુંભની આધ્યાત્મિક ભવ્યતા સાથે વધુ નજીકથી જોડાઈ શકે. રાષ્ટ્રપતિએ કેન્દ્રની મુલાકાત લીધી, કારણ કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તેમને તેની વિશેષતાઓ અને મહત્વ વિશે માહિતી આપી.

40 વર્ષ જૂના કેસમાં ભુજ સેશન્સ કોર્ટનો ચુકાદો, કચ્છના કોંગ્રેસ અગ્રણી ઈભલા શેઠને માર મારી અપમાનિત કરાયાની ફરિયાદ થઈ હતી

# તત્કાલીન SP કુલદીપ શર્માને 3 માસની કેદ

(એજન્સી) કચ્છ | 10

કચ્છ કોંગ્રેસના અગ્રણી મરહૂમ મંધરા અબ્દુલ્લા હાજી ઈબ્રાહિમને આજથી 40 વર્ષ પૂર્વે જિલ્લા પોલીસવડાની કચેરીમા મુલાકાત વેળાએ તત્કાલીન પોલીસવડા કુલદીપ શર્માએ અપમાનિત કરી અપશબ્દ બોલીને સાથી અધિકારીને બોલાવી માર માર્યો હોવાની ફરિયાદ દાખલ થઈ હતી. આ કેસની સુનાવણી આખરે ગઈકાલે (9 ફેબ્રુઆરી)અંતિમ તબક્કે પહોંચી હતી. આ કેસનો આજે (10 ફેબ્રુઆરીએ) ભુજ સેશન્સ કોર્ટમાં ચુકાદો આવ્યો છે, જેમાં કુલદીપ શર્મા અને સાથીકર્મચારી ગિરીશ વસાવડા દોષી જાહેર થયા છે. બંને ગુનેગારોને કોર્ટે ત્રણ માસની કેદ અને દંડ ફટકાર્યો છે. સહઆરોપી પીએસઆઇ બિશ્નોઈ અને બીએન ચૌહાણ મૃત્યુ પામ્યા છે, જ્યારે ત્રીજા પોલીસકર્મી ગિરીશ વસાવડા દોષમુક્ત જાહેર થયા છે.

સરકારી કચેરીમાં તત્કાલીન ઉચ્ચ અધિકારી અને પોલીસકર્મીઓએ દ્વારા માર મારવા અને અપમાનિત કરવાના કેસમાં લાંબી લડત બાદ આખરે ભુજની સેશન્સ કોર્ટમાં ચુકાદો આવતાં આ કેસના ફરિયાદી મરહૂમ ઈભલા શેઠના પુત્ર ઈકબાલ મંધરાએ કોર્ટ પરિસરમાં ન્યાયકોર્ટના આદેશને આવકારી ખુશી જાહેર કરી હતી અને ઉપસ્થિત સ્નેહીજનોમાં મીઠાઈ વહેંચી આનંદ વ્યક્ત કર્યો હતો. આ તકે તેમણે કહ્યું હતું કે 40 વર્ષ જૂના કેસમાં ખૂબ લાંબી કોર્ટ પ્રક્રિયાના અંતે આરોપીઓને કસૂરવાર ઠેરવવામાં આવ્યા એનાથી સંતોષ થયો છે. આ કેસની હકીકત એવી છે કે અબડાસાના મંધરા અબ્દુલ્લા હાજી ઈબ્રાહિમ ઉર્ફે ઈભલા શેઠ નલિયામાં નોંધાયેલા કેસ મામલે તત્કાલીન ધારાસભ્ય ખરાશંકર જોષી, માંડવીના ધારાસભ્ય જયકુમાર સંઘવી, ગાભુભા જાડેજા, શંકર ગોવિંદજી જોષી સહિતના આગેવાનો સાથે એસપી કચેરીએ મળવા માટે આવ્યા હતા. એ દરમિયાન જે-તે વખતના એસપી કુલદીપ શર્માએ તેમનું અપમાન કરી અપશબ્દ બોલીને સાથી અધિકારીઓને બોલાવી માર મરાયાનો આક્ષેપ કરાયો હતો અને આ બાબતે જે-તે વખતે ઈભલા શેઠને ઈજા પહોંચી હોઈ તેમની સાથે ડેલિગેશનમાં આવેલા શંકર ગોવિંદજી જોષીએ કચ્છના એડવોકેટ એમ.બી. સરદારને રોકી ભુજની ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં એસપી સહિત ચાર આરોપી સામે ફરિયાદ દાખલ કરી હતી.



**મર્હૂમ ઈભલા શેઠ**
ફરિયાદી



**કુલદીપ શર્મા**
તત્કાલીન SP કચ્છ

**28 જાન્યુઆરીએ આખરી સુનાવણી પૂરી થઈ હતી :** એ બાદ વર્ષ 2020માં ફરિયાદીના વકીલ એમ.બી.સરદારનું અવસાન થતાં આ કેસમાં ફરિયાદીના મુખ્ય એડવોકેટ તરીકે આર.એસ.ગઢવી હાજર રહ્યા હતા. અગાઉ આ કેસમાં ચાર આરોપી હતા, જેમાંથી બી.એન.ચૌહાણ તથા પી.એસ.બિશ્નોઈ ચાલુ પ્રોસિડિંગ દરમિયાન મૃત્યુ પામ્યા હતા, જ્યારે અન્ય બે આરોપી કુલદીપ શર્મા તથા ગિરીશ વસાવડા સામે આ કેસ એડિશનલ ચીફ કોર્ટમાં ચાર્જ ફ્રેમ કર્યા હતા. સ્ટેટમેન્ટ બાદ ગત 28 જાન્યુઆરીના રોજ આખરી સુનાવણી પૂરી થઈ છે. અને કેસ 40 વર્ષ બાદ આજે 10 ફેબ્રુઆરીના જજમેન્ટ પર આવ્યો છે. આ કેસમાં ઈભલા શેઠના પક્ષ તથા મૂળ ફરિયાદી વતી આર.એસ.ગઢવીએ દલીલો કરી હતી.

### સરકારી વકીલ આરોપીનો બચાવ ન કરી શકે

આરોપી કુલદીપ શર્મા તથા અન્ય આરોપીઓ માટે જે વખતે સરકારી વકીલ બચાવ કરતા એડવોકેટ એમ.બી. સરદારે એવી દલીલ કરી હતી કે સરકારી વકીલનું કામ ફરિયાદ પક્ષનો કેસ પુરવાર કરવાનો છે, નહીં કે આરોપીનો બચાવ કરવાનો. પછી આરોપી ભલેને જિલ્લાના પોલીસવડા હોય, જ્યારે તે આરોપી તરીકે આવે છે ત્યારે તે એક આરોપી જ છે અને દરેક આરોપીની જેમ તેણે પોતાનો બચાવ જાતે અથવા પોતાના એડવોકેટ મારફત કરવો જોઈએ. એમાં કોર્ટ સહમત થયેલી અને કુલદીપ શર્મા સહિત અન્ય આરોપીઓએ પ્રાઈવેટ વકીલ રાખી પોતાનો બચાવ કર્યો હતો. આ તકે તેમણે કહ્યું હતું કે 40 વર્ષ જૂના કેસમાં ખૂબ લાંબી કોર્ટ પ્રક્રિયાના અંતે આરોપીઓને કસૂરવાર ઠેરવવામાં આવ્યા એનાથી સંતોષ થયો છે.

# નડિયાદમાં સિરપકાંડ બાદ હવે લઠ્ઠાકાંડ કે સોડાકાંડ?

## નજરેજોનારે કહ્યું- 'ત્રણેયએ સોડા પીતા જ 5 મિનિટમાં ઘાતકી અસર થઈ અને 3 કલાકમાં જ મોત થયું'

(એજન્સી) નડિયાદ | 10

નડિયાદ શહેરના જવાહરનગર વિસ્તારમાં રવિવારે મોડી રાત્રે શંકાસ્પદ સંજોગોમાં ત્રણ વ્યક્તિઓનાં મોતની ઘટનાએ ખળભળાટ મચાવ્યો છે. માત્ર અડધા કલાકના ગાળામાં ત્રણ વ્યક્તિઓનાં મોત નીપજતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. શહેરમાં દોઢ વર્ષ બાદ મોતનું તાંડવ ફરી થયું છે. બિલોદરા નશીલા સિરપકાંડ બાદ રવિવારે (9 ફેબ્રુઆરી) મોડી રાત્રે અડધા કલાકમાં ટપોટપ ત્રણનાં મોત થયાં હતાં.

મૃતકના પરિવારજનોએ દારૂ પીવાથી મોત થયાના આક્ષેપો કર્યા છે. જેથી લઠ્ઠાકાંડની આશંકા છે. જોકે, નજરેજોનારે કહ્યું છે કે, ત્રણેયએ સોડા પીતા જ 5 મિનિટમાં ઘાતકી અસર થઈ અને 3 કલાકમાં જ મોત થયું છે. આ સોડાકાંડ છે કે લઠ્ઠાકાંડ છે તેને લઈ પોલીસે તપાસ હાથ ધરી છે. પોલીસની તાજેતરની તપાસમાં આ ત્રણેય વ્યક્તિઓના મોતમાં કોઈ ઝેરી તત્વ સામે આવ્યું છે. પીએમ પૂર્ણ થતાં વિસેરા માટેના સેમ્પલો લેવાયા છે. વિસેરાના રીપોર્ટ બાદ જ મોતનું સાચું કારણ બહાર આવી શકે એમ છે.

જોકે, પોલીસે એવી પણ શંકા દર્શાવી છે કે, આ ત્રણમાંથી એક મૂકબધિર શખ્સને જે મૂકબધિર શખ્સને કોઈએ ટાર્ગેટ અથવા તો અખતરો કરવા આ બોટલ આપી હોય શકે, કારણ કે, મૂક બધીર હોવાથી તે બોલી શકે એમ ન હોય તેથી કોઈએ કાવતરુ કર્યાની પણ પ્રબળ શંકા છે. બીજી બાજુ પોલીસ જુદાજુદા પાસા પર આ સમગ્ર કેસની તપાસ કરી રહી છે. જેમાં આ કેસમાં સાઈનેટ અથવા તો સોડિયમ નાઈટ્રિટનો ઉપયોગ થયો હોવાની શક્યતા છે. આ બે ઝેરી તત્વો ઝડપથી શરીરમાં પ્રસરી જાય અને મોત નિપજે છે.

### 'સોડા પીધા બાદ તમામની તબિયત બગડી'

વધુમાં જણાવ્યું કે, આ ઘટનામાં અગત્યની બાબત એવી છે કે નજરે જોનારની અમે પૂછપરછ કરી હતી તેઓએ અમને જણાવ્યું કે, આ મૃતકો પૈકી કનુ ચૌહાણ ઝીરા સોડાની બોટલ લઈને આવ્યો હતો. જે સોડા આ લોકોએ પીધી હતી. નજરે જોનારને પણ સોડા પીવા કહ્યું હતું જોકે, તેણે ના કીધી હતી. સોડા પીધા બાદ રવિન્દ્રને વોમીટ થવા લાગી હતી અને તે બેભાન થઈ ગયા હતા. જેથી તાત્કાલીક તેઓને હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યાં હતા. અન્ય બે વ્યક્તિઓને પણ તકલીફ થવા લાગતા તેઓને પણ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. જ્યા ત્રણેયનું મોત થયું હતું.

### નખત્રાણાના સોના ચાંદીના વેપારી અગ્રણીનું અવસાન થતાં શોક ફેલાયો



મહેશ એલ. સોની | નખત્રાણા

મૂળ કાદિયાના હાલે નખત્રાણા મધ્યે સોના ચાંદીના વ્યવસાય સાથે સંકળાયેલા માયાળુ, પરોપકારી સ્વભાવ ધરાવતા મોતીલાલ કરશનદાસ કટ્ટાનું ૬૬ વર્ષની વયે અવસાન થતાં નખત્રાણા સહિત આસપાસના પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. સદગતને વિવિધ સમાજનાં અગ્રણીઓએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં હતાં.

## અંબાજી ખાતે શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો બીજો દિવસ

### પરીક્રમા દોડ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલ દ્વારા પ્રોત્સાહિત કરાયા

(માહિતી બ્યુરો,પાલનપુર)

લાખો કરોડો માઈભકતોના આસ્થાના કેન્દ્ર એવા અંબાજી ખાતે ૫૧ શકિતપીઠ પરિક્રમાના બીજા દિવસે શ્રદ્ધાળુઓએ પરિક્રમા કરીને ધન્યતા અનુભવી હતી. અંબાજી ખાતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, બનાસકાંઠા દ્વારા આયોજીત પરિક્રમા દર્શન દોડ સ્પર્ધાને જિલ્લા કલેકટરશ્રી મિહીર પટેલ દ્વારા પ્રસ્થાન કરાવ્યું હતું. આ સ્પર્ધા અંબાજી ગબ્બર તળેટી ચાચર ચોકથી પ્રારંભ કરાવીને ૨.૮ કિ.મીના અંતર સાથે પૂર્ણ કરાઈ હતી. બે કેટેગરીમાં આયોજિત આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



એક સ્પર્ધા ૧૮ વર્ષથી ઓછી ઉંમરના વિદ્યાર્થીઓ માટે તથા એક જનરલ કેટેગરીની દોડ સ્પર્ધા યોજાઈ હતી. દોડ સ્પર્ધામાં વિજેતા સ્પર્ધકોને જિલ્લા કલેકટરશ્રી અને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર અને પ્રોત્સાહક રકમના ચેક એનાયત કરાયા હતા. દોડ સ્પર્ધાની વિદ્યાર્થી કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે ભરથરી દશરથભાઈ, બીજા ક્રમાંકે અંગારી મુકેશભાઈ તથા ત્રીજા ક્રમાંકે ભરથરી પ્રકાશભાઈ વિજેતા બન્યા હતા જ્યારે જનરલ કેટેગરીમાં પ્રથમ ક્રમાંકે ડાભી વિપુલભાઈ,બીજા ક્રમાંકે પરમાર હર્ષભાઈ તથા ત્રીજા ક્રમાંકે રાઠોડ રવિન્દ્રભાઈ વિજેતા બન્યા હતા. આ દોડ સ્પર્ધામાં અંબાજી વહીવટદાર અને અધિક કલેક્ટરશ્રી કૌશિક ભાઈ મોદી, પ્રાંત અધિકારીશ્રીઓ, શિક્ષણ વિભાગના અધિકારીશ્રીઓ સહિત બહોળી સંખ્યામાં સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

બોટાદમાં મારામારીનો વિડ્યો વાઈરલ

## પાંચપડા વિસ્તારમાં બે જૂથો વચ્ચે મારામારી, 4 લોકોને ઈજા થઇ...

(એજન્સી) બોટાદ | 10

બોટાદ શહેરના પાંચપડા વિસ્તારમાં આવેલા નિકું ફ્લેટ પાસે સવારના સમયે એક જ જ્ઞાતિના બે જૂથો વચ્ચે જૂની અદાવતને કારણે હિંસક ઘર્ષણ સર્જાયું હતું. બંને જૂથના લોકો લાકડી, ધોકા અને પથ્થરો સાથે સામસામે આવી ગયા હતા, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

આ હિંસક ઘટનામાં બંને પક્ષના મળીને 4 લોકોને ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ બોટાદ પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ હિંસક ઘર્ષણનું મુખ્ય કારણ બંને જૂથો વચ્ચેની જૂની અદાવત છે. પોલીસે વાયરલ થયેલા વીડિયોના આધારે આરોપીઓની ઓળખ કરવાની કાર્યવાહી શરૂ કરી છે અને સમગ્ર મામલાની ઝીણવટભરી તપાસ હાથ ધરી છે.

# એકસાથે 4 બાળક સહિત 5નો જનાજો નીકળ્યો...!

### બકરી ચરાવવા ગયેલા જીવતા પરત ના ફર્યા, ગામમાં રોકકળ; પિતાએ કહ્યું- મારી એકની એક સિમરન જતી રહી

ચાણસ્મા | ગઈકાલે ચાણસ્મા તાલુકાના વડાવલી ગામમાં થયેલા એક દુ:ખદ અકસ્માતે સમગ્ર વિસ્તારને હચમચાવી નાખ્યો છે. તળાવમાં ડૂબી જવાથી લઘુમતી સમુદાયના પાંચ લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં એક જ પરિવારના 2 બાળકો અને તેમની માતાનું પણ મોત નીપજ્યું હતું. આ એકસાથે પાંચ જણના ડૂબવાની ઘટનાથી આખી રાત ગામમાં શોકનો માહોલ છવાયો છે. ત્યારે આજે વહેલી સવારે એકસાથે પાંચેયનો જનાજો નીકળતા આખું ગામ રોકકળથી ગુંજી ઊઠ્યું હતી. આ ઘટના બાદ દિવ્ય ભાસ્કરની ટીમ વડાવલી ગામે પહોંચી હતી અને ખરેખરમાં ઘટના કેવી રીતે બની તે જાણવા પરિવારના સભ્યો સાથે વાતચીત કરી હતી..તો આવો જાણીએ શું કહે છે પરિવારજનો...



મૃતક દીકરી સિમરનના પિતા સલીમભાઈએ જણાવ્યું કે, મારી 14 વર્ષની એકની એક દીકરી હતી અને ધોરણ 7માં ભણતી હતી. કાલે મને કીધું કે પપ્પા હું બકરાં ચારવા જઈશ અને 5 વાગ્યા સુધીમાં આવી જઈશ. 6 વાગે મારી બકરીઓ ઘરે આવી પણ દીકરી ના આવી એટલે હું તરત જ બાઈક લઈ તેને શોધવા માટે નીકળી ગયો.

**ચંપલ અને લાકડાંથી ખબર પડી કે.. :** મૃતકોના પરિવારના સભ્ય ઈસ્માઈલ કુરેશીએ જણાવ્યું કે, શનિ-રવિની રજા હતી એટલે આખો પરિવાર બકરાં ચરાવવા માટે ગયો હતો. સાંજે 5-6 વાગ્યા બાદ બકરાં પરત ઘરે આવી ગયાં પણ પરિવાર આવ્યો નહીં. ત્યારબાદ ગામના લોકો દોડતા તળાવ પાસે ગયા. તળાવ પાસે પડેલા ચંપલ અને લાકડાથી ખબર પડી કે આ છોકરાઓ પાણીમાં પડી ગયા છે. સૌથી પહેલાં એક બાળક પડ્યો હતો. ત્યારબાદ એને બચાવવા એકપછી એક બધા તળાવમાં પડ્યા હતા. એમને કાઢવા માટે ગામના 200 જેટલા માણસો ત્યાં ગયા હતા. અંદર કૂદ્યા બાદ 4 લાશો તો ઝડપથી મળી ગઈ પણ જે પાંચમી લાશ શોધતાં શોધતાં 2 કલાક જેટલો સમય લાગ્યો. 2 કલાક પછી લાશ મળી આવતા અમે તમામને ચાણસ્મા પોલીસ સ્ટેશન લઈ ગયા. ત્યારબાદ પોલીસે તમામને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા. હાલમાં તમામના જનાજાની તૈયારીઓ ચાલે છે.

**ઘટના કેવી રીતે બની? :** આ ઘટના ત્યારે બની જ્યારે એક વ્યક્તિ તળાવમાં લપસી ગયો અને તેને બચાવવાનો પ્રયાસ કરતી વખતે અન્ય ચાર લોકો પણ તળાવમાં ડૂબી ગયા. ગામલોકોએ તમામને તાત્કાલિક બહાર કાઢ્યા હતા અને સારવાર માટે ચાણસ્મા સરકારી હોસ્પિટલ ખસેડ્યા હતા. વડાવલીના તલાટી પરમારે આ ઘટના અંગે વિકાસ અધિકારીને જાણ કરી હતી. દુ:ખદ વાત એ છે કે મૃતકોમાં એક જ પરિવારની માતા અને 2 બાળકો તેમજ ગ્રામ પંચાયત પટાવાળાના પુત્રનો સમાવેશ થાય છે.

## પાણી લેવા જતી 19 વર્ષીય યુવતી પર હુમલો કર્યો, કપડાં ઉતારવાનો પ્રયાસ

(એજન્સી) દાહોદ | 10

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના ચાટકી ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક 19 વર્ષીય યુવતી પર સ્થાનિક શખ્સે હુમલો કરી છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, યુવતી તેના માસાના ઘરે એદના મેળામાંથી પાણી લેવા જઈ રહી હતી ત્યારે આ ઘટના બની હતી.

આરોપી વિપુલ દિપસીંગ ભાભોરે યુવતીની એકલતાનો લાભ લઈ તેના પર હુમલો કર્યો હતો. આરોપીએ યુવતીનું મોઢું દબાવી દીધું હતું અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. એટલું જ નહીં, યુવતી સાથે ખેંચતાણ કરી તેના કપડાં ઉતારવાનો પ્રયાસ પણ કર્યો હતો. યુવતીએ બૂમાબૂમ કરતાં આરોપી ઘટના સ્થળેથી ભાગી છૂટ્યો હતો.

પીડિત યુવતીએ લીમખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે ગુનો નોંધી આરોપીની ધરપકડ માટે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. આ પ્રકારની ઘટનાઓએ સમાજમાં મહિલાઓની સુરક્ષા અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

## બગસરાના સુડાવડમાં રામદેવપીર મંદિરમાં પશુનો શિકાર કરવા ઘૂસ્યો સિંહ, સ્થાનિકોમાં ફફડાટ...

(એજન્સી) અમરેલી | 10

અમરેલી જિલ્લામાં સિંહોની વધતી સંખ્યા અને માનવ વસાહતમાં તેમની અવરજવરે ચિંતાજનક સ્થિતિ સર્જી છે. તાજેતરમાં બગસરા તાલુકાના સુડાવડ ગામના રામદેવપીર મંદિર પરિસરમાં એક સિંહે પ્રવેશ કર્યો હતો, જે ઘટના CCTV કેમેરામાં કેદ થઈ હતી. તારીખ 3ની રાત્રે બનેલી આ ઘટનામાં સિંહ પશુનો શિકાર કરવાના ઈરાદે મંદિર પરિસરમાં ઘૂસ્યો હતો, જેના કારણે પશુઓમાં નાસભાગ મચી હતી.

આ ઘટના પહેલાં, માત્ર બે દિવસ અગાઉ ખાંભાના તાતણીયા ગામમાં પણ એક સિંહણ રહેણાંક વિસ્તાર સુધી પહોંચી હતી. વન વિભાગની ટીમે સિંહણને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી, પરંતુ આ ઘટનાએ સ્થાનિક રહીશોમાં ભયનો માહોલ સર્જ્યો હતો.



અમરેલી જિલ્લામાં સિંહોનો વસવાટ ક્રમશઃ વધી રહ્યો છે. જંગલ-રેવન્યુ વિસ્તારની બહાર સિંહોની વધતી અવરજવર ચિંતાનો વિષય બની છે. સિંહો હવે માનવ વસાહતોમાં વારંવાર પ્રવેશી રહ્યા છે, જે આગામી સમયમાં મોટી સમસ્યા બની શકે છે. સ્થાનિક તંત્ર અને વન વિભાગ માટે આ એક મોટો પડકાર બની રહ્યો છે, જેના કારણે માનવ-વન્યજીવ સંઘર્ષની સ્થિતિ ઊભી થવાની શક્યતા વધી રહી છે.

# વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખની મતદારોને ધમકી...

## 'ભાજપના ઉમેદવારને જિતાડશો તો મકાન તૂટવા નહીં દઉં, દગો કર્યો તો કોઈનું રાખવા નહીં દઉં'

(એજન્સી) વડોદરા | 10

વડોદરા જિલ્લાની કરજણ નગરપાલિકા સહિતની રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ 16 ફેબ્રુઆરીએ યોજાવાની છે. ત્યારે ભાજપ સહિતના રાજકીય પક્ષો પુરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. કરજણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે વોર્ડ નંબર 7માં પ્રચાર દરમિયાન વડોદરા જિલ્લા ભાજપ પ્રમુખ સતીષ પટેલે સભા સ્થળે સ્ટેજ પરથી જ મતદારોને ધમકી આપતા હોવાનો વીડિયો વાઈરલ થતા ચકચાર મચી છે. સતીષ પટેલે કહ્યું હતું કે, ભાજપના ચારેય ઉમેદવારોને જિતાડશો તો એકેય મકાન તૂટવા નહીં દઉં, જો દગો કર્યો તો એકેયના રાખવા પણ નહીં દઉં. તો બીજી તરફ કરજણ બેઠકના પ્રભારી અને



વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડો. વિજય પટેલે કહ્યું હતું કે, કરજણની મહંમદ નગરીને "રામ નગરી" બનાવીશું. ભાજપ પ્રમુખ સતીશ પટેલ ( નિશાળિયા ) એ સભાને સંબોધતા જણાવ્યું હતું કે, વોર્ડ નંબર 7ના ભાજપના ઉમેદવારોને મત નહિ આપો અને દગો કર્યો તો મકાનો તોડી પાડીશું. અને જો ભાજપને મત આપશો તો મકાનો બચી જશે. તેવી મતદારોને ધમકી આપતાં તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મહંમદ યુસુફ સિંધી "મહંમદ નગર"ના 512 મકાનોમાંથી 100 મકાનોનું ભાડૂ ઉઘરાવી રહ્યો હોવાનો પણ આક્ષેપ કર્યો હતો.

વધુમાં સતીષ પટેલે કહ્યં હતું કે, મહંમદ યુસુફ સિંધી વિસ્તારમાં પોતાને આકા સમજી રહ્યો છે. અને ગરીબો ઉપર દાદાગીરી કરી રહ્યો છે. તે કહે છે કે ચૂંટણી જીત્યા પછી અમે ભાજપમાં જવાના છે. પરંતુ ભાજપ તેમને ક્યારેય પાછા લેશે નહીં., બ્રિજ નીચેની ગેરકાયદે જગ્યા પચાવી પાડી હતી. જે પરત લઈ લીધી છે. રૂપિયા 1.86 લાખની વીજચોરીનું બિલ આપવામાં આવ્યું છે. ભાજપના નામે ગરીબોને લૂંટવાનું તેણે કામ કર્યું છે. પરંતુ, હવે આ રાવણરૂપી મહંમદને ઘરભેગો કરવાનો સમય આવી ગયો છે. ચૂંટણીમાં મતદારો તમે તેને ઘરભેગો કરો પછી અમે રાવણરૂપી મહંમદનો વધ કરીશું. ડર્યા વગર ભાજપને મત આપો, ભાજપ તમારી સાથે છે. રવિવારે યોજાયેલી આ જાહેર સભામાં કરજણ નગર પાલિકાની ચૂંટણીના પ્રભારી અને વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડો. વિજય શાહે જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે, મહંમદ યુસુફ સિંધીએ એક લાખ, દોઢ લાખ અને બે લાખમાં સરકારી પ્લોટો વેચીને મહંમદ નગરી ઊભી કરી છે. પરંતુ આવનાર સમયમાં મહંમદ નગરીને "રામ નગરી" બનાવવાનું કામ ચૂંટાઈને આવનાર વોર્ડ નંબર 7ના ઉમેદવારો કરશે.

# MLA દર્શિતા શાહના વિસ્તારમાં દારૂડિયાઓનો ત્રાસ: મહિલાઓએ કહ્યું- 'અમારી માટે બહાર નીકળવું મુશ્કેલ



રાજકોટ | ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ ઉપર હોય તેમ વારંવાર દારૂ પીનારા અને વેચનારા મોટી સંખ્યામાં ઝડપાતા હોય તેવી ઘટનાઓ રોજિંદી બની ચૂકી છે. ત્યારે હવે રહેણાક સોસાયટીમાં દારૂડિયાઓ નશો કરીને સ્થાનિકોને હેરાન કરતા હોવાનું સામે આવ્યું છે. ધારાસભ્ય દર્શિતા શાહના વિસ્તારમાં દારૂડિયાઓનો ત્રાસ વધ્યો છે. રંગઉપવન સોસાયટીમાં દારૂડિયાઓ ગમે ત્યાં સૂઈ જાય છે, અને ઘરમાં ઘૂસી રૂપિયાની માંગ પણ કરતા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. અમે તાત્કાલિક આ મામલે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે. આ વિસ્તારમાં રહેતાં જિજ્ઞાબેન ખેતાણીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં ઘણા સમયથી એક જ મુશ્કેલી છે કે, દારૂડિયાઓ દારૂ પીને સોસાયટીનાં મેઈન રોડ કે શેરી સહિતનાં સ્થળે ગમે ત્યાં સૂઈ જાય છે. તેઓ અર્ધનગ્ન હાલતમાં હોવાથી ઉઠાડતા પણ અમને શરમ આવે તેવું હોય છે. આ સ્થિતિમાં પણ અમે જો તેને ઊભા કરવાનો પ્રયાસ કરીએ તો જેમફાવે તેમ ગાળો બોલે છે. ગતવર્ષે દારૂડિયાઓ દરવાજો ખખડાવી દારૂ પીવા માટે રૂપિયા માંગતા હોવાનો વીડિયો શેર કર્યો હતો. જેના કારણે પોલીસ પેટ્રોલિંગ વધારવામાં આવ્યું હતું. અને સમસ્યા હળવી થઈ હતી. જોકે ફરી પોલીસ પેટ્રોલિંગ ઘટાડવામાં આવતા એ જ પરિસ્થિતિ થઈ રહી છે. જેને કારણે સાંજ પછી મહિલાઓનું બહાર નીકળવું મુશ્કેલ બને છે. સ્થાનિક કોર્પોરેટરો અને ધારાસભ્ય સોસાયટીનાં બધાં ફંક્શનમાં આવે છે. તેમને પણ ઘણીવાર રજૂઆત કરવામાં આવી છે. પણ એમનાથી કાંઈ થતું નથી. જયંતીભાઈ ગોહેલ નામના સ્થાનિકે જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં સાંજનાં સમયે દારૂડિયાઓ આંટાફેરા કરતા હોય છે. શેરી નંબર 3માં હિન્દીભાષી લોકોનો પણ ત્રાસ વધી રહ્યો છે. જેના કારણે અમારી બહેન દીકરીઓ નીકળે ત્યારે તકલીફ પડે છે. દારૂડિયાઓને ચાલવાની પણ ભાન હોતી નથી. જ્યાં ત્યાં પડી જાય છે અને તેઓ પડ્યા હોય તો તેને કાંઈ કહેવાતું પણ નથી. અનેકવાર આ અંગે રજૂઆતો કરવામાં આવી ચૂકી છે. સ્થાનિક પોલીસ આવી હતી અને પેટ્રોલિંગ શરૂ કર્યું હતું. બાદમાં થોડો સમય પરિસ્થિતિ સામાન્ય બની હતી. જોકે હાલ ફરીથી પેટ્રોલિંગ ઘટતા એ જ મુશ્કેલી શરૂ થઈ ગઈ છે.

# સેવાતીર્થનું સંગમસ્થાન: સંતરામ ભૂમિ નડિયાદ

તખુભાઈ । સાંડસુર



મધ્ય ગુજરાતનું કેન્દ્રબિંદુ એટલે ખેડા જિલ્લાનું મુખ્ય મથક નડિયાદ.પણ તેને યાદ કરતાં સંત શ્રી સંતરામજીની યાદ આવી જાય. સાંપ્રત 200 વર્ષના ઈતિહાસ તરફ નજરના ટેરવાઓને સ્થિર કરીએ તો સંતરામજી મહારાજની સાધના અને તપ કેવા હશે તેનો ઝણઝણાટીભર્યો અંદાજ જરૂર આવી શકે.આજે પણ આ ચેતનાનો ભરોસો સૌના વિશ્વાસને જીવનના હલેસાથી આગળ વધવા સંકેત કરે છે અને જીવાદોરી બનીને તે ગતિમાન થતો રહ્યો છે.સંતરામજી મહારાજ કોઈ સાત્વિક કેન્દ્રબિંદુ સુધી પહોંચવાનો માર્ગ પ્રશસ્ત કરવા જરૂર તપ કર્યું હશે.પરંતુ તેના અર્કમાં તેમને જીવનને વેદ, ઉપનિષદ,પુરાણ અને ભારતીય તત્વજ્ઞાનનો આધાર લઈને માનવસેવાની વાતને આગળની હરોળમાં ગોઠવી હશે. તેથી આજે પણ આ સેવા તીર્થ માનવની અનુકંપાને ઝીલવા અને તેની પીડાના આક્રંદ પર શીતળતાનો અમીલેપ છાંટવા તત પ્રતિભદ્ધ રહે છે. નડિયાદ જવાનું મારે ઘણી વખત થયું.સને 2015 થી 2019 ની વચ્ચે સતત જ્યાં ચરણ રુકે ત્યાં કાશી તે ઉકતિ મુજબ તીર્થસ્થાનો હોય કે તપસ્થાનો હંમેશા દર્શન-વંદનનો લહાવો મળતો રહ્યો. પણ અહીં નડિયાદમાં આવ્યાં કે અનેક વખત પસાર થયા તો પણ સંતરામજીની આ ભૂમિએ પદ ચરણ પાસે શીશ નમાવવાનો અવસર પ્રદાન ન થયો. રામચરિત માનસ કહે છે ‘સંત મિલન સુખ જગ નાહી‘ મુજબ કોઈ સ્થાનો એવાં હોય કે જ્યાં કોઈ સંતના ચરણોની પ્રેરણા ત્યાં ખેંચીને લઈ આવે છે. બસ આ મુજબ જ પુ. મોરારિબાપુના શ્રી મુખેથી રામકથા ગાનનો એક ઉત્સવ મહારાજશ્રી ના આંગણે ઉજવાઈ રહ્યો હતો.તે હેતુથી અહીં આ ભૂમિની ધુળને સ્પર્શ કરાવવાનો મોકો ઝડપ્યો અને હું આવી પહોંચ્યો નડિયાદની એક તપોભૂમિમાં. સંવત 1972માં સંતરામજી મહારાજ ગિરનારની પરિક્રમા અને ભ્રમણ કરીને મધ્ય ગુજરાત પર પોતાના ચરણોને પાવન કરે છે. જાણે કે આ ધરા તેમને સાદ પાડી રહી છે. ક્યાંક જઈએને ત્યાં શાંતિનો કે પછી ચેતનાનો અનુભવ થાય તો ત્યાં પદચરણને સ્થિર કરવા શુભત્વનો સંકેત હોય છે.આવું અનેક કથાઓમાં એ પણ સાંભળ્યું છે કે કોઈ સંતોએ જ્યારે કોઈ ભૂમિને પસંદગી આપી છે ત્યારે તેઓએ તેની આંતર ચેતનાઓથી તેને ઓળખીને તે પોતાના માટે બરાબર બંધ બેસે છે તેવો નિર્ણય કર્યો હોય.આ સેવાનો અંડિગો અહીં સતત 15 વર્ષ સુધી અત્યારે સંતરામ ડેરી છે ત્યાં ભોયરામાં રહ્યો તેથી તે સાધનાબિંદુ થયું એવું કહેવાય છે.સંવત 1887ના માધ મહિનાની પૂર્ણિમાને દિવસે જીવંત સમાધિ લેવાનો નિર્ણય થયો હોય અને એ નિર્ણયના ભાગરૂપે જોગ,લોક અને પરલોકનો સહયોગ થતાં તેઓ અગમ્યમાં ઓગળી ગયાં હોય.પરંતુ તેમની એ સાધના માત્રને માત્ર માનવ સંવેદનાત્મક રહી હશે અને તેને તેના અનુયાયીઓએ તેને આગળ વધારી છે.આજે લગભગ 200 વર્ષના પડાવે પહોંચવા તાલાવેલી કરનાર આ તપસ્થલી ભલે કોઈ એવી વિશેષ સનાતની અલગ સાંપ્રદાયિક ધારા નથી બની.પણ તેમણે માનવતાના જે કામો માટેનો દાખડો કર્યો તે સૌ કોઈ માટે મસ્તક નમાવવાનું ઠેકાણું બની ગયો છે.

# ડાકણવિધીનાં નામ પર મહિલાને ડાકણ કહી બદનામ કરતા મહિલાએ કર્યો આપઘાત ,6 વિરુદ્ધ ફરિયાદ નોંધાઇ

**ડાંગ જિલ્લાનાં સુબિર તાલુકાનાં જામન્યામાળ ગામની મહિલાને ડાકણ કહી સમાજમાં બદનામ કરી આત્મહત્યા માટે મજબૂર કરનાર 6 આરોપીઓ વિરુદ્ધ સુબિર પોલીસની ટીમ દ્વારા ગુનો દાખલ કર્યો,હાલમાં આ 6 આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી..**



ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાનાં જામન્યામાળ ગામ ખાતે 6 જેટલા વ્યક્તિઓ ડાકણ વિધિ કરી રહ્યા હતા. તેમજ તેમાં તેમણે ત્રણ જેટલી મહિલાઓને ડાકણ તરીકે દર્શાવી હતી.અને ત્રણેય મહિલાઓને સમાજ તથા ગામમાં બદનામ કરી હતી. જેમાંથી એક મહિલાને માઠું લાગી આવતા આ મહિલા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. ત્યારે આત્મહત્યા બાદ આ સમગ્ર મામલો સામે આવ્યો હતો.અને આ છ વ્યક્તિઓ વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણા આપવા બદલ ફરિયાદ નોંધવામાં આવી હતી. સુબીર તાલુકાના જામન્યામાળ ગામ ખાતે રહેતા ધનજુભાઈ જાનુભાઈ વાઘમારેનાં પુત્ર રમણભાઈ ઘણા સમયથી બીમાર હોય જેથી તેમની તબિયત સારી કરવા માટે ધનજીભાઈ તથા તેમનો છોકરો પંકજ ઉર્ફે રાજુ વાઘમારે તથા સતિષભાઈ રમણભાઈ વાઘમારે એ તા. 04/02/2025નાં રોજ રાત્રીના આશરે આઠેક વાગ્યાના સુમારે કડમાળ ગામનાં ભગત ગનાભાઈ તથા તેની પત્નિ જમાબેન ગનાભાઈ તથા બીજો ભગત સોનીરાવભાઈને બોલાવી તેમના ઘરે ડાકણ વિધિ કરાવેલ હતી.અને આ ડાકણ વિધિમાં તેઓએ જામન્યામાળ ગામના તેમના વાઘમારે કુળ પરિવારના ભાઈઓ તથા બહેનોને હાજર રહેવા જણાવેલ હતુ.અને તેમા દેવલીબેન બુધ્યાભાઈ વાઘમારે પણ હાજર હતા.તે વખતે રાત્રીના સમયે ભગત ભુવાઓએ તેમજ ધનજુભાઈએ તેના ઘરના ઓટલા ઉપર આખી રાત ડાકણ વિધી કરેલ હતી.જે ડાકણ વિધીમાં દેવલીબેન તથા પાનકીબેન તથા કાળઘાબેનને ડાકણ તરીકે બહાર કાઢી તેઓને કબુલાત કરાવતા હતા કે તેઓએ જ ધનજુભાઇના છોકરા રમણને બીમાર કરેલ છે.પરંતુ દેવલીબેન તથા પાનકીબેન તેમજ કાળઘાબેને તેઓની વાત માનવાનો ઈન્કાર કરેલ હતો.તેમ છતા તેઓએ આખી રાત અલગ - અલગ વિધીઓ કરી સવાર પાડી દીધેલ હતી અને તા. 05/02/2025નાં રોજ સવારના સમયે તેઓને જામન્યામાળ ગામે આવેલ નદીના કિનારે સ્મશાન પાસે લઈ ગયેલ અને ત્યાં આગળ પણ ભગત ભુવાઓ દ્વારા અલગ અલગ વિધીઓ કરી ત્યાર પછી તેઓને ઘરે મોકલી દીધેલ હતી.ત્યાર બાદ દેવલીબેન તેના ઘરે એકલી હતી.ત્યારે અહીં (1)ધનજુભાઈ જાનુભાઈ વાઘમારે,(2) પંકજ ઉર્ફે રાજુભાઈ ધનજુભાઈ વાઘમારે, (3) સતિષભાઈ રમણભાઈ વાઘમારે (ત્રણેય રહે. જામન્યામાળ તા.સુબીર જી.ડાંગ) તથા (4) ગનાભાઇ સુર્યાભાઈ પવાર, (5)જમાબેન ગાનાભાઈ પવાર,(6) સોનીરાવ મોતીરામભાઈ પવાર (આ ત્રણેય રહે. કડમાળ તા.સુબીર જી.ડાંગ)નાઓએ એકબીજાની મદદગારી કરી દેવલીબેન તથા પાનકીબેન તેમજ કાળઘાબેનને તેમના ઘરે બોલાવી, ડાકણ વિધી કરીને ત્રણેય મહિલાઓને ડાકણ તરીકે દર્શાવી સમાજમાં બદનામ કરેલ હોય જેથી આ બાબત દેવલીબેનને ખોટુ લાગી જતા અને સમાજમાં બદનામ થવાના ડરથી તેમના ઘરના અંદરના રૂમમાં લાકડાની પાટલી સાથે નાયલોનના દોરડા વડે ગળે ફાસો ખાઈ મરણ ગયેલ હોય અને આત્મહત્યા કરવા માટે મજબૂર બન્યા હોય તેવા આક્ષેપ સાથે દેવલીબેનના પુત્રએ સુબીર પોલીસ મથકે આ 6 વ્યક્તિઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.આ બનાવને પગલે સુબીર પોલીસ મથકનાં પી.આઈ.ડી.કે.ચૌધરીએ દુષ્પ્રેરણા બદલ આ છ વ્યક્તિઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધી છે.તેમજ આ 6 વ્યક્તિઓની અટકાયત કરીને સુબીર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે..

## ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા અકસ્માત

# કપડવંજના આંતરસુબાના વળાંક પર ઓવરલોડ ડમ્પર નાળામાં ખાબક્યું

(એજન્સી) કપડવંજ । તા.10



કપડવંજના આંતરસુબાના વળાંક ઉપર પૂરઝડપે ડમ્પરના ચાલકે કાબૂ ગુમાવતા ઓવરલોડ કપચી ભરેલું ડમ્પર ઊંડા નાળામાં ખાબક્યું હતું. ડમ્પરની હડફેટે બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જો કે, આ ઘટનામાં સદનસીબે ડમ્પર ચાલકને સામાન્ય ઈજા સાથે જાનહાનિ ટળી હતી. કપડવંજ તાલુકામાં આંતરસુબાના અજમવાત કોટથી અમદાવાદ અને ઉત્કંઠેશ્વર મહાદેવ તરફ રાત- દિવસ સતત કપચી- રેતી ભરેલા ઓવરલોડ ડમ્પરો સતત પૂરઝડપે દોડતા જ રહે છે. ત્યારે રવિવારે કપચી ભરેલું ઓવરલોડ ડમ્પર પૂરઝડપે પસાર થતું હતું. ત્યારે ડમ્પરના ચાલકે સ્ટેરિંગ પરનો કાબૂ ગુમાવતા આંતરસુબાના વળાંક ઉપર ઊંડા નાળામાં ખાબક્યું હતું. ઘટનાના પગલે સ્થાનિક રહીશોના ટોળા સ્થળ ઉપર ઉમટયા હતા. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આંતરસુબા ગામના યુવકની બાઈક પર ડમ્પર ખાબકતા બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જો કે, સ્થળ પર કોઈ વ્યક્તિ હાજર ન હોવાથી જાનહાનિની ઘટના ટળી હતી. ત્યારે ડમ્પર ચાલકને સામાન્ય ઈજાઓ થતા તેનો આબાદ બચાવ થયો હતો. ખનીજ ભરેલા ઓવરલોડ ડમ્પરો વિરૂદ્ધ તેમજ રેતી લીઝધારકો ઉપર સ્થાનિક પોલીસ, આરતીઓ કે ખાણ- ખનીજ વિભાગ દ્વારા કડક કાર્યવાહી કરાય તો અકસ્માતોની ઘટના ટાળી શકાય તેવી સ્થાનિકો, વાહન ચાલકો અને રાહદારીઓની માંગણી ઉઠી છે.

# છોટાઉદેપુર નગરપાલિકા ચૂંટણીના મતદાન મથકની મુલાકાત લેતા જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ગાર્ગી જૈન





કમલેશ પટેલ. । સંખેડા

સ્થાનિક સ્વરાજની ચૂંટણી ૨૦૨૫, સમગ્ર રાજ્યમાં ૬૬ નગરપાલિકાના ૪૬૧ વોર્ડની ૧૮૪૪ બેઠકો પર ૧૬મી ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ મતદાન થનાર છે.સ્થાનિક સ્વરાજની ચૂંટણી-૨૦૨૫માં છોટાઉદેપુર નગરપાલિકાના ૭ વોર્ડની ૨૮ બેઠકો ૯૯ ઉમેદવારોએ ઉમેદવારી નોધાવી. છોટાઉદેપુર નગરપાલિકા દ્વારા મતદાન દિનને ધ્યાનમાં રાખીની પૂરજોષમાં કામગીર કરવામાં આવી રહી છે. જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ગાર્ગી જૈનને સરકારી પોલીટેકનીક છોટાઉદેપુર ખાતેના સ્ટ્રોંગ રૂમની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત EVM મશીન વિશેની માહિતી મેળવી હતી.છોટાઉદેપુર નગરપાલિકાના મતદાન મથક મુલાકાત લઇ અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઈમ્તિયાઝ શેખ, નિવાસી અધિક કલકેટરશ્રી શૈલેષ ગોકલાણી, પ્રાંત અધિકારીશ્રી વિમલ બારોટ, મામલતદાર છોટાઉદેપુર, નગરપાલિકા ચીફ ઓફિસર સ્થાનિક સ્વરાજની ચૂંટણી સાથે જોડાયેલા અધિકારીશ્રી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છના પ્રાધ્યાપિકા પશ્ચિમક્ષેત્રની શોધલેખન સ્પર્ધામાં ઝળક્યા



મહેશ એલ.સોની નખત્રાણા

**શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ -ગુજરાત પ્રાંતના જ્ઞાનકુંભ કર્ણાવતી અંતર્ગત પશ્ચિમ ક્ષેત્રની શોધપત્ર લેખન સ્પર્ધા યોજાયેલ, જે સ્પર્ધા પશ્ચિમ ક્ષેત્રોના રાજ્ય એવા ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને ગોવા પૂરતી સીમિત હતી. જેમાં શ્રીમતી વી.ડી. ઠક્કર બી.એડ્. કોલેજ ગાંધીધામના મહિલા અધ્યાપક મૂળ એવા રવાપર ગામના ધારા રવજીભાઈ બારમેડાએ પશ્ચિમક્ષેત્રની શોધપત્ર લેખન સ્પર્ધામાં તૃતીય નંબર મેળવી પશ્ચિમ ક્ષેત્રમાં કચ્છ યુનિવર્સિટી અને ગુજરાતનું નામ મોખરે કરેલ છે અને આ સિદ્ધિ બદલ તેઓને પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કારથી પુરસ્કૃત કરવામાં આવશે.**

## અગામી દિવસોમાં આવતી ધોરણ ૧૦, અને ૧૨, ની પરીક્ષા માટે

# વિધાર્થીઓને પ્રોત્સાહન માટે રાજુલાની ટી.જે.બી.એસ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે હમ હોંગે કામયાબ કાર્યક્રમનું આયોજન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ધોરણ ૧૦, અને ૧૨, ની વિધાર્થીઓ ખુબજ ચિંતા માં તેમજ ટેન્શનમાં રહેતા હોય ત્યારે ભાર વગરના ભણતરમાં વિધાર્થીઓ પરીક્ષા સમયે ડર તેમજ ગભરાટમાં પોતાની માનસિક સ્થિતિ ગુમાવી ના બેસે તે અને પરિક્ષા સમયે પોતાની ક્ષમતા મુજબ પરિણામ લાવી શકતા નથી આથી આવા વિધાર્થીઓને પરિક્ષાની પૂર્વ તૈયારી માટે શું કરવું જોઈએ ? તે અંગે વિધાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે સુરક્ષા સેતુ સોસાયટી અમરેલી જીલ્લા અંતર્ગત હમ હોંગે કામયાબ



કાર્યક્રમનું આયોજન રાજુલાની ટી. જે.બી. એસ. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે રાખવામાં આવેલ જેમાં રાજુલા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર શ્રી વી.એમ. કોલાદરા તથા જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.આર. ભાસ્કન ની હાજરીમાં આયોજન આ આયોજન કરવામાં આવેલ આ કાર્યક્રમમાં મોટીવેશન સ્પીકર તરીકે અર્જુન દવે વિધાર્થીઓને ખૂબજ પ્રોત્સાહિત કરેલા સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના સમગ્ર સ્ટાફ દ્વારા સુંદર વ્યવસ્થાઓ કરવામાં આવેલી. આ કાર્યક્રમ રંગે ચંગે પૂર્ણ થયો હતો.

## સંખેડા ગામમાં સુથાર સમાજ દ્વારા વિશ્વકર્મા જયંતિ ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



કમલેશ પટેલ । સંખેડા

આજરોજ સંખેડા ગામમાં સુથાર સમાજ દ્વારા વિશ્વકર્મા મંદિરે વિશ્વકર્મા જયંતિ ની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી જેમાં સવારે કેસર આરતી તેમજ 10:30 કલાકે સુથાર ફળિયાથી લઈ સંખેડા ચોકડી સુધી વિશ્વકર્માની ડીજે સાથે શોભાયાત્રા કાઢવામાં આવી હતી ત્યારબાદ બપોરે ત્રણ કલાકે છપ્પણ ભોગ ના દર્શન તેમજ સમાજ દ્વારા સુવર્ણ સિંહાસન અને સુવર્ણ તિલક અર્પણ કરાયા હતા. ત્યારબાદ સાંજે પાંચ કલાકે મહા પ્રસાદી નું આયોજન કરવામાં આવ્યું હતું અને રાત્રે ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

## મારી લડતનો હું છું સરદાર

# કરમસદ બચાવો’ના નારા સાથે કરમસદમાં ધરણાં- પ્રદર્શન યોજાયા

(એજન્સી) આણંદ । તા.10



કરમસદને અલગ દરજ્જો આપવાની માંગ સાથે કરમસદ ખાતે આજે સવારથી સાંજ સુધી ધરણાં-પ્રદર્શનમાં મોટી સંખ્યાંમાં મહાનુભાવો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સરકારે અહમ રાખ્યા વિના કરમસદને અલગ દરજ્જો આપવો જોઈએ તેવું ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું. ભગવાન રામને અયોધ્યાથી દૂર ન કરી શકાય તે રીતે મહાપુરૂષોના વતનની ઓળખ, સંસ્કૃતિને મિટાવી શકાય નહીં. તેમ કહી સરદાર સન્માન સંકલ્પ સમિતિએ અલગ અસ્તિત્વની માંગણી કરી છે. કરમસદને અલગ તાલુકો જાહેર કરવા અથવા આણંદ મહાનગરપાલિકાનું નામ કરમસદ મનપા કરવાની માંગણી સાથે કરમસદ ખાતે ધરણાં- પ્રદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કરમસદ બચાવો, સંપૂર્ણ સ્વરાજ, મારો લડતનો હું છું સરદારના બુલંદ નારા સાથે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી ધરણા- દર્શનની શરૂઆત કરાઈ છે. આ ધારણા પ્રદર્શનમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, હું પેહલેથી જ મહાનગરપાલિકાનો વિરોધી છું. ૧૦ લાખ કરતાં વધારે વસ્તી હોય તો જ મહાનગરપાલિકા બનાવવી જોઈએ. સાથે સત્તા હોય કે કોઈ હક્ક બધું છેવાડાના લોકો સુધી પોહચવું જોઈએ.

# આજરોજ બોડેલી ખોડીયાર માતાના મંદિરે પેવર બ્લોકના કામનું ખાતમુર્હુત કરવામાં આવ્યું




**બોડેલી ખાતે માં ખોડીયાર માતાજી ના મંદિરે જિલ્લા પંચાયત મલકાબેન પટેલ તેમજ ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી ના વરદ હસ્તે પેવર બ્લોકના કામનુ ખાતમુર્હુત કરવામાં આવ્યું હતું જેમાં માઇ ભક્તોમાં ખુશીની લહેર જોવા મળી હતી.**

# HCG આસ્થા કેન્સર સેન્ટર અમદાવાદ દ્વારા ઓમ 10.0 મેડિકલ કોન્ફરન્સ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી, જે ઓન્કો-રિકન્સ્ટ્રક્શન સર્જરીના ભવિષ્યને આગળ ધપાવશે



અમદાવાદ : એચસીજી આસ્થા કેન્સર સેન્ટર અમદાવાદે ઓમ 10.0નું સફળતાપૂર્વક આયોજન કર્યું હતું, જે ઓન્કો-રિકન્સ્ટ્રક્શન સર્જરીને સમર્પિત એક મેડિકલ કોન્ફરન્સ છે, જેમાં સમગ્ર દેશમાંથી આ ક્ષેત્રના કેટલાક પ્રતિષ્ઠિત નિષ્ણાતો એકત્રિત થયા હતા. આ કાર્યક્રમ જ્ઞાનના આદાનપ્રદાન માટે એક ગતિશીલ પ્લેટફોર્મ તરીકે કાર્ય કરે છે, જેમાં અભૂતપૂર્વ ઈનોવેશન, જટિલ માઈક્રોવાસ્ક્યુલર પ્રક્રિયાઓ અને કેન્સર પછીના પુનર્વસનમાં રીકન્સ્ટ્રક્ટિવ સર્જરીની પરિવર્તનશીલ ભૂમિકા પર ચર્ચાઓ કરવામાં આવી. આખા દેશમાંથી 150 થી વધુ ઓન્કોલોજિસ્ટ, પ્લાસ્ટિક સર્જન અને વિદ્યાર્થીઓની હાજરી સાથે આ કોન્ફરન્સમાં દર્દીની સારવારને આગળ વધારવા પર સાર્થક વાતચીતને પ્રોત્સાહન મળ્યું. કેન્સરના દર્દીઓને સર્જરી પછી સામાન્ય સ્થિતિમાં પાછા આવવામાં મદદ કરવામાં ઓન્કો-રિકન્સ્ટ્રક્શન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જે તેને કેન્સર કેરના સૌથી લાભદાયી પાસાઓમાંનું એક બનાવે છે. ભારતમાં પ્લાસ્ટિક અને રિકન્સ્ટ્રક્ટિવ સર્જરીના પ્રણેતા ડૉ. પ્રભા યાદવને આસ્થા ઓરેશનથી સન્માનિત કરવામાં આવ્યા હતા, જ્યાં તેમણે આ ક્ષેત્રના ભવિષ્યને આકાર આપતી નવીનતમ પ્રગતિઓ વિશે અમૂલ્ય માહિતી આપી હતી. રૂપ અને કાર્ય બંનેને પુનઃસ્થાપિત કરવા પર વિશેષ ધ્યાન આપતા ઓમ 10.0 મેડિકલ કોન્ફરન્સમાં માસ્ટર વિડીયો સેશન, કેસ સ્ટડીઝ અને ઈન્ટરેક્ટિવ પેનલ ચર્ચાઓના માધ્યમથી રોબોટિક-આસિસ્ટેડ રિકન્સ્ટ્રકશન , AI-સંચાલિત સર્જિકલ પ્લાનિંગ અને વ્યક્તિગત દર્દી સંભાળ માટે 3D પ્રિન્ટીંગમાં પ્રગતિ પર પ્રકાશ પાડવામાં આવ્યો. આ ઈવેન્ટે આધુનિક ઓન્કો-રિકન્સ્ટ્રક્ટિવ સર્જરીમાં બહુ-શાખાકીય અભિગમના મહત્વને મજબૂત કર્યો. ઓમ 10.0 ના ઓર્ગેનાઈઝિંગ ચેરમેન ડૉ. દુષ્યંત માંડલિકે સર્જિકલ તકનીકોમાં નવીનતાની પરિવર્તનશીલ શક્તિ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, ‘ઓન્કો-પુનઃનિર્માણ ફક્ત સ્વરૂપને પુનઃસ્થાપિત કરવા વિશે નથી - તે આત્મવિશ્વાસને ફરીથી બનાવવા અને કેન્સર પછી દર્દીઓને તેમના જીવનને ફરીથી પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે છે. અમારું લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું છે કે દરેક દર્દીની પાસે એવી તકનીકો સુધીની પહોંચ હોય જે કાર્યક્ષમતા અને સૌંદર્ય બંનેને પ્રાથમિકતા આપે છે.‘ઓમ 10.0 ના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડૉ. ધનુષ્ય ગોહિલે, આ ક્ષેત્રને આગળ વધારવામાં સહયોગ અને ટેકનોલોજીની ભૂમિકા પર પ્રકાશ પાડતા કહ્યું કે, ‘માઈક્રોવાસ્ક્યુલર ચોકસાઈથી લઈને AI-સંચાલિત આયોજન અને 3D પ્રિન્ટિંગ સુધી, અત્યાધુનિક ટેકનોલોજી ઓન્કો-પુનઃનિર્માણમાં ક્રાંતિ લાવી રહી છે.

# ચાણસ્મા શહેર ભાજપ ઉપપ્રમુખ સામે ભાજપ દ્વારા શિસ્ત ભંગ નાં પગલાં લેવાયા


નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા શહેર ભાજપનાં ઉપપ્રમુખ પશાભાઈ પટેલ નગર પાલિકાની ચૂંટણી માં વૉર્ડ નંબર 5 માં ભાજપ નાં ઉમેદવાર સામે અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી કરતા જિલ્લા ભાજપ પ્રમુખ દશરથજી ઠાકોર દ્વારા ભાજપ માં થી શિસ્ત ભંગ ની કાર્યવાહી નાં ભાગ રૂપે સસ્પેન્ડ કરાયા હોવાનું જણાવ્યું હતું.

# આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરૅપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે.



**વૃષભ (બ,વ,ઉ)**
ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં.



**મિથુન (ક,છ,ઘ)**
સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.



**કર્ક (ડ,હ)**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે.



**સિંહ (મ,ટ)**
ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો. રોમાન્સ રોમાંચક હશે.



**કન્યા (પ,ઠ,ણ)**
તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.



**તુલા (ર,ત)**
સુસુપ્ત પડી રહેલી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે.




**વૃશ્ચિક (ન,ય)**
તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે.



**ધન (ભ,ધ,ફ)**
અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશો બાળકો કેટલાકજબરજસ્ત સમાચાર લાવી શકે છે. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. કાનું ટૅન્શાને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે.



**મકર (ખ,જ)**
તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાકીય દ્દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.



**કુંભ (ગ,શ,સ)**
તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે.

# ઈમર્જન્સી ફંડ તરીકે ઉપયોગમાં ન લેશો, સારું રિર્ટન જોઈતું હોય તો આ 5 ભૂલ ક્યારેય ન કરશો

(એજન્સી) નવી દિલ્હી તા 10

મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરવા માટે સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન એટલે કે SIP એક લોકપ્રિય સાધન છે. ડિસેમ્બર 2024ના ડેટા અનુસાર મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગને SIP દ્વારા 26,459 કરોડ રૂપિયાનું રેકોર્ડ રોકાણ મળ્યું. પરંતુ તે જ મહિનામાં રૂ. 80,509 કરોડ (કુલ ઈક્વિટી રોકાણના લગભગ ૪૨%) નું રિડેમ્પશન પણ જોવા મળ્યું.

એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ (એમ્ફી) ના જૂન 2024 ના ડેટા અનુસાર, ફક્ત 54.7% ઈક્વિટી રોકાણકારો બે વર્ષથી વધુ સમય માટે રોકાણ કરે છે. આનો અર્થ એ થયો કે બે વર્ષમાં 45% થી વધુ ઈક્વિટી રોકાણો પાછા ખેંચી લેવામાં આવે છે. ઈક્વિટી એ લાંબા ગાળાની રોકાણ સંપત્તિ છે તે એક જાણીતો નિયમ છે. એવું શું છે કે જે રોકાણકારો ખૂબ જ ઉત્સાહ અને લાંબા ગાળાના રોકાણની માનસિકતા સાથે SIP શરૂ કરે છે, તેમને 5-7 વર્ષ સુધી પણ રોકાણ જાળવી રાખવા માટે સંઘર્ષ કરવો પડે છે. આ પાછળનું કારણ વ્યક્તિગત નાણાકીય વ્યવસ્થાપનનો અભાવ અને રોકાણો પાસેથી અવાસ્તવિક અપેક્ષાઓ છે. તેથી, જો તમે SIP કરવા જઈ રહ્યા છો.

### ૧. ઊંચા વળતરની અવાસ્તવિક અપેક્ષાઓ ન રાખો

ઘણા રોકાણકારોને લાગે છે કે મ્યુચ્યુઅલ ફંડમાં તેમનું રોકાણ ખૂબ જ ટૂંક સમયમાં બમણું થઈ જશે. જો આવું ન થાય, તો તેઓ SIP બંધ કરે છે અને સીધા શેરમાં રોકાણ કરે છે અથવા ફ્યુચર્સ અને ઓપ્શન્સ જેવી પદ્ધતિઓનો આશરો લે છે. અધીરાઈ અને લોભને કારણે, SIP માંથી મળતું ચક્રવૃદ્ધિ વળતર બગડે છે.

### 2. બજાર નીચે હોય ત્યારે રિડીમ કરશો નહીં

બજારમાં ઘટાડાથી ઘણા રોકાણકારો ડરી જાય છે અને SIP બંધ કરી દે છે અને પૈસા ઉપાડી લે છે. બજારમાં મંદી દરમિયાન વધુ યુનિટ્સ ઉપલબ્ધ હોય છે અને પછીથી જ્યારે બજારમાં તેજી આવે છે, ત્યારે આ યુનિટ્સ વધુ વળતર આપે છે. તેથી ઘટાડા દરમિયાન SIP બંધ ન કરવી જોઈએ.

### 3. ઈમરજન્સી ફંડ જાળવો

બીમારી, નોકરી ગુમાવવી કે અન્ય કટોકટીના કિસ્સામાં લોકો ઘણીવાર SIP બંધ કરી દે છે. આવી કટોકટી અને અણધાર્યા ખર્ચાઓ માટે હંમેશા એક કટોકટી ભંડોળ રાખવું જોઈએ. વારંવાર SIP બંધ કરવાથી લાંબા ગાળાના રોકાણ લક્ષ્યો અવરોધાય છે.

### ૪. અલગ અલગ ટાર્ગેટ માટે અલગ SIP બનાવો

**ઈક્વિટી એ લાંબા ગાળાની રોકાણ સંપત્તિ છે તે એક જાણીતો નિયમ છે.**




ટાર્ગેટ વિના રોકાણ કરવાથી ઘણીવાર રેન્ડમ જરૂરિયાતો માટે ભંડોળ ઉપાડી લેવામાં આવે છે. આનાથી બચવા માટે, અલગ અલગ ધ્યેયો માટે અલગ અલગ SIP રાખો. ઉદાહરણ તરીકે, ઘર કે કાર ખરીદવા જેવી મોટી ખરીદી માટે અલગ SIP બનાવો. બાળકોના શિક્ષણ, લગ્ન વગેરે અને અન્ય ટૂંકા ગાળાના ધ્યેયો માટે એક અલગ SIP બનાવો.

### ૫. અનિયંત્રિત ઉધાર લેવાનું ટાળો

બિનજરૂરી ખર્ચ માટે ઉધાર લેવાની આદત વ્યક્તિના નાણાકીય શિસ્તને બગાડી શકે છે. વ્યક્તિએ લોન લેવાનું અને ખાવા, મુસાફરી કરવા અથવા મોંઘી ખરીદી કરવા પાછળ પૈસા ખર્ચવાનું ટાળવું જોઈએ. આવી લોન ચૂકવવા માટે, લોકો પહેલા SIP બંધ કરે છે.

### SIP માટે 10-7-1 નિયમનું પાલન કરો

૧૦% ઘટાડા માટે તૈયાર રહો

તમારા રોકાણમાં દર વર્ષે 10% ઘટાડો થશે એમ ધારીને રોકાણ કરો. છેલ્લા 23 વર્ષોમાંથી 20 વર્ષમાં બજારમાં ઓછામાં ઓછો 10% ઘટાડો થયો છે. આ અસ્થિરતા દરમિયાન વ્યક્તિએ પોતાના રોકાણને જાળવી રાખવા સક્ષમ હોવું જોઈએ.

રોકાણ માટે 7 વર્ષનો સમય અવશ્ય આપો

SIP ને 7 વર્ષથી વધુ સમય આપો. 7 વર્ષ સુધી રાખેલા રોકાણોએ હંમેશા સકારાત્મક વળતર આપ્યું છે. લાંબા ગાળાના રોકાણોમાં તમને ચક્રવૃદ્ધિની વાસ્તવિક શક્તિ જોવા મળશે.

દર વર્ષે તમારા રોકાણમાં વધારો કરો

દર વર્ષે SIP ની રકમ વધારો. જો તમે 10 વર્ષ માટે માસિક 25,000 જમા કરાવો છો, તો તમને 12% ના અંદાજિત વળતર સાથે 58 લાખ મળશે. જો તમે દર વર્ષે તમારા રોકાણમાં 10% વધારો કરો છો, તો તમે 84 લાખ રૂપિયાનું ફંડ બનાવશો.એસોસિએશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ (એમ્ફી) ના જૂન 2024 ના ડેટા અનુસાર, ફક્ત 54.7% ઈક્વિટી રોકાણકારો બે વર્ષથી વધુ સમય માટે રોકાણ કરે છે. આનો અર્થ એ થયો કે બે વર્ષમાં 45% થી વધુ ઈક્વિટી રોકાણો પાછા ખેંચી લેવામાં આવે છે. ઈક્વિટી એ લાંબા ગાળાની રોકાણ સંપત્તિ છે તે એક જાણીતો નિયમ છે. એવું શું છે કે જે રોકાણકારો ખૂબ જ ઉત્સાહ અને લાંબા ગાળાના રોકાણની માનસિકતા સાથે SIP શરૂ કરે છે, તેમને 5-7 વર્ષ સુધી પણ રોકાણ જાળવી રાખવા માટે સંઘર્ષ કરવો પડે છે.

## માત્ર એક વેલેન્ટાઇન ભેટ પસંદ ન કરશો – એમેઝોન બજાર પર માત્ર રૂ. ૭૭થી શરૂ થતા 'પ્યાર બઝાર' સિલેક્શનમાંથી તમારી બજેટની અંદર પોતાની પસંદની તમામ ચીજવસ્તુઓ ખરીદો

(એજન્સી) બેંગલોર, તા 10

Amazon.in પર ફેશન, હોમ ડેકોર, કિચન પ્રોડક્ટ્સ અને ફોન એક્સેસરિઝ પર ખૂબ ઓછી કિંમતો ઓફર કરતા નવા સ્ટોરફ્રન્ટની સાથે આ વેલેન્ટાઇન ડેને વધુ વિશેષ અને વધુ સસ્તો બનાવો. એક પરિપૂર્ણ રોમેન્ટિક ડેટ દરમિયાન ચળકાટ ઉમેરતી ઝગમગતી જ્વેલરીથી લઈને તમારા વિ-ડે ડેકેરોશનમાં વ્યક્તિગત સ્પર્શ ઉમેરતા આકર્ષક હોમ ડેકોર સુધીની - એમેઝોન બજારનાં વિશેષ રીતે તૈયાર કરેલા પ્યાર બઝાર સિલેક્શન પર તમારા પ્રિયજનની સાથે તમારા આદર્શ વેલેન્ટાઇન ડે ડેટ માટે તમારી પસંદગીની તમામ ચીજવસ્તુઓ મેળવો, જે માત્ર રૂ. ૭૭ની કિંમતથી શરૂ થાય છે.એમેઝોન બજારની સાથે બજેટ પ્રત્યે સભાન ખરીદદારો વિના મૂલ્યે ડિલિવરી, ડિલિવરી પર ચુકવણી અને 5 દિવસનાં મુશ્કેલી રહિત રિટર્નની અનુકૂળતા પણ માણી શકે છે. તમે યુપીઆઇ ચુકવણી પર વધારાની કેશબેક ઓફર્સ પણ પ્રાપ્ત કરી શકો છો."અમેઝોન ખાતે અમે




અમારા ગ્રાહકોને વધુ મૂલ્ય આપવા માટેની રીતો સતત શોધી રહ્યા છીએ અને એમેઝોન બજારની સાથે અમે અમારી તમામ પ્રોડક્ટ્સ પર ખૂબ ઓછી કિંમતો ઓફર કરવા માટે ઉત્સુક છીએ. અમે અમારા બજેટ પ્રત્યે સભાન ગ્રાહકો માટે વિશેષ વેલેન્ટાઇન ડેનું સિલેક્શન - પ્યાર બઝાર તૈયાર કર્યું છે. ડ્રેસ, શર્ટ્સ, જીન્સ, જ્વેલેરી, સોફ્ટ ટોય્ઝ, ફોન એક્સેસરિઝ અને ડેકોરની સાથે - દરેક ગ્રાહક માટે કંઈકને કંઈક ઓછી કિંમતે ઉપલબ્ધ છે, જે ખરેખર ભેટ આપવું પરવડી શકે એવું અને આનંદદાયક બનાવે છે," એમ એમેઝોન ઈન્ડિયાના સેન્ટ્રલ શોપિંગ એક્સપિરિઅન્સના નિર્દેશક ઝાહિદ ખાને જણાવ્યું હતું.અહીં તમારા માટે એમેઝોન બજારમાંથી તમારા માટે કેટલીક ટોચની ભલામણો છે, જે અમારી મોબાઇલ એપ અને વેબ આવૃત્તિઓ પર પહોંચક્ષમ છે. માઈક્રોફાઈબર લક્ઝરી હાર્ટ કુશનઃ તમારા સાથીને આરામદાયક અને પ્રેમાળ રાખે એવું પ્લશ કુશન. તેને રૂ. 199માં ખરીદો એ ચ સી - હે રી - ક્રિએશન-મોબાઇલ-ચિહ્નોઃ તમારા સાથીદારને આ મજેદાર ફોન કેસ રૂ. ૭૭માં ખરીદીને આપો. બોટલમાં પર્સન્લાઇઝ્ડ ફોટો અને મેસેજઃ પ્રેમનો એક વિચારશીલ સંકેત, જે બોટલમાં યાદોને કેદ કરે છે. તેને રૂ. 314માં ખરીદો કા ર્ડિ ન લ ઓક્સિડાઇઝ્ડ સિલ્વર કલર ઝુમકીઃ તમારા સાથીદારને રૂ. ૭૭માં સુંદર ઝુમકી આપો.

## ઇન્ફિબીમ એવન્યુઝની પેટા કંપની રેડિફે એનપીસીઆઇ પાસેથી રેડિફપે માટે ટીપીએપી લાઇસન્સ મેળવ્યું

(એજન્સી) ગાંધીનગર તા 10

લિસ્ટેડ ફિનટેક કંપની ઈન્ફિબીમ એવન્યુઝ લિમિટેડે જાહેર કર્યું છે કે તેની પેટા કંપની Rediff.com ઈન્ડિયા લિમિટેડને તેના ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ રેડિફપે માટે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઇ) દ્વારા થર્ડ-પાર્ટી એપ્લીકેશન પ્રોવાઇડર (ટીપીએપી) લાઇસન્સ આપવામાં આવ્યું છે. રેડિફને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઇ) તરફથી પ્રાપ્ત સત્તાવાર કમ્યુનિકેશન મૂજબ, ટીપીએપી લાઈસન્સની મંજૂરી અંગે જાણ કરવામાં આવી છે અને એક્સિસ બેંક પેમેન્ટ સિસ્ટમ પ્રોવાઈડર (પીએસપી) બેંક તરીકે કાર્ય કરશે. આ લાઇસન્સથી રેડિફપે તેના યુઝર્સને યુનિફાઇડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઇ) સેવાઓ ઓફર કરવા સક્ષમ બન્યું છે, જે કન્ઝ્યુમર-ફેસિંગ ડિજિટલ પેમેન્ટ્સ સેક્ટરમાં ઈન્ફિબીમ એવન્યુઝના વ્યૂહાત્મક પ્રવેશને ચિહ્નિત કરે છે. આ પહેલાં કંપનીએ વર્ષ 2024માં રેડિફમાં નિયંત્રણાત્મક હિસ્સો હસ્તગત કર્યા પછી ટીપીએપી લાઇસન્સ માટે અરજી કરી હતી. ઈન્ફિબીમ એવન્યુઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર વિશાલ મહેતાએ કહ્યું હતું કે, "અમને ખુશી છએ કે અમારી પેટા કંપનીએ એનપીસીઆઇ પાસેથી ટીપીએપી લાઇસન્સ પ્રાપ્ત કર્યું છે, જેનાથી અમે રેડિફપે દ્વારા યુપીઆઇ સેવાઓ પ્રદાન કરી શકીશું. આ સીમાચિહ્ન નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવું તથા સમગ્ર ભારતમાં ગ્રાહકોને સરળ ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન ઓફર કરવાના અમારા વિઝનને અનુરૂપ છે." રેડિફપેનો ઉદ્દેશ્ય રેડિફના નોંધપાત્ર વેબ ટ્રાફિક અને ઈન્ફિબીમની ફિનટેક કુશળતાનો ઉપયોગ કરીને સુરક્ષિત અને કાર્યક્ષમ ડિજિટલ ટ્રાન્ઝેક્શન માટે યુઝર-ફ્રેન્ડલી પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. કંપની તેના યુઝર્સની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ક્રેડિટ અને વેલ્થ મેનેજમેન્ટ પ્રોડક્ટસ સહિત વિવિધ નાણાકીય સેવાઓ રજૂ કરવાની યોજના ધરાવે છે. આ ડેવલપમેન્ટ ઈન્ફિબીમ એવન્યુઝની તાજેતરની સિદ્ધિઓને અનુસરે છે, જેમાં તેના મુખ્ય પેમેન્ટ ગેટવે બ્રાન્ડ સીસીએવન્યુ માટે પેમેન્ટ એગ્રીગેટર તરીકે કામ કરવા માટે ભારતીય રિઝર્વ બેંક તરફથી ફાઈનલ ઓથોરાઈઝેશન પ્રાપ્ત કરવાનો સમાવેશ થાય છે. ટીપીએપી લાઇસન્સ સાથે રેડિફપે ભારતીય ડિજિટલ પેમેન્ટ્સ લેન્ડસ્કેપમાં અગ્રણી કંપની બનીને દેશના ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં યોગદાન આપવા માટે સજ્જ છે.

## બજાજ ફિનસર્વ એએમસીએ કન્ટ્રેરિયન રોકાણ વ્યૂહરચના સાથે 'બજાજ ફિનસર્વ મલ્ટી કેપ ફંડ' લોન્ચ કર્યું




મુંબઈ/પુણે, : બજાજ ફિનસર્વ એએમસીએ બજાજ ફિનસર્વ મલ્ટી કેપ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે, જે એક ઓપન-એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે જે લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં રોકાણ કરે છે. આ ફંડ 6 ફેબ્રુઆરી, 2025 ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને 20 ફેબ્રુઆરી, 2025 ના રોજ બંધ થશે.. બજાજ ફિનસર્વ મલ્ટી કેપ ફંડ એક કન્ટ્રેરિયન વ્યૂહરચનાનો ઉપયોગ કરશે, જે લોકપ્રિય ભાવનાઓ વિરુદ્ધ જઈને બિનઉપયોગી અને ઓછા મૂલ્યવાળી તકોને ઓળખશે. આ વ્યૂહાત્મક અભિગમમાં એવી સંપત્તિઓ ખરીદવાનો સમાવેશ થઈ શકે છે જે લોકપ્રિય નથી અથવા વેચવામાં આવી શકે છે. ફંડ મેનેજરો બજારના વલણો અને ભાવનાઓને અનુસરીને આર્થિક અને વ્યવસાયિક ચક્ર, કામચલાઉ વ્યવસાયિક વિક્ષેપો, અનપેક્ષિત ધારણાઓ અને ઓછા મૂલ્યવાળા વૃદ્ધિ ચાલકો દ્વારા રજુ કરવામાં આવતી કિંમત નિર્ધારણની બિનકાર્યક્ષમતા અને રોકાણ તકોને ઓળખશે. આ ફંડ મોટી, મધ્યમ અને નાની કંપનીઓમાં રોકાણનું સંતુલિત મિશ્રણ જાળવી રાખશે, જે વૈવિધ્યસભર અને સુવ્યવસ્થિત પોર્ટફોલિયો સુનિશ્ચિત કરશે. આ શિસ્તબદ્ધ રોકાણ અભિગમ સાથે, મલ્ટિ કેપ ફંડ એવા તકોને ઓળખીને શ્રેષ્ઠ લાંબા ગાળાના વળતર પ્રાપ્ત કરવાનો લક્ષ્ય રાખશે જે અન્ય લોકો ચૂકી શકે છે. આ ફંડ એવા રોકાણકારો માટે યોગ્ય છે જેઓ લાર્જ કેપ, મિડ કેપ અને સ્મોલ કેપ સેગમેન્ટમાં વૈવિધ્યસભર રોકાણ શોધી રહ્યા છે અને અસ્થિરતાના સમયમાં સારી રોકાણ તક ઈચ્છે છે. રોકાણકારોને સલાહ આપવામાં આવે છે કે તેઓ વિપરીત તકોનો સંપૂર્ણ લાભ લેવા માટે 5 વર્ષ કે તેથી વધુ સમય માટે રોકાણ કરે. આ યોજના નિફ્ટી 500 મલ્ટિકેપ 50:25:25 ટીઆરઆઈ ઈન્ડેક્સ (ટીઆરઆઈ) સામે બેન્ચમાર્ક કરવામાં આવેલ છે. લોન્ચ પર બોલતા, બજાજ ફિનસર્વ એએમસીના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર ગણેશ મોહને જણાવ્યું હતું કે, "બજાજ ફિનસર્વ મલ્ટી કેપ ફંડ રોકાણકારોને ઓછા મૂલ્યવાળી સંપત્તિઓમાં છુપાયેલા મૂલ્યને ઉજાગર કરવાની એક અનોખી તક આપે છે. તે આકર્ષક ભાવે અને તેમના આંતરિક મૂલ્યથી ઓછી કિંમતે ઉપલબ્ધ કંપનીઓમાં રોકાણ કરીને એક કન્ટ્રેરિયન વ્યૂહરચનાને અપનાવે છે, જેનો ઉદ્દેશ્ય તમામ બજાર વિભાગોમાં વૃદ્ધિને પકડવાનો છે અને સાથે સાથે તેમના વ્યવસાય ચક્ર દરમિયાન તકોને સંપૂર્ણ રીતે સાકાર કરવાનો છે.

## મેટા સોમવારથી ખરાબ પ્રદર્શન કરનાર કર્મીઓની છટણી કરશે

(એજન્સી) વોશિંગ્ટન તા 10

માર્ક ઝુકરબર્ગના નેતૃત્વ હેઠળની મેટા આગામી સપ્તાહથી વૈશ્વિક છટણી અભિયાન શરૂ કરશે. આ પગલું મશીન લર્નિંગ એન્જિનિયરોની ઝડપી ભરતી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લેવામાં આવી રહ્યું છે. રિપોર્ટ મુજબ, આ છટણી અંગેની માહિતી કંપનીના કર્મચારીઓને માહિતી આપી હતી કે છટણી સોમવારે સવારે 5 વાગ્યે (સ્થાનિક સમય) શરૂ થશે.

જેમાં અમેરિકા સહિત મોટા ભાગના દેશોમાં જે કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરવામાં આવી રહ્યા



છે તેમને નોટિસ મળશે. જોકે, યુરોપ સ્થિત કર્મચારીઓને સ્થાનિક નિયમોને કારણે છટણી ટાળવાની તક મળશે.

આ છૂટ જર્મની, ફ્રાન્સ, ઈટાલી અને નેધરલેન્ડના કર્મચારીઓને આપવામાં આવશે, જ્યારે એશિયા, આફ્રિકા અને યુરોપના અન્ય દેશોમાં 11 ફેબ્રુઆરીથી 18 ફેબ્રુઆરી વચ્ચે છટણીની સૂચનાઓ આપવામાં આવશે. મેટાએ પહેલાથી જ પુષ્ટિ આપી હતી કે તે તેના સૌથી ખરાબ પ્રદર્શન કરનારા કર્મચારીઓમાંથી 5 ટકાને છૂટા કરશે. માર્ક ઝુકરબર્ગના નેતૃત્વ હેઠળની મેટા આગામી સપ્તાહથી વૈશ્વિક છટણી અભિયાન શરૂ કરશે. આ પગલું મશીન લર્નિંગ એન્જિનિયરોની ઝડપી ભરતી પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લેવામાં આવી રહ્યું છે.

## Advanced Sys-Tek Ltdએ સેબી સાથે ડ્રાફ્ટ આઈપીઓ પેપર્સ ફાઈલ કર્યાં

(એજન્સી) નવી દિલ્હી તા 10

Advanced Sys-Tek Ltdએ પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) દ્વારા ભંડોળ ઊભું કરવા માટે બજાર નિયામક સેબીની મંજૂરી મેળવવા પ્રારંભિક પેપર્સ ફાઈલ કર્યાં છે. આ આઈપીઓમાં રૂ. 115 કરોડના મૂલ્યનો ફ્રેશ ઈશ્યૂ તથા વર્તમાન પ્રમોટર્સ દ્વારા 15.27 લાખ શેર્સનો ઓફર ફોર સેલ (ઓએફએસ) સામેલ છે, તેમ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (ડીઆરએચપી)માં જણાવવામાં આવ્યું છે. ઓએફએસના ભાગરૂપે પ્રમોટર્સ મૂકેશ આર કાપડિયા અને ઉમેદ અમરચંદ ફિફાદ્રા 7.64 લાખ શેર સુધીનું વેચાણ કરવાની યોજના ધરાવે છે. હાલમાં પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રૂપ કંપનીમાં 82.57 ટકા હિસ્સો ધરાવે છે. ફ્રેશ ઈશ્યૂમાંથી પ્રાપ્ત ભંડોળનો ઉપયોગ મૂડી ખર્ચની જરૂરિયાતોને પૂર્ણ કરવા, લાંબાગાળાની કાર્યકારી મૂડીની જરૂરિયાતો તથા કોર્પોરેટના સામાન્ય હેતુઓ માટે કરાશે. કંપની ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશનમાં અગ્રેસર છે તથા લાર્જ-સ્કેલ મેઝરમેન્ટ, કંટ્રોલ અને ઓટોમેશન સોલ્યુશન્સમાં કુશળતા ધરાવે છે.

### , સેન્સેક્સમાં 450 પોઈન્ટનો કડાકો

## શેરબજારમાં નવા સપ્તાહની નબળી શરૂઆત

(એજન્સી) નવી દિલ્હી તા 10

શેરબજારમાં કડાકાનો દોર યથાવત્ છે. આજે સોમવારે અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે સેન્સેક્સ-નિફ્ટીની શરૂઆત નબળી રહી. એક તરફ, બોમ્બે સ્ટોક એક્સચેન્જનો 30 શેર્સવાળો સેન્સેક્સ ખુલતાની થોડી મિનિટોમાં જ લગભગ 450 પોઈન્ટ તૂટી ગયો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ 150 પોઈન્ટના ઘટાડા સાથે ટ્રેડ થતો જોવા મળ્યો. આ દરમિયાન, ટાટા સ્ટીલથી ઝોમેટો સુધીના શેર લાલ નિશાનમાં ખુલ્યા હતા.

બજેટમાં મોટી જાહેરાતો હોય કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાનો રેપો રેટ ઘટાડવાનો નિર્ણય, ભારતીય શેરબજાર પર તેની છાપ છોડવામાં આ નિર્ણય નિષ્ફળ રહ્યા છે. તેના બાદ પણ બજારમાં મોટા ઉતાર-ચઢાવ જોવા મળ્યા છે. મિશ્ર વૈશ્વિક સંકેતો વચ્ચે સપ્તાહના પહેલા દિવસે સેન્સેક્સ અને નિફ્ટી મોટા ઘટાડા સાથે ખુલ્યા. BSE સેન્સેક્સ 450 થી વધુ પોઈન્ટના કડાકા બાદ હાલમાં ઘટાડો થયો અને 77,417.36 પર ટ્રેડ થતો જોવા મળ્યો. તે જ સમયે, NSE નિફ્ટી ખુલતાની સાથે જ 150 પોઈન્ટ ઘટીને 23,417 પર પહોંચી ગયો હતો. શું ટ્રમ્પની જાહેરાતની કોઈ અસર થઈ? સોમવારે શેરબજાર માટે મિશ્ર સંકેતો હતા. એશિયન બજારોમાં, જાપાન, દક્ષિણ કોરિયા અને તાઈવાનના બજારો રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા, જ્યારે હેંગ સેંગ અને ગિફ્ટ નિફ્ટી ગ્રીન ઝોનમાં હતા. પરંતુ ટ્રમ્પ દ્વારા ટેરિફની જાહેરાતની અસર વિશ્વભરના શેરબજારો પર સ્પષ્ટપણે દેખાઈ. ઉલ્લેખનીય છે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકામાં થતી તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર 25% ડ્યુટી લાદવાની જાહેરાત કરી છે. તેમણે ગયા અઠવાડિયે કહ્યું હતું કે આ તેમની વેપાર નીતિમાં બીજું એક મોટું પગલું હશે. ટ્રમ્પે કહ્યું હતું કે હું મંગળવાર અથવા બુધવારે ટેરિફની જાહેરાત કરીશ, જે તાત્કાલિક અમલમાં આવશે.

## ચાર મહિનાનો બાળક 2400000000 રૂપિયાનો માલિક

(એજન્સી) નવી દિલ્હી તા 10

આ બાળક એક વર્ષનો છે અને ભારતમાં આની ઉંમરમાં કોઈ આટલું અમીર નથી. આનું નામ એકાગ્ર છે. તો ચાલો જાણીએ કે એકાગ્ર પાસે આટલા રૂપિયા ક્યાંથી આવ્યા અને તે પણ માત્ર એક વર્ષની ઉંમરમાં. માત્ર ચાર જ મહિનામાં ઉંમરમાં એકાગ્ર રોહન મૂર્તિ ભારતના સૌથી ઓછી ઉંમરના કરોડપતિઓમાંથી એક બનીને ચર્ચામાં આવી ગયા. જોકે તને ઉંમર એક વર્ષથી વધી ગઈ છે. હકીકતમાં એકાગ્રના દાદા-દાદી કોઈ નાના-મોટા વ્યક્તિ નથી. પરંતુ સુધા મૂર્તિ અને ઈન્ફોસિસના સંસ્થાપક નારાયણ મૂર્તિ છે. એકાગ્ર રોહનને તેના દાદા-દાદીએ ઈન્ફોસિસના 240 કરોડ રૂપિયાના શેર ટ્રાન્સફર કરી દીધા છે. આ સાથે જ એકાગ્ર દેશના સૌથી નાની ઉંમરના કરોડપતિ બની ગયા છે. એકાગ્રને તેના દાદાએ જે સંપત્તિ ટ્રાન્સફર કરી છે, તેમાંથી ઈન્ફોસિસમાં 0.04% ભાગીદારી પણ સામેલ છે. આ શેર લગભગ 1.5 મિલિયન શેરો સમાન છે. આ ગિફ્ટ બાદ, ઈન્ફોસિસમાં નારાયણ મૂર્તિની ભાગીદારી 0.40%થી થોડી ઘટીને 0.36% થઈ ગઈ છે. નારાયણ મૂર્તિએ પોતાના પરિવાર અને નિર્ણય લીધો છે. પરિવારનો ત્રીજો પૌત્ર એકાગ્ર મૂર્તિનો જન્મ નવેમ્બર 2023માં થયો હતો. એકાગ્ર પરિવારનો ત્રીજો પૌત્ર છે. તેના આવવાથી પરિવારનો વારસો વધુ મજબૂત બનશે, જે ટેકનોલોજી, પરોપકાર અને મૂલ્યોમાં તેના યોગદાન માટે જાણીતો છે. તેમના પરિવારના સૌથી નાના સભ્યને 240 કરોડ રૂપિયાના શેર ગિફ્ટ આપીને, મૂર્તિ દંપતીએ માત્ર એકાગ્રની નાણાકીય સુરક્ષા જ નહીં પરંતુ કૌટુંબિક મૂલ્યોનું ઉદાહરણ પણ આપ્યું છે. શું છે એકાગ્ર નામનો અર્થ એકાગ્ર નામનો અર્થ થયા છે, ફોકસ કે દ્રઢ સંકલ્પ. આ નામ મહાભારતના મહાન યોદ્ધા અર્જુનથી પ્રેરિત છે.

## નવી કર પદ્ધતિમાં પણ મળશે Tex છૂટ, આ 7 ખર્ચ બચાવશે તમારા રૂપિયા

(એજન્સી) નવી દિલ્હી તા 10

નવી કર પદ્ધતિમાં 75,000નું સ્ટાન્ડર્ડ ડિડક્શન, NPS અને EPF માં નિયોજક યોગદાન પર છૂટ, હાઉસિંગ લોન વ્યાજ (ભાડાની આવક સાથે એડજસ્ટ), 30% સ્ટાન્ડર્ડ ડિડક્શન (ભાડાની આવક પર) અને રજા રોકડીકરણ, ગ્રેચ્યુઈટી, સ્વૈચ્છિક નિવૃત્તિ, પ્રવાસ ભથ્થું અને દૈનિક ભથ્થા જેવી અનેક છૂટો આપવામાં આવે છે. સરકારે 2025-26ના બજેટમાં નવી કર પદ્ધતિ હેઠળ 12 લાખ સુધીની આવકને કરમુક્ત કરી છે. જો કે, આ લાભ માત્ર નવી કર પદ્ધતિ અપનાવનારાઓને મળશે. સરકારનો ઉદ્દેશ્ય વધુને વધુ લોકોને નવી કર પદ્ધતિ તરફ આકર્ષિત કરવાનો છે. જૂની કર પદ્ધતિમાં મળતી છૂટો નહીં હોવાને કારણે ઘણા લોકો નવી પદ્ધતિની ટીકા કરતા હતા. પરંતુ હકીકતમાં, નવી કર પદ્ધતિમાં પણ ઘણી છૂટ ઉપલબ્ધ છે. નવી કર પદ્ધતિ પસંદ કરનાર પગારદાર કર્મચારીઓને 75,000નું સ્ટાન્ડર્ડ ડિડક્શન મળશે. NPS: નિયોજક દ્વારા પગારના 14% સુધીના યોગદાન પર છૂટ મળશે. જો ભાડાની આવક છે, તો હાઉસિંગ લોનના વ્યાજને એડજસ્ટ કરી શકાય. જો વ્યાજ રકમ ભાડાની આવકથી વધુ છે, તો તેને અન્ય આવક (જેમ કે પગાર કે વ્યાપારી આવક) સાથે એડજસ્ટ કરી શકાશે નહીં અને ભવિષ્ય માટે પણ આગળ લઈ જવા નહીં મળે.

જો વ્યક્તિ પાસે એકથી વધુ ભાડાની મિલકત છે, તો એક મિલકત પર થયેલ નુકસાન બીજી મિલકતની આવક સામે એડજસ્ટ કરી શકાય. મ્યુનિસિપલ ટેક્સ: મિલકત માટે ચૂકવેલા મ્યુનિસિપલ ટેક્સ પર પણ છૂટ મળશે.

2. સ્વ-માલિકી મિલકત માટે

જો મિલકતનું માલિકત્વ પોતે ધરાવે છે, તો હાઉસિંગ લોનના વ્યાજ પર નવી કર પદ્ધતિ હેઠળ કોઈ છૂટ ઉપલબ્ધ નથી.

30% સ્ટાન્ડર્ડ ડિડક્શન ભાડાની આવક પર લાગુ રહેશે.

# માર્ચ મહિનામાં ફરવા માટે પ્લાન બનાવી રહ્યા છો, તો ગુજરાતના આ હિલ સ્ટેશન છે બેસ્ટ

**સાપુતારામાં લોકો માર્ચ મહિનામાં ફરવા માટે પહોંચી જાય છે. કારણ કે, અહિ વાતાવરણ ખુબ જ ઠંડુ હોય છે. તો ચાલો આજે જાણીએ કે, માર્ચ મહિનામાં ગુજરાતમાં ફરવા લાયક સ્થળો ક્યા ક્યા છે.ફેબ્રુઆરી પછી હવે માર્ચ મહિનો આવશે. માર્ચ મહિનામાં હવામાન વધુ ગરમ હોય છે અને પ્રવાસીઓ મોટી સંખ્યામાં તેમના ઘરની બહાર ફરવા માટે પ્લાન બનાવતા હોય છે. માર્ચ મહિનામાં પ્રવાસીઓ મોટે ભાગે હિલ સ્ટેશનો તરફ જાય છે અને ઠંડીનો આનંદ માણે છે. તો આજે અમે તમને ગુજરાતમાં માર્ચ મહિનામાં ફરવા લાયક સ્થળો વિશે જણાવીશું.**






આમ તો ગુજરાત કચ્છ માટે સૌથી ફેમસ છે પરંતુ વાતાવરણ અને પ્રાકુતિક સુંદરતા માટે અહિ એક એવું હિલ સ્ટેશન આવેલુ છે. જ્યાં લોકો ઉનાળામાં ફરવા માટે જાય છે.તમને જણાવી દઈએ કે, આ હિલ સ્ટેશનને ગુજરાતનું એકમાત્ર હિલ સ્ટેશન પણ કહેવામાં આવે છે, સાપુતારા ગુજરાતના લોકો માટે શિમલા કે મનાલીથી ઓછું નથી.સાપુતારા પ્રકુતિ પ્રેમીઓ માટે બેસ્ટ ડેસ્ટિનેશન છે. આ ટુરિસ્ટ પ્લેસ લોકોને ઈતિહાસ અને સંસ્કૃતિ સાથે પણ જોડી લે છે. સાપુતારા હિલ સ્ટેશનથી લગભગ 1.5 કિમી દૂર આવેલું છે અને તેને સાપુતારા સૌથી પ્રખ્યાત પિકનિક સ્થળોમાંનું એક માનવામાં આવે છે.ગિરનાર પહાડ પર હિન્દુ અને જૈન મંદિરો આવેલા છે. હિન્દુઓ માટે સૌથી મહત્વપૂર્ણ તીર્થ સ્થળોમાંથી એક માનવામાં આવે છે. હવે તો ગિરનાર પર જવા માટે રોપવેની સુવિધા પણ છે. ગિરનાર બાદ તમે ભવનાથમાં લીલાછમ જંગલમાં ઠંડીનો અહેસાસ થશે.પાવાગઢ સુરતથી માત્ર 200 કિલોમીટર દુર વડોદરાના પંચમહાલ જિલ્લામાં સ્થિત એક સુંદર હિલ સ્ટેશન છે. પાવાગઢ હિલ્સ પ્રકૃતિ પ્રેમીઓ માટે એક શ્રેષ્ઠ હિલ સ્ટેશન છે. અહિ મહાકાળી માતાનું મંદિર પણ આવેલું છે. એશિયાટીક સિંહનું નિવાસ સ્થાન એટલે ગીર અભયારણ્ય, અને તેમા પણ સાસણ ગીર અભયારણ્ય પ્રવાસીઓનુ ફેમસ સ્થળ છે. અહી વર્ષ દરમિયાન લાખો પ્રવાસીઓ ગીર અભયારણ્યની મુલાકાતે આવે છે. જો તમે હિલ સ્ટેશન નહિ પરંતુ બીચ પર જવાનો પ્લાન બનાવી રહ્યા છે. તો ઉનાળામાં તમે શિવરાજપુર બીચ, સોમનાથ બીચ, દ્વારકા પણ જવાનો પ્લાન બનાવી શકો છો.

## 40 હજારમાં 'પત્ની' બની જાય છે છોકરીઓ

# કપડાંની જેમ બદલે છે પતિ, મજબૂરી નહીં, મરજીથી કરે છે 'પ્લેઝર મેરેજ'!

દુનિયામાં ઘણી બધી અલગ અલગ પરંપરાઓ છે જેના વિશે આપણે જાણતા પણ નથી. કેટલાક દેશોમાં પત્નીઓને ભાડે રાખવાની આવી જ પરંપરા છે. આ ભાડાની પત્નીઓને પૈસા આપીને 'પત્ની' બનાવી શકાય છે. જોકે, કેટલીક જગ્યાએ તે બિલકુલ એક વ્યવસાયની જેમ કામ કરે છે, જે મહિલાઓ માટે પૈસા કમાવવાનો એક માર્ગ છે.દુનિયાના દરેક ભાગની પોતાની સંસ્કૃતિ છે અને ત્યાંના લોકોનું વર્તન અને વિચારસરણી તે મુજબ નક્કી થાય છે. ક્યારેક ભૌગોલિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિઓ એવી હોય છે કે કેટલીક વિચિત્ર વસ્તુઓ પણ ટ્રેન્ડ બની જાય છે. આવી જ એક વૃત્તિ પૈસા આપીને પત્ની મેળવવાની છે. આ વ્યવસાય કેટલાક દેશમાં પ્રચલિત થઈ ગયો છે.

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટના અહેવાલ મુજબ, ઈન્ડોનેશિયાના ગ્રામીણ વિસ્તારોની મુલાકાત લેવા આવતા લોકોને થોડા મહિનાઓ માટે પત્નીઓ પણ મળે છે. આવો ટ્રેન્ડ હાલમાં ઈન્ડોનેશિયાના પશ્ચિમી પ્રદેશ પુનકાકમાં જોવા મળી રહ્યો છે. મધ્ય પૂર્વના પ્રવાસીઓ અહીં સારી સંખ્યામાં આવે છે અને તેઓ આવા ટૂંકા ગાળાના લગ્નોમાં રસ દાખવે છે.ઈન્ડોનેશિયામાં કોટા બુંગા નામના હિલ રિસોર્ટની મુલાકાત લેતા પ્રવાસીઓને એક ઔપચારિક એજન્સી દ્વારા ગ્રામીણ મહિલાઓનો પરિચય કરાવવામાં આવે છે. પૈસાના વ્યવહાર અંગે વાટાઘાટો પછી બંને વચ્ચે એક નાનું અનૌપચારિક લગ્ન ગોઠવવામાં આવે છે. તેમના લગ્ન ત્યાં સુધી ચાલે છે જ્યાં સુધી તે માણસની સફર ત્યાં




પૂરી ન થાય. તેના જતાની સાથે જ આ લગ્નનો અંત આવે છે.આવા લગ્ન કરાવનારા એજન્ટ બ્રાઈડ મનીમાંથી અડધા પૈસા લે છે અને બાકીના અડધા છોકરીને મળે છે. આ પૈસા 40 થી 80 હજાર સુધીના હોઈ શકે છે. થાઈલેન્ડમાં પણ આવી જ પ્રથા અસ્તિત્વમાં છે, જ્યાં કોન્ટ્રાક્ટ પર પત્નીઓ મળે છે, જેની રકમ 15 થી 25 હજાર હોઈ શકે છે.આ પ્રકારના અનૌપચારિક અને કામચલાઉ લગ્નને પ્લેઝર મેરેજ કહેવામાં આવે છે. લોસ એન્જલસ ટાઈમ્સ અનુસાર આવા લગ્નો આ વિસ્તારમાં પર્યટનને પ્રોત્સાહન આપે છે. દુલ્હન બનેલી આવી જ એક મહિલાએ જણાવ્યું કે તે 17 વર્ષની ઉંમરથી આ કામ કરી રહી છે અને અત્યાર સુધીમાં તેના 15 પતિ થઈ ચૂક્યા છે.લીગલ સર્વિસીસ ઈન્ડિયાના એક અહેવાલમાં જણાવાયું છે કે થાઈલેન્ડમાં આવી મહિલાઓની હરાજી કરવામાં આવે છે. જેમાં 8 થી 15 વર્ષની કુંવારી છોકરીઓને પ્રાથમિકતા આપવામાં આવે છે. મહિલાઓને 15000 થી 25,000 રૂપિયા સુધી પગાર આપવામાં આવે છે. ઘણી વખત તેમને 2 લાખ રૂપિયા સુધી મળે છે. આ સાથે એક વર્ષ માટે પણ કોન્ટ્રાક્ટ કરવામાં આવે છે, જેને પછીથી લંબાવી શકાય છે. છે ને આ અજીબોગરીબ પ્રથા?

**આવો જાણીએ, શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો મહિમા**

# શ્રી ૫૧ શકિતપીઠ:અંબાજી યાત્રાધામનું અનોખું આકર્ષણ



(માહિતી બ્યુરો,પાલનપુર)

શકિત ભક્તિ અને આસ્થાના કેન્દ્ર સમા કરોડો માઈભક્તોનું શ્રદ્ધા શિખર એટલે યાત્રાધામ શકિતપીઠ અંબાજી. લાખો કરોડો માઈભકતોના આસ્થાના કેન્દ્ર એવા અંબાજી ખાતે ૫૧ શકિતપીઠ પરિક્રમાના બીજા દિવસે શ્રદ્ધાળુઓએ પરિક્રમા કરીને ધન્યતા અનુભવી હતી. માઈભકતો ૫૧ શકિતપીઠના દર્શન કરી પદયાત્રા અને પરિક્રમાના સંગમથી દિવ્યતા અને ધન્યતાનો અનુભવ મેળવી રહ્યા છે. એક જ જન્મમાં, એક જ સ્થળે, તમામ ૫૧ શકિતપીઠના દર્શન કરવાનો અવસર શકિતપીઠ ગબ્બર- અંબાજી ખાતે પ્રાપ્ત થાય એ માટે ૨.૫ કિલોમીટરના માર્ગમાં મૂળ શકિતપીઠની કલાકૃતિઓનું આબેહૂબ નિર્માણ કરાયું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી ગબ્બર પર્વતની આસપાસ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા રૂ.૬૨ કરોડના ખર્ચથી ભવ્ય પરિક્રમા માર્ગ અને તે ઉપર દેશ-વિદેશમાં આવેલ તમામ ૫૧ શકિતપીઠોનાં મૂળ મંદિરો જેવાં જ મંદિરો બનાવવામાં આવ્યાં છે. અંબાજી સર્વ શક્તિપીઠમાં જગતજનની આધશકિત અંબા માતાજીનું હ્રદય બિરાજે છે. શ્રદ્ધાળુઓમાં અંબાજી શકિતપીઠનું અનોખું મહાત્મ્ય છે. અંબાજી ખાતે આવનાર શ્રદ્ધાળુઓને અન્ય શક્તિપીઠોના પણ દર્શન થઈ શકે એ માટે અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠનું નિર્માણ કરાયું છે. આધ્યાત્મિક ઉન્નતિ સાથે સંસ્કૃતિનું જતન અને રક્ષણ થાય એ માટે વર્ષ-૨૦૦૮ માં રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે ગબ્બર પર્વતના પરિક્રમા માર્ગમાં ૫૧ શકિતપીઠ પ્રોજેકટનું ભૂમિપૂજન કરાયું હતું. વર્ષ ૨૦૧૪ માં તા. ૧૨,૧૩ અને ૧૪ ફેબ્રુઆરી દરમિયાન ૫૧ શકિતપીઠનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. વર્ષે- ૨૦૨૨ માં પ્રથમવાર તા. ૮, ૯ અને ૧૦ એપ્રિલ દરમિયાન ૫૧ શક્તિપીઠ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શકિતપીઠ પરિક્રમા મહોત્સવની પરંપરાને આગળ ધપાવતા ૯ ફેબ્રુઆરીના રોજ પાલખી તથા ઘંટી યાત્રાને પ્રસ્થાન કરાવીને ૫૧ શકિતપીઠનો પ્રારંભ કરાવ્યો હતો. આ પરિક્રમામાં લાખોની સંખ્યામાં ભાઈ ભક્તો શક્તિપીઠના દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યા છે. આમ તો કોઈપણ વ્યક્તિને તેના જીવનમાં તમામ ૫૧ શકિતપીઠોનાં મંદિરોનાં દર્શન કરવા મુશ્કેલ હોય છે પરંતુ હવે અંબાજી એક જ સ્થાને ૫૧ શકિતપીઠોના દર્શન કરવાનો લ્હાવો માઈભકતોને મળે છે. માઈભક્તો પરીવાર સાથે ભક્તિભાવપૂર્વક ગબ્બર પરિક્રમા માર્ગ ઉપર શક્તિપીઠના મંદિરોમાં મસ્તક નમાવી દર્શન કરી ધન્ય બને છે.

**ભાવનગરના ગાંઠીયા જેવી આંગળીયો અનેરી**
**મોળો માણસ આરોગે તો આવી જાય મર્દાનગી**
**તુ ગરમ મસાલેદાર ખાઠી-મીઠી વાનગી**
**ગરમ મસાલેદાર ખાટી મીઠી વાનગી..**

**ભાવેણાની રોચક વાતો**
**- રુપાલી દવે**



કુલ પાંચ સિટી અમદાવાદ,સુરત,રાજકોટ, ભાવનગર, બરોડા ને મુખ્ય માનવામાં આવે છે.આ શહેરો એ આસપાસ ના ગામડા અને નાના શહેર નું હબ ગણાય છે.નાની મોટી બધીજ પ્રકાર ની ખરીદીઓ ગામડા ના લોકો નજીક ના મોટા શહેર માંથી કરતા હોય છે.આની પાછળ નું મુખ્ય કારણ વસ્તુ સારી વ્યાજબી ભાવે મળી રહે એટલે. ગુજરાત ના કુલ વિકાસમાં ગામડાઓ નો પણ વિકાસ થઈ ગયો છે પરંતુ વર્તમાન સમયમાં પણ ભાવનગરના રોડ રસ્તાઓ,માણસોની વિચારસરણી, રીતભાતમાં અને સ્વાદ માં નાનો સરખો પણ ફર્ક પડ્યો નથી. કેમ?સામન્ય ભાવનગરી એવું વિચારે કે બધું ઉપર વાળાના હાથમાં છે તો નાહક ની કાલ ની શું ચિંતા કરવી. "હરિ કરે સો હોય" બધું ભગવાન પર છોડો ચિંતા ના લીધે નકામા "રોગ દાદા" શરીર માં ઘૂસ્યા તો હેરાનગતિ. ચિંતા મુક્ત રસ્તા માં ઘોર નિંદ્રા માં પોઢેલ કૂતરાઓ પણ વાહનોના આવજો માં નિશ્ચિંત રોડ વચ્ચે ભરપુર નિંદ્રા માણતા નજરે પડશે.ગધેડા અને ગાયના સમૂહ ને બધી છૂટછાટ જ્યાં ભટકવું હોય ત્યાં આઝાદી. વાહન ચાલકો ને પ્રાણી થી સમસ્યા પણ પ્રાણીઓને વાહન થી ખાસ સમસ્યા નથી.

તમે અજાણ્યા હોવ ને ભાવનગર માં ભૂલા પડ્યા તો સમજો જેને ત્યાં જવાના હોવ એની વાટ લાગી જાય. લગતા વળગતા મોટાભાગ નો એના પર ફોન આવી જાય કે અલ્યા!!મહેમાન નોતરે ને તેડાં કરવા ના જા કેવો માણસ છો? ભાવનગરની સિમ્પલ વિચારસરણી જીવો અને જીવવા દયો,પંચાત રસ ના મસ્ત પકોડા તળી ને આનંદ કરો. એક પ્રસંગ યાદ આવતા હસવું આવે છે જ્યારે પપ્પા ની ટ્રાન્સફર અમરેલી થી ભાવનગર થઈ ત્યારે ખૂબ ખુશ ખુશાલ હતી. આ કારણોસર મારી ફ્રેન્ડ દુ:ખી હતી એટલે એના પપ્પા એ મારી હાજરી માં મારી ફ્રેન્ડ ને કીધું કે બેટા? રૂપાલી ભાવનગર જશે એ ભેગી ભાન વગરની થઈ જશે. તારે ભાન વગર ના થવું છે? તો તું રૂપાલી સાથે ભાવનગર જજે. એ વખતે ભાન વગર નો અર્થ ખબર નહતી પરંતુ ફ્રેન્ડ એ ભય ના માર્યા એના ડેડી ને કીધું ને કે ના ના મારે ભાવનગર નથી જવું તમારે પાસે રહેવું છે ત્યારે ભય જરૂર લાગ્યો હતો.

મેગી ટુ મિનિટ તો વર્તમાન સમયમાં આવ્યું ને બાળકો ટુ મિનિટ મેગી ને એન્જોય કરે છે.સાચું કહું મને તો લાગે છે કે ટુ મિનિટ મેગીના સંશોધક સ્વિત્ઝર્લેન્ડ ના જુલિયસ મેગી એ એના જીવનમાં ભાવનગરની એકવાર અચૂક મુલાકાત લીધી જ હશે ત્યારે તો ટુ મિનિટ મેગી નો કોન્સેપ્ટ મગજમાં આવ્યો હશે.ખોટ નથ કહેતી સાચું કહું છું અમારે ત્યાં ભાવનગર ના પાવ ગઠીયાની લિજ્જત તમે એકવાર માણો તો સાહેબ સમજાય કે ટુ મિનિટ મેગી તો એની આગળ ફિક્કી પડી જાય.એય ને ડુંગળી લસણ,ટમેટા ની ગ્રેવીથી બનતી તીખી તમમતી ચટણી માં લસનીયા ગઠીયા અને બતુકડા નાનકડા પાવ ના ટુકડા. એય ને ભલે ને આંખ નાક માંથી તીખાશ ને લીધે ગંગા જમુના વહેતી પણ એન્જોય તો કરવાનું.કરવું જ પડે પાવ ગાંઠીયા નો સ્વાદ જ એવો ને કે મો મૂકતાં રડતા રડતા પણ સ્માઈલ આપીને વાહ



જનાબ વાહ બોલી ઉઠો એ નક્કી.

શું તમે ક્યારેય બ્રેક ફાસ્ટ માં પૂરી સાથે દાળ ની કલ્પના કરી છે? કદાચ સ્વપ્નેય કરી નહિ હોય.સામાન્ય રીતે પૂરી ને દાળ સાથે ખાવાનો રિવાજ નથી.ગરમા ગરમ મસાલેદાર પૂરી બટેટાની ગ્રેવી વાળા શાક કે છોલે કે કાળા ચણાનું શાક સાથે વધારે સ્વાદિષ્ટ લાગે છે. ભાવનગર એ ભાવનાઓથી ભરપુર એટલે વિશ્વની મોટાભાગની રેસીપીની જનેતા સમજો.સવાર સવાર માં દાળ પૂરીનો ટેસ્ટ ના લીધો તો સમજો તમે લાઈફ માં ખાસ સ્વાદ થી અજાણ છો. ગરમાગરમ મસાલેદાર પૂરીઓ અને ત્રણ ચાર પ્રકાર ની દાળ થી બનેલ ટેસ્ટી દાળ સાથે તળેલા મરચા,ડુંગળી અને લસણ ની ચટણી નો સ્વાદ મતલબ લખતાં લખતાં કે વાંચતા વાંચતા જ મોં મા પાણી આવી જાય છે તો વિચારો ટેસ્ટ કરશો તો કેટલી મજા પડશે. જ્યારે ભાવનગર માં પરદેશી પધારીને દેશી વાનગીની મજા માં ખુદને ભૂલે ત્યારે સમજજો કે આના મૂળિયાં નક્કી ભાવનગર ની સરહદ ને અડતા હશે ત્યારે તો

મોટાભાગના ગુજરાતી લોકોનું કહેવું છે કે કાઠિયાવાડ માં બપોરે ૧ થી ૫ ધંધા રોજગાર બંધ રહે છે એટલે ભૂલથી પણ બપોરે કાઠીયાવાડ માં બપોરે શોપિંગ માટે ભૂલા પડ્યા તો સમજો હેરાનગતિ.ચાર પાંચ કલાક ધંધા રોજગાર બંધ રહેતા લોકોની આજીવિકા કેમ ની ચાલતી હશે? ભાવનગર મધ્યે આવેલ ગંગાજળિયા તળાવ ની પાળી પર બેઠેલા નવરા પાર્ટીઓને આવા વિચિત્ર પ્રશ્નો પસંદ નથી વતન પ્રત્યે વધારે પડતાં લાગણીશીલ એટલે જવાબ આપતા બોલશે કે અરે!!બાપ,તમારે શું પંચાત છે? પંચાત કરવાનો ટ્રેડમાર્ક અમારો છે.ખબર છે પ્રત્યેક ભાવનગરીઓનાં માંથા પર માં ખોડીયારનો હાથ અને ગોળીબાર હનુમાનજી નો સાથ છે.બપોરે ગરમા ગરમ પત્ની ના હાથનું સ્વાદિષ્ટ ભોજન જમીને ચાર કલાક આરામ ના કર્યો તો ધૂળ માં જાય જિંદગી,એક બે ને હાડીબાર બપોરે ત્રણ ચાર કલાક આરામ કરવાનો મતલબ કરવાનો.

સાચું કહું મને તો લાગે છે કે ચીનના લોકોને એના સામાજિક જીવનમાં ફેરફાર કરવાની જરૂર પડી હશે ને ત્યારે અચૂક કાઠીયાવાડ ની મુલાકાત લીધી હશે.ચાઇના માં નિયમ છે કે વધુ વધુ ૪૪ કલાક કામ કરી શકો. અમદાવાદ ની મારી સહેલી એ પૂછ્યું કે તમે બપોર ના ત્રણ ચાર કલાક ઊંઘી જાવ છો તો રાત્રે નીંદર જલદી આવી જાય છે. કેવી રીતે આવે છે? આઈડિયા આપો તો હું પણ તમારો આઈડિયા ટ્રાય કરું.મે મારી ફ્રેન્ડ ને સહેજ સ્માઈલ કરતા કહ્યું કે આદત બૂરી બલા હૈ લાઈફ ટાઇમ સાથ રહેંગી.આંખ બંધ કરતા જ મીઠા સ્વપ્ના માં ખોવાઈ જવાની આદત બાળપણ થી છે. આઈડિયા હોત તો ચોક્કસ પ્રસ્તુત કરત.

ભલે ને તમાકુ અન્ય જગ્યા એ ઉગે અને એનું પેકિંગ પાન પરાગ,માણેક ચંદ વગેરે મોટા પાયે કરે પરંતુ કદાચ વિશ્વ મા સૌથી વધારે તમાકુ ભાવનગર માં વેચાતું હશે. કેમ? પાન તમાકુ ગલ્લા કે દુકાનો ગલી એ ગલીએ અને નાકે નાકે જોવા મળે છે. "સૌરાષ્ટ્ર સમાચાર " ભાવનગર નું નિત્ય નું દૈનિક અખબાર છે પેપર મા એડ વધારે ને સમાચાર ઓછા વાંચવા મળશે. પેપર વાળા ને ખબર હોય છે કે પેપર સવારે ઘરે ઘરે પોહચાશે એ પહેલા પેપર લીક થઈ ચૂક્યું હશે. નાહક ની મહેનત કરવી એની કરતા રિપોર્ટર ને એડ પર ફોકસ કરી ને વિચારે છે કે જે કમાણી થઈ એ. દૈનિક પેપર "સૌરાષ્ટ્ર સમાચાર" કરતા વધારે શહેર જિલ્લા ની માહિતીઓ પાનના ગલ્લા વાળા પાસે હોય છે.મોટાભાગ ના લોકો ૪૨૦ નું તમાકુ ટાઈમ ટેબલ અનુસાર અને પડીકીઓ મુખવાસ માટે વાપરતા હોય છે.

ભાવેણાના લોકોની લાગણીઓ અને નિસ્વાર્થ પ્રેમ અન્ય ક્યાંય જોવા મળશે નહિ. ગાય,ગાંડા અને ગાઠીયા ના ત્રણ ગ થી પ્રચલિત શહેર માં "સેવા પરમો ધર્મ" ને લોકો જાણે અજાણ્યે વળગી રહે છે. ભાવનગર માં ગાંડા ની હોસ્પિટલ નથી પરંતુ રેલવે નું લાસ્ટ સ્ટેશન હોવાના લીધે ત્યાં ભારત ભર થી પરિવાર દ્વારા ત્યજેલા લોકો કાયમી વસી જાય છે.આવા બિન વારસી હાલતમાં વસવાટ કરતા લોકો માટે આનાજ પાણી અને વસાવવાની વ્યવસ્થા સેવાભાવી લોકો કરતા હોય છે. દર અઠવાડિયે પાગલ માણસોને પકડી ને સ્નાન બાદ સ્વચ્છ કપડાં વગેરે કાર્ય સેવાભાવી સંસ્થાઓ દ્વારા થતી હોય છે.પાગલ માણસો ને બીજું સમજાય કે ના સમજાય પણ સવાર સાંજ ગોળીબાર હનુમાનજી ના મંદિર ના ફૂડ ટ્રક ની ઘન્ટી સમજાય જાય છે.

વિક્ટોરિયા પાર્ક ના જંગલને ફરતા ફરતા દૂર દૂર નજર કરતા બોર તળાવ નજરે પડતા સમજાયું કે ભાવનગર નો વિકાસ અન્ય શહેરોની જેમ ઝડપી કેમ નથી? રાજકીય ઈચ્છા શકિત કરતા પણ વધારે ભાવનગરી લોકોની ભલ માણસાઈ "માંગ્યું મે નથી તે આપ્યું એટલું ખુશી ખુશી સ્વીકાર્યું"..ભગવાન ભરોસે બધું મૂકીને લાઈફ ને ભરપુર મન મૂકીને એન્જોય કરવી એનું નામ ભાવનગર..



તસવીર : મહેશ એલ.સોની નખત્રાણા

નખત્રાણામાં ભગવાન વિશ્વકર્મા જયંતિની ભક્તિભાવથી ઉજવણી કરવામાં આવી હતી. નખત્રાણાના મુખ્ય માર્ગો પરથી રવાડી નિકળી હતી તેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. પ્રસ્તુત તસવીર નખત્રાણાના પોશ વિસ્તાર ગણાતા મણીનગર માંથી પસાર થતી રવાડીની છે.

# અંબાજી ખાતે શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો બીજો દિવસ



(માહિતી બ્યુરો,પાલનપુર)

ગુજરાત સરકાર, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અંબાજી ખાતે શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૫નું આયોજન કરાયું છે. મહા સુદ બારસ, તેરસ અને ચૌદસ તિથિ એમ ત્રણ દિવસીય યાત્રામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ માઁ અંબાના દર્શન સહિત ૫૧ શકિતપીઠના દર્શન કરીને ધન્યતા અનુભવી રહ્યા છે. અંબાજી ખાતે આજે બીજા દિવસે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. રાજ્ય સહિત દેશના અલગ અલગ સ્થળોના ભક્તોએ અંબાજી ૫૧ શક્તિપીઠમાં સહભાગી બની ધન્યતા અનુભવી હતી. અંબાજી પરિક્રમા ખાતે દર્શનાર્થીઓના હિતાર્થે વિવિધ સુવિધાઓ ઉભી કરાઈ છે. સાંસ્કૃતિક કાર્યક્રમો, બસ દ્વારા નિ:શુલ્ક યાત્રા, નિશુલ્ક ભોજન, પાણી, સ્વચ્છતા, સેવા કેમ્પ, મેડિકલ કેમ્પ સહિતની સુવિધાઓ પ્રદાન કરાઈ છે.

# વિક્કીનું 'છાવા' માટે ટ્રાન્સફોર્મેશન

## 'છત્રપતિ' બનવા વજન વધાર્યું, કાન વીંધાવ્યા -ઘોડેસવારી શીખી; એક્ટરે વીડિયો શેર કરી ઝલક બતાવી...




(એજન્સી) મુંબઇ | તા.10

વિક્કી કૌશલની ફિલ્મ 'છાવા' ટૂંક સમયમાં સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. એક્ટરે આ દિવસોમાં પોતાની ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. ફિલ્મની રિલીઝ પહેલાં વિક્કી કૌશલે તેના ઈન્સ્ટાગ્રામ પર કેટલીક તસવીરો અને વીડિયો શેર કર્યા છે. આ તસવીરો અને વીડિયોમાં, વિકી કૌશલે 'છાવા' માટે કરેલા ટ્રાન્સફોર્મેશન અને તૈયારીની ઝલક બતાવી છે. આ તસવીરોમાં વિક્કી કૌશલની ઘોડેસવારીથી લઈ વજન વધારવા સુધીની સફર જોવા મળી રહી છે.

'છાવા' માટે ટ્રાન્સફોર્મેશન વિક્કી કૌશલ દ્વારા શેર કરાયેલી તસવીરોમાં તે જીમમાં વર્કઆઉટ કરતો જોવા મળી રહ્યો છે. એક તસવીરમાં વિક્કી પોતાનું વજન પણ બતાવતો જોવા મળી રહ્યો છે. વિક્કી કૌશલ દ્વારા શેર કરાયેલી તસવીરમાં સ્પષ્ટ દેખાય છે કે ફિલ્મ માટે તેણે વજન વધારીને 100 કિલો જેટલું કર્યું હતું. એક વીડિયોમાં એક્ટર ઘોડેસવારી કરી રહ્યો છે તો બીજા વીડિયોમાં તે કાન વીંધાવી રહ્યો છે.


'છાવા' કી તૈયારી, સબ પર ભારી વિક્કીએ કેપ્શનમાં લખ્યું હતું કે, ગુડ ઓલ્ડ 'છાવા' તૈયારીના દિવસો. 14 ફેબ્રુઆરીએ મળીશું. વિશ્વભરમાં એડવાન્સ બુકિંગ શરૂ થઈ ગયું છે. વિક્કીની આ પોસ્ટ પર સોશિયલ મીડિયા યુઝર્સે કોમેન્ટ કરી છે. એક યુઝરે લખ્યું - 'છાવા' કી તૈયારી, સબ પર ભારી. જ્યારે બીજાએ લખ્યું કે 14 ફેબ્રુઆરી એ 'છાવા' દિવસ. તેમના ચાહકોએ ફિલ્મ પ્રત્યે ઉત્સાહ દર્શાવ્યો છે.






ટ્રેલર રિલીઝ થયું ત્યારથી જ 'છાવા' વિવાદમાં છે ફિલ્મ 'છાવા'નું ટ્રેલર 22 જાન્યુઆરીના રોજ રિલીઝ થયું હતું. આ ટ્રેલરમાં, છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવનાર વિક્કી કૌશલને નૃત્ય કરતો બતાવવામાં આવ્યો હતો.

જેનાથી ઘણા લોકો ગુસ્સે થયા હતા. આ મુદ્દે પૂર્વ રાજ્યસભા સાંસદ સંભાજી રાજે છત્રપતિએ નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે છત્રપતિ સંભાજી મહારાજને નાચતા દર્શાવવા એ ખૂબ જ ખોટું છે. તેમને લેઝીમ વગાડતા બતાવવા તો ઠીક હતુ, નાચતા બતાવવામાં આવ્યા હતા.





# તૈમૂરે સૈફને પૂછ્યું, શું તમે મરી જવાના છો?

## જેહે પિતાને આપી પ્લાસ્ટિકની તલવાર, એક્ટરે પહેલી વાર જણાવ્યું ઘટનાની રાતે શું થયું હતું

(એજન્સી) મુંબઇ | તા.10

બોલિવૂડ એક્ટર સૈફ અલી ખાન તાજેતરમાં તેમના પર થયેલા હુમલાને કારણે સમાચારમાં છે. શરીફુલ ઈસ્લામ નામના બાંગ્લાદેશી વ્યક્તિએ તેના ઘરમાં ઘૂસીને તેના પર છરીઓથી હુમલો કર્યો, ત્યારબાદ સૈફને ઘણા દિવસો સુધી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. હવે એક ઈન્ટરવ્યૂમાં સૈફ અલી ખાને જણાવ્યું કે હુમલા દરમિયાન અને પછી તેમના બાળકોના કેવા રિએક્શન હતા. સૈફ અલી ખાન અને કરીના કપૂર ખાનને બે પુત્રો છે. મોટા દીકરાનું નામ તૈમૂર અલી ખાન અને નાના દીકરાનું નામ જહાંગીર અલી ખાન (જેહ) છે. હુમલા સમયે બંને બાળકો ઘરે હાજર હતા અને હુમલાખોર શરીફુલને સૌપ્રથમ નાના દીકરા જેહના રૂમમાં જોવા મળ્યો હતો.

તૈમૂરે સૈફને પૂછ્યું, શું તમે મરી જવાનો છો? સૈફ અલી ખાને જણાવ્યું કે જ્યારે તેની અને હુમલાખોર વચ્ચે ઝપાઝપી થઈ, ત્યારે જેહ જાગી ગયો અને તેણે પણ આખું દ્રશ્ય જોયું. જોકે, તેણે કહ્યું કે ઘટનાનું સ્પષ્ટ વર્ણન કરી શકતો નથી કારણ કે તે હુમલાખોર સાથે લડવામાં વ્યસ્ત હતા. સૈફ અલી ખાને જણાવ્યું કે હુમલા બાદ તેને પીઠમાં દુખાવો થઈ રહ્યો હતો. એક્ટરે જણાવ્યું કે મારી લોહીથી લથપથ હાલત જોયા બાદ, તૈમૂરે મને પૂછ્યું- શું તમે મરી જવાના છો? મેં કહ્યું- ના.

### જેહે પિતાને આપી પ્લાસ્ટિકની તલવાર

સૈફે એ પણ ખુલાસો કર્યો કે તેનો આઠ વર્ષનો પુત્ર તૈમૂર તેની સાથે હોસ્પિટલમાં કેમ ગયો હતો. સૈફે કહ્યું, તૈમૂર ખૂબ જ શાંત હતો. તેણે કહ્યું, હું તમારી સાથે આવું છું અને મેં વિચાર્યું કે જો કંઈક થાય, તો તે સમયે તેને જોવાથી મને ખૂબ જ આરામ મળી રહ્યો હતો. અને હું એકલો જવા માગતો ન હતો.

જ્યારે સૈફ અલી ખાનને પૂછવામાં આવ્યું કે તેમના પરિવારે આ સમગ્ર મામલા પર કેવી પ્રતિક્રિયા આપી, ત્યારે એક્ટરે કહ્યું, ભગવાનનો આભાર કે બાળકો ઠીક છે. હુમલા પછી જેહે મને પ્લાસ્ટિકની તલવાર આપી છે અને કહ્યું છે કે - હવે ક્યારેય ચોર આવે ત્યારે તમે આ તમારા બેડ પાસે રાખજો. તે કહે છે કે ગીતાએ (ઘરની હેલ્પર) અબ્બાને બચાવ્યા અને અબ્બાએ મને બચાવ્યો.

'કરીનાએ ખૂબ જ બહાદુરીથી આખો મામલો સંભાળ્યો' સૈફ અલી ખાને જણાવ્યું કે હવે તેનો મોટો દીકરો તૈમૂર સુરક્ષાને લઈને થોડો ચિંતિત છે. સારા અને ઈબ્રાહિમ સામાન્ય કરતા વધારે જ ભાવુક થઈ ગયાં હતાં. તે પણ ત્યાં હતા અને તેણે મારી સાથે ઘણો સમય વિતાવ્યો. હું બધાનો ખૂબ આભારી છું, આખો પરિવાર એક સાથે આવ્યો હતો, પરંતુ સ્વાભાવિક રીતે તે બધા માટે આઘાતજનક હતું. એક્ટરે જણાવ્યું કે કરીના કપૂર ખાને આખો મામલો ખૂબ જ હિંમતથી સંભાળ્યો અને ખાતરી આપી કે આવું ફરી ક્યારેય ન બને.

સૈફ હુમલા કેસ પર અપડેટ સૈફ અલી ખાન પર હુમલો કરવાના આરોપી મોહમ્મદ શહજાદના ફિંગરપ્રિન્ટ્સ મેચ થઈ ગયા છે. મુંબઈ પોલીસ પાસેથી મળેલી માહિતી અનુસાર, 16 જાન્યુઆરીએ સૈફ અલી ખાન પર હુમલો કરનારા આરોપીઓના ફિંગરપ્રિન્ટના નમૂના તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. રિપોર્ટમાં પુષ્ટિ મળી છે કે કેટલાક ફિંગરપ્રિન્ટ્સ મેચ થયા છે. જોકે, પોલીસ હાલમાં અંતિમ રિપોર્ટની રાહ જોઈ રહી છે.

# પાતાલ લોક-ટુ માટે 20 કરોડની ફી લીધી હોવાનું જયદીપે નકાર્યું..



મુંબઈ: જયદીપ અહલાવતને 'પાતાલ લોક' સીઝન વન માટે ૪૦ લાખ રુપિયા મળ્યા હતા પરંતુ સીઝન ટૂ માટે તેને ૨૦ કરોડ રુપિયા મળ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. જોકે, જયદીપે આ અહેવાલોને હસી કાઢ્યા છે.


જયદીપે એક વાતચીતમાં આ દાવાને નકારી કાઢતાં કહ્યું હતું કે આટલા પૈસા મળ્યા છે એ મને તો કહેવું હતું. હું એટલા પૈસા કોઈ રીતે વાપરી લેત.

ક્યાં છે આટલા પૈસા ? એ ગયા ક્યાં ? 'પાતાલ લોક'ની સીઝન ટૂમાં જુનિયર પોલીસ અધિકારી હાથીરામ ચૌધરીની ભૂમિકા માટે જયદીપ અહલાવતની ચોમેરથી પ્રશંસા થઈ રહી છે. લોકોનુ કહેવું છે કે બોલીવૂડે જયદીપ અહલાવતની યોગ્ય કદર કરી નથી પરંતુ હવે ઓટીટીમાં તેને તેની પ્રતિભાને છાજે તેવી ભૂમિકાઓ મળી રહી છે. જયદીપ અહલાવત હવે ઓટીટી પર 'જ્વેલથીફ' ફિલ્મમાં સૈફ અલી ખાન સાથે દેખાશે.

# સોનુ સૂદની મુશ્કેલી વધી...!

## આજે લુધિયાણા કોર્ટમાં હાજર થશે, મુંબઈ પોલીસને ધરપકડનો હતો આદેશ; એક્ટરે સો. મીડિયા પર કરી સ્પષ્ટતા

લુધિયાણા | બોલિવૂડ એક્ટર સોનુ સૂદ આજે લુધિયાણા કોર્ટમાં હાજર થશે. લુધિયાણાના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (JMIC) રમણપ્રીત કૌરની કોર્ટે 29 જાન્યુઆરીએ સોનુ સૂદ વિરુદ્ધ બિનજામીનપાત્ર ધરપકડ વોરંટ જારી કર્યું હતું. કોર્ટે મુંબઈના અંધેરી વેસ્ટના ઓશિવારા પોલીસ સ્ટેશનના SHOને સોનુની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.



લુધિયાણામાં એક મલ્ટી-લેવલ માર્કેટિંગ કંપની વિરુદ્ધ છેતરપિંડીનો કેસ નોંધવામાં આવ્યો છે. આ કંપનીએ સોનુ સૂદને પોતાનો બ્રાન્ડ એમ્બેસેડર બનાવ્યો હતો. કોર્ટે સોનુ સૂદને જુબાની માટે સમન્સ મોકલ્યું હતું પરંતુ તે હાજર થયો ન હતો. સોનુ સૂદ મૂળ પંજાબના મોગાનો રહેવાસી છે.

જોકે હવે તે મુંબઈમાં રહે છે.

આ પહેલા હરિયાણાના સોનીપતમાં બોલિવૂડ સ્ટાર્સ શ્રેયસ તલપડે અને આલોક નાથ વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવી હતી. જેમાં સોનુ સૂદનું નામ પણ આવ્યું કે તે કંપનીના ચીફ ગેસ્ટ તરીકે આવ્યા હતા. જોકે, FIRમાં સોનુ સૂદનું નામ આરોપીઓમાં નહોતું.

બિનજામીનપાત્ર વોરંટ પર સોનુ સૂદની સ્પષ્ટતા ધરપકડ વોરંટ પછી, સોનુ સૂદે તેમના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ દ્વારા સ્પષ્ટતા કરી અને લખ્યું, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આવી રહેલા સમાચાર અત્યંત સનસનાટીભર્યા છે. હકીકતમાં, માનનીય કોર્ટે મને ત્રીજા પક્ષ સંબંધિત કેસમાં સાક્ષી તરીકે સમન્સ પાઠવ્યું છે, જેની સાથે અમારો કોઈ સીધો સંબંધ નથી.મારા વકીલોએ તે સમન્સનો જવાબ આપી દીધો છે અને હું 10 ફેબ્રુઆરીએ મારું નિવેદન રેકોર્ડ કરાવીશ, જેમાં હું સ્પષ્ટ કરીશ કે આ મામલા સાથે મારો કોઈ સંબંધ નથી.



# અશ્વિની ઐયર તિવારીની નવી ફિલ્મમાં જ્યોતિકા અને સોનાક્ષી

ફિલ્મ ડાયરેક્ટ ઓટીટી પર રીલિઝ થશે : મૂળ આ ફિલ્મ કિયારા અને કરીનાને ઓફર કરાઇ હતીઃ કોર્ટ રુમ ડ્રામા હશે.

મુંબઈ : 'બરેલી કી બરફી' સહિતની ફિલ્મોનાં સર્જક અશ્વિની ઐયર તિવારી હવે એક કોર્ટ રુમ ડ્રામા આધારિત ફિલ્મ બનાવી રહ્યાં છે. આ ફિલ્મ માટે સોનાક્ષી સિંહા અને જ્યોતિકાને સાઈન કરવામાં આવ્યાં છે. આ ફિલ્મ થિયેટરોમાં નહિ પરંતુ સીધી ઓટીટી પ્લેટફોર્મ પર રજૂ કરવામાં આવશે.

મૂળ આ ફિલ્મ કિયારા અડવાણી અને કરીના કપૂરને ઓફર થઈ હતી. પરંતુ, કોઈને કોઈ કારણોસર વાત આગળ વધી ન હતી. હવે અશ્વિની ઐયર તિવારીએ કાસ્ટ બદલીને આ પ્રોજેક્ટ આગળ વધારવાનું નક્કી કર્યું છે. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. ફિલ્મનું શૂટિંગ આવતા મહિનાથી મુંબઈમાં શરુ થવાનું છે.


# 'તમારાં માતા-પિતા સાથે અંગત પળો માણશો...?

## PMના હસ્તે એવોર્ડ મેળવનારા રણવીર અલ્લાહાબાદિયાએ ગંદવાડ કાઢ્યો, ફરિયાદ થઇ, CM પણ એક્શનમાં

(એજન્સી) મુંબઇ | તા.10

યુટ્યુબર રણવીર અલ્લાહાબાદિયા, સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અપૂર્વ મખીજા, કોમેડિયન સમય રૈના અને શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ના આયોજકો સામે ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મુંબઈના ખાર પોલીસ સ્ટેશનમાં આ યુટ્યુબર્સ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. યુટ્યુબ પર સ્ટ્રીમ થતા 'ઈન્ડિયા હેઝ ગોટ લેટેન્ટ' નામના શોમાં પીરસાયેલી અત્યંત હલકી કક્ષાની કમેન્ટ્સ અંગે ફરિયાદ થઈ છે અને આ અંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ પણ પોતાનો વિરોધ નોંધાવ્યો છે. પોલીસને મળેલી ફરિયાદમાં આરોપીઓ સામે કડક કાર્યવાહીની માગ કરવામાં આવી છે.

શું છે આખો મામલો? 'બિયર બાઈસેપ્સ' તરીકે જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને પોડકાસ્ટર રણવીર અલ્લાહાબાદિયા તાજેતરમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં દેખાયા હતા. આ શો તેના વિવાદાસ્પદ અને બોલ્ડ કોમેડી કન્ટેન્ટ માટે જાણીતો છે. પરંતુ



આ વખતે શોમાં કંઈક એવું બન્યું જેનાથી સોશિયલ મીડિયા પર લોકો ગુસ્સે થયા. રણવીરે શોમાં એક કન્ટેસ્ટન્ટને વાંધાજનક પ્રશ્નો પૂછ્યા હતા. રણવીરે એક સ્પર્ધકને એવો ગંદો સવાલ પૂછી નાખ્યો જેનો અર્થ એવો થતો હતો કે 'શું તમે તમારાં માતા-પિતા સાથે અંગત પળો માણશો?' આ અને આ સિવાય પણ શોમાં ભરપૂર ગંદી કમેન્ટ્સ હતી. તેને લીધે ખાસ કરીને યંગસ્ટર્સમાં આ સુપરહિટ શો અત્યારે વિવાદમાં આવ્યો.

દરેક માટે વાણી સ્વાતંત્ર્ય છે પણ.... - મુખ્યમંત્રી આ સમગ્ર મામલે મહારાષ્ટ્રના મુખ્યમંત્રીએ દેવેન્દ્ર ફડણવીસની પણ ટિપ્પણી આવી છે. તેમણે કહ્યું, 'મને આ અંગે માહિતી મળી છે, જોકે મેં તે જોયું નથી. પરંતુ મને ખબર પડી છે કે આ શો અશ્લીલ કોમેડી પર ચલાવવામાં આવી રહ્યો છે, જે બિલકુલ ખોટું છે. વાણી સ્વાતંત્ર્ય દરેક માટે છે,

પરંતુ જ્યારે આપણે કોઈ બીજાની સ્વતંત્રતા પર અતિક્રમણ કરીએ છીએ ત્યારે આપણી સ્વતંત્રતા સમાપ્ત થાય છે. આ યોગ્ય નથી. દરેકની પોતાની મર્યાદા હોય છે, અમે અશ્લીલતા માટે નિયમો પણ નક્કી કર્યા છે. જો કોઈ તેનો ભંગ કરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે.'

# એડ શિરીનના પર્ફોર્મન્સને બેંગલુરુ પોલીસે અટકાવ્યો:કહ્યું- શો માટે પરવાનગી લીધી ન હતી, વધતી ભીડને જોઈ પોલીસે માઈક જ બંધ કરી દીધું

(એજન્સી) મુંબઇ | તા.10

ગ્રેમી એવોર્ડ વિનર બ્રિટિશ સિંગર એડ શિરીન તેમના મૈથમેટિક્સ ટૂરના ભાગ રૂપે ભારત પ્રવાસ પર છે. આ સિંગર રવિવારે બેંગલુરુના ચર્ચ સ્ટ્રીટ ખાતે લાઈવ પર્ફોર્મ કરી રહ્યો હતો. બેંગલુરુ પોલીસે સિંગરના સ્ટ્રીટ પર્ફોર્મન્સને અધવચ્ચે જ અટકાવી દીધું. પોલીસનું કહેવું છે કે સિંગરની ટીમે શો માટે વહીવટીતંત્ર પાસેથી પરવાનગી લીધી નહતી.

જોકે, સિંગરની ટીમે પોલીસને કહ્યું કે તેમની પાસે આ કાર્યક્રમ માટે પરવાનગી છે. ટીમે કહ્યું કે પર્ફોર્મન્સ ફક્ત થોડી મિનિટો માટે જ ચાલ્યું હતું પરંતુ આ સમય દરમિયાન વધતી ભીડને કારણે પોલીસે દખલ કરી. એડ શિરીન બેંગ્લોરના રસ્તાઓ પર પોતાનું ફેમસ સોંગ 'શેપ ઓફ યુ' ગાઈ રહ્યો હતો. આ દરમિયાન, એક પોલીસકર્મીએ શિરીનના માઈક્રોફોનનો પ્લગ ખેંચી લીધો. જેનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

સિંગરે ભારત પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો ભારત પ્રત્યેના પોતાનો પ્રેમ અને દેશમાં પર્ફોર્મ કરવાના અનુભવ વિશે વાત કરતા, એડ શીરાને કહ્યું, જ્યારે પણ હું ભારત પાછો આવું છું, ત્યારે મને તે ખૂબ જ ગમે છે.

અગાઉ પોલીસે હાર્ડી સંધુના લાઈવ કોન્સર્ટને પણ અટકાવ્યો હતો શનિવારે સાંજે, ચંદીગઢ પોલીસે પંજાબી ગાયક હાર્ડી સંધુનો લાઈવ કોન્સર્ટ અધવચ્ચે જ અટકાવી દીધો હતો જ્યારે તે સેક્ટર 34માં એક પ્રાઈવેટ કંપનીના કાર્યક્રમમાં હાજરી આપવા આવ્યો હતો. પોલીસને માહિતી મળી હતી કે શો માટે વહીવટીતંત્ર પાસેથી પરવાનગી લેવામાં આવી નથી. સાંજે 5:30 વાગ્યે, DSP જસવિંદર સિંહની આગેવાની હેઠળની પોલીસ ટીમ સેક્ટર 34 ગ્રાઉન્ડ પર પહોંચી અને શો બંધ કરાવ્યો. શો માટે પરવાનગી લેવામાં આવી ન હતી - પોલીસ પોલીસ હાર્ડી સંધુને પૂછપરછ માટે સેક્ટર-34 પોલીસ સ્ટેશન લઈ ગઈ. આનાથી કોન્સર્ટમાં હાજર ચાહકો ગુસ્સે થયા. પોલીસે પોલીસ સ્ટેશનમાં શોના આયોજકને જણાવ્યું કે તેમને માહિતી મળી છે કે શો માટે પરવાનગી લેવામાં આવી નથી. આ સાંભળ્યા પછી, આયોજકે પોલીસ ટીમને કહ્યું કે તેણે કાર્યક્રમ માટે વહીવટીતંત્ર પાસેથી પરવાનગી લીધી છે.





# રોહિત શર્માની સદીએ બીજી ODIમાં અપાવી શાનદાર જીત

(એજન્સી)કડક તા 10

ટીમ +ઈન્ડિયાએ લક્ષ્યનો પીછો કરતી વખતે આ શ્રેણીમાં સતત બીજી મેચ જીતી છે અને બંને વખત તેને કોઈ પણ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. પરંતુ આ વખતે કેપ્ટન રોહિતની શાનદાર સદીને કારણે આ જીત ખૂબ જ ખાસ સાબિત થઈ. ચેમ્પિયન્સ ટ્રોફી 2025 પહેલા, ટીમ ઈન્ડિયાની તૈયારીઓને વેગ મળ્યો છે કારણ કે ભારતીય ટીમે ઈંગ્લેન્ડ સામેની ODI શ્રેણીમાં શાનદાર જીત મેળવી છે. નાગપુરમાં રમાયેલી પહેલી વનડેમાં સરળ જીત બાદ, ટીમ ઈન્ડિયાને કટકમાં પણ બહુ પડકારનો સામનો કરવો પડ્યો નહીં.ટીમ ઈન્ડિયાની જીત કરતાં પણ ખાસ વાત એ હતી કે આ મેચમાં કેપ્ટન રોહિત શર્માનું ફોર્મમાં વાપસી થઈ. જેણે લગભગ એક વર્ષ પછી શાનદાર સદીની ઈનિંગ રમીને ચેમ્પિયન્સ ટ્રોફી માટે શુભ સંકેતો આપ્યા. રવિવાર, 9 ફેબ્રુઆરીના રોજ રમાયેલી શ્રેણીની બીજી મેચમાં, ટીમ ઈન્ડિયાએ 305 રનનો લક્ષ્યાંક સરળતાથી પ્રાપ્ત કર્યો અને મેચ અને શ્રેણી 4 વિકેટથી જીતી લીધી. નાગપુરમાં, ટીમ ઈન્ડિયાએ શુભમન ગિલ અને શ્રેયસ ઐયરની મજબૂત ઈનિંગ્સની મદદથી શ્રેણીની શરૂઆત જીત સાથે કરી. પરંતુ આ વખતે ઈંગ્લેન્ડે 304 રનનો મોટો સ્કોર બનાવીને પડકાર વધાર્યો. આવી સ્થિતિમાં, ટીમ ઈન્ડિયાને તેના સ્ટાર બેટ્સમેનોની મજબૂત ઈનિંગ્સની જરૂર હતી અને આવું જ થયું. વિરાટ કોહલી સિવાય, ટીમ ઈન્ડિયાના ટોચના ક્રમે અદ્ભુત ઈનિંગ્સ રમી અને 45 ઓવરમાં આ લક્ષ્ય હાંસલ કર્યું. આ રીતે, ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડ સામે ઘરઆંગણે સતત સાતમી વનડે શ્રેણી જીતી.શ્રેણીની પહેલી મેચમાં પ્રથમ બેટિંગ કરવા છતાં હારી ગયેલી ઈંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લઈને ફરી એકવાર બધાને ચોંકાવી દીધા. જોકે, ફરી એકવાર તેની શરૂઆત શાનદાર રહી અને બેન ડકેટ-ફિલ સોલ્ટની ઓપનિંગ જોડીએ વિસ્ફોટક શરૂઆત આપી. આ બે પછી, જો રૂટે ઈનિંગ્સની કમાન સંભાળી અને ડકેટની જેમ મજબૂત અડધી સદી ફટકારી.

# ODI ડેબ્યૂ કરનાર બીજા સૌથી મોટી ઉંમરનો ખેલાડી બન્યો વરુણ ચક્રવર્તી

(એજન્સી) કટક તા 10



ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે વનડે સીરિઝ રમાઈ રહી છે. આ સીરિઝની બીજી મેચમાં ટીમ ઈન્ડિયા માટે એક ખેલાડીએ ડેબ્યૂ કર્યું છે. ટીમ ઈન્ડિયાએ આ મેચ માટે તેની પ્લેઈંગ 11માં બે ફેરફાર કર્યા છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 3 મેચની વનડે સીરિઝ રમાઈ રહી છે. આ સીરિઝની પહેલી મેચ ટીમ ઈન્ડિયાએ પોતાને નામ કરી હતી. આ સીરિઝમાં ટીમ ઈન્ડિયા 1-0થી આગળ ચાલી રહી છે. ચેમ્પિયન ટ્રોફી 2025ની તૈયારીઓ માટે આ સીરિઝને ખુબ મહત્વ માનવામાં આવી રહી છે. ટીમ ઈન્ડિયા પોતાના તમામ ખેલાડીઓને તૈયાર કરી રહી છે. આ સીરિઝની બીજી મેચમાં ટીમ ઈન્ડિયા તરફથી એક સ્ટાર ખેલાડીએ પોતાનું વનડે ડેબ્યુ કર્યું છે. આ ખેલાડી અન્ય કોઈ નહિ પરંતુ વરુણ ચક્રવર્તી છે. વરુણ ચક્રવર્તીને ટીમ ઈન્ડિયાના ધાકડ ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાએ ડેબ્યુ કેપ પહેરાવી છે.વરુણ ચક્રવર્તીએ ટી20 સીરિઝમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ 5 મેચમાં 14 વિકેટ લીધી હતી. તેને તક આપવા માટે, કુલદીપ યાદવને આરામ આપવામાં આવ્યો છે. જે લાંબા ઈજાના વિરામને કારણે ટીમ ઈન્ડિયાની બહાર હતો. આ મેચમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી પણ વાપસી કરી રહ્યો છે. તે ઈજાના કારણે સીરિઝની પહેલી મેચ રમી શક્યો ન હતો. ત્યારે પ્લેઈંગ 11માં સામેલ કરવાને કારણે વધુ એક બદલાવ કરવામાં આવ્યો હતો. વિરાટ કોહલીની વાપસીના કારણે યશસ્વી જ્યસ્વાલ પ્લેઈંગ 11થી બહાર થયો છે. તે સીરિઝની પહેલી મેચમાં માત્ર 15 રન બનાવી શક્યો હતો. આ મેચમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી પણ વાપસી કરી રહ્યો બદલાવ કરવામાં આવ્યો હતો. વિરાટ કોહલીની વાપસીના કારણે યશસ્વી જ્યસ્વાલ પ્લેઈંગ 11થી બહાર થયો છે. તે સીરિઝની પહેલી મેચમાં માત્ર 15 રન બનાવી શક્યો હતો.

# 32 મી ઓવરના પાંચમાં બોલ પર હર્ષિત રાણાની એક ભૂલ પર રોહિત શર્માને આવ્યો ગુસ્સો

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે કટકમાં રમાયેલી બીજી વનડે મેચ દરમિયાન એક ઘટના બની, જેના કારણે કૅપ્ટન રોહિત શર્મા ભારે નારાજ થયા. યુવક ઝડપી બોલર હર્ષિત રાણાએ શાનદાર બોલિંગ કરી હતી, પરંતુ એક ગંભીર ભૂલ કરીને ઈંગ્લેન્ડને અનાવશ્યક ફાયદો આપી દીધો. આ ભૂલ પર રોહિત શર્માએ મેદાન પર જ હર્ષિતને ઠપકો આપ્યો. ઝડપી બોલરો માટે આક્રમકતા જરૂરી હોય છે, પરંતુ ક્યારેક જોશમાં થયેલી એક નાની ભૂલ ટીમ માટે ભારે પડી શકે છે. હર્ષિત રાણાએ એક અનાવશ્યક એક્શન કર્યું, જેના કારણે કૅપ્ટન રોહિત શર્માને ભારે ગુસ્સો આવ્યો. ગંદી થ્રો થવાના કારણે બોલ સ્ટમ્પને વાગ્યો નહીં અને સીધો બાઉન્ડ્રી પાર ગયો, જેના કારણે ઈંગ્લેન્ડને ફ્રીમાં 4 રન મળી ગયા. રોહિત શર્માની કડક ટીપ્પણી હર્ષિત રાણાની આ મૂર્ખામી ભરી હરકત જોઈ રોહિત શર્માને ભારે ગુસ્સો આવ્યો. હર્ષિતનો ઓવર તો મેડન થઈ શકતો હતો, પણ 4 રન ગમે તેમ મળતા ભારત માટે નુકસાન થઈ ગયું. હર્ષિત રાણાની પ્રદર્શન પર નજર મેચમાં હર્ષિત રાણાએ 9 ઓવરમાં 62 રન આપ્યા અને 1 વિકેટ મેળવી. જો કે, આ એક નાની ભૂલે તેમનું સારું પ્રદર્શન થોડું ફિક્કું કરી દીધું. આ ઘટના નવા ખેલાડીઓ માટે એક મોટો પાઠ છે કે આક્રમકતા સાથે સમજદારી પણ જરૂરી છે. રોહિત શર્માના અનુભવી નેતૃત્વ હેઠળ હર્ષિત ભવિષ્યમાં વધુ સજાગ રહેશે, અને આ પ્રકારની ભૂલો ટાળી શકશે

# રોહિતની ધમાકેદાર બેટિંગ વચ્ચે કેમ રોકાઈ મેચ, જાણો કારણ

(એજન્સી) કટક તા 10

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ODI સિરીઝની બીજી મેચ કટકમાં રમાઈ રહી છે. ટીમ ઈન્ડિયાની ઈનિંગ દરમિયાન લાઈટો બંધ થઈ ગઈ હતી. કટકના બારાબતી સ્ટેડિયમની ફ્લડલાઈટ અચાનક બગડી ગઈ. આના કારણે મેદાન પરનો પ્રકાશ ઓછો થઈ ગયો. લાઈટ બંધ થઈ ગયા પછી મેચ લાંબા સમય સુધી રોકાઈ રહી. પ્રથમ બેટિંગ કરતા ઈંગ્લેન્ડે ભારતને 305 રનનો લક્ષ્યાંક આપ્યો હતો. જેના જવાબમાં ટીમ ઈન્ડિયાની શરૂઆત વિસ્ફોટક રહી. ઈંગ્લેન્ડ દ્વારા આપવામાં આવેલા લક્ષ્યનો પીછો કરતા ટીમ ઈન્ડિયાએ 6.1 ઓવરમાં કોઈ પણ નુકસાન વિના 48 રન બનાવી લીધા. આ સમય દરમિયાન રોહિત શર્માએ 18 બોલમાં 29 રન બનાવ્યા હતા. રોહિતે આ ઈનિંગમાં 3 છગ્ગા અને 1 ચોગ્ગો ફટકાર્યો. શુભમન ગિલે 19 બોલમાં 17 રન બનાવ્યા. ગિલે 3 ચોગ્ગા ફટકાર્યા. પરંતુ આ પછી પ્રકાશમાં સમસ્યા આવી.ભારતીય ઈનિંગ્સની છઠ્ઠી ઓવર દરમિયાન



ફ્લડલાઈટમાં સમસ્યા હતી. આ કારણે મેચ થોડા સમય માટે રોકી દેવામાં આવી હતી. પરંતુ આ પછી ફક્ત એક જ બોલ ફેંકાયો અને પછી લાઈટ્સ બંધ થઈ ગઈ. આ કારણે મેચ અધવચ્ચે જ રોકવી પડી. આ જોઈને ટીમ ઈન્ડિયાના ખેલાડીઓ મેદાન છોડીને ચાલ્યા ગયા. ઈંગ્લેન્ડના ખેલાડીઓ પણ મેદાન છોડીને ગયા. પ્રકાશની સમસ્યાને કારણે મેચ રોકી દેવામાં આવી હતી. ગુસ્સે ભરાયેલા ફેન્સે સોશિયલ મીડિયા પર પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો. ટીમ ઈન્ડિયાના ફેન્સે ઈન્સ્ટાગ્રામ પર ઘણી પોસ્ટ શેર કરી છે.

# આ શું પાકિસ્તાન ક્રિકેટ ટીમની નવી જર્સી પર ઉડી રહી છે મજાક

(એજન્સી) પાકિસ્તાન તા 10

પાકિસ્તાન ક્રિકેટ ટીમે આઈસીસી ચેમ્પિયન ટ્રોફી માટે પોતાની નવી જર્સી લોન્ચ કરી છે. પરંતુ આ સાથે સોશિયલ મીડિયા પર પાકિસ્તાનની ક્રિકેટ ટીમની ખુબ મજાક ઉડી રહી છે. પાકિસ્તાનની નવી જર્સીને લઈ કહેવામાં આવી રહ્યું છે કે, તેમણે આયરલેન્ડની જર્સીની કોપી કરી છે. આઈસીસી ચેમ્પિયન ટ્રોફી શરુ થવામાં હવે માત્ર થોડા દિવસનો જ સમય બાકી છે. ટૂર્નામેન્ટ માટે તમામ ટીમો તૈયારીમાં લાગી છે. ટૂર્નામેન્ટની પહેલી મેચ 19 ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાશે. ત્યારે પાકિસ્તાનની ટીમે ચેમ્પિયન ટ્રોફી માટે પોતાની નવી જર્સી લોન્ચ કરી છે પરંતુ આ સાથે તેની મજાક ઉડવા લાગી છે. સોશિયલ મીડિયા પર ચાહકો પાકિસ્તાનની નવી જર્સીને લઈ કહી રહ્યા પાકિસ્તાનની આ નવી જર્સીને લઈ ચાહકો પુછી રહ્યા છે કે, શું ખરેખર આ પાકિસ્તાન ક્રિકેટ ટીમની નવી જર્સી છે કે, આયરલેન્ડની. તમને જણાવી દઈએ કે, ચેમ્પિયન ટ્રોફી માટે પાકિસ્તાની ટીમે જે લીલા રંગની જર્સી લોન્ચ કરી છે. તે આયરલેન્ડની ટીમની જર્સી જેવી દેખાય છે. આ કારણે રાખી છે. જે ભારતીય રુપિયામાં અંદાજે 3500 રુપિયામાં ખરીદી શકો છો. પાકિસ્તાની રુપિયામાં આની કિંમત 11 હજાર રુપિયા છે.

પાકિસ્તાન ક્રિકેટ ટીમની નવી જર્સી ચાહકો પણ ખરીદી શકે છે.પીસીબીએ જર્સીની કિંમત 40 ડોલર રાખી છે. જે ભારતીય રુપિયામાં અંદાજે 3500 રુપિયામાં ખરીદી શકો છો. પાકિસ્તાની રુપિયામાં આની કિંમત 11 હજાર રુપિયા છે.

# ચેમ્પિયન ટ્રોફી પહેલા ખેલાડીને આંખમાં બોલ વાગ્યો, સ્ટાર ખેલાડી લોહીથી લથપથ થયો

(એજન્સી) લાહોર તા 10



લાહોરના પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી મેચ દરમિયાન રચિન રવીન્દ્રને ગંભીર ઈજા થઈ છે. જેના કારણે તેને મેદાનમાંથી બહાર થવું પડ્યું છે અને તે ફરી મેદાનમાં પરત ફરી શક્યો ન હતો. ચેમ્પિયન ટ્રોફી નજીક રચિન રવિન્દ્રને ઈજા થતા ન્યુઝીલેન્ડની ટીમ મુશ્કેલીમાં મુકાય છે.`મ્પિયન ટ્રોફી 2025 શરુ થવાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પરંતુ કેટલીક ટીમનું ટેન્શન પૂર્ણ થવાનું નામ લઈ રહી નથી. ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાના કેટલાક ખેલાડીઓ પહેલાથી જ ઈજાથી ઝઝુમી રહ્યા છે. હવે ન્યુઝીલેન્ડ પર મુસીબત આવી છે. પહેલા સ્ટાર ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસનને ઈજા થઈ હતી. હવે યુવા ઓલરાઉન્ડર રચિન રવિન્દ્રની સાથે મેદાન પર એક ગંભીર ઘટના બની છે. જેમણે ટીમનું ટેન્શન વધારી દીધું છે. રવીન્દ્રની સાથે આ ઘટના પાકિસ્તાન-ન્યુઝીલેન્ડની મેચ દરમિયાન થઈ છે. જેમાં તેની આંખ પાસે બોલ વાગ્યો અને લોહી નીકળ્યા હતા. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં 3 દેશ વચ્ચે વનડે સીરિઝની પહેલી મેચ દરમિયાન આ ઘટના બની છે. શનિવાર 8 ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે આ મેચમાં રચિન રવિન્દ્ર ફીલ્ડિંગ દરમિયાન એક કેચ પકડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. જે તેને ભારે પડ્યો હતો અને આ ઘટના બની હતી. ઓવરમાં જ્યારે સ્પિનર માઈકલ બ્રેસબેલ બોલિંગ કરી રહ્યો હતો અને પાકિસ્તાન માટે ખુશદિલ શાહ બેટિંગ કરી રહ્યો હતો. પાકિસ્તાનની ટીમ 331 રનના લક્ષ્યાંકનો પીછો કરી રહી હતી. ત્યારે મોટા શોર્ટની જરુર હતી, બ્રેસવેલ આ ઓવરના ત્રીજા બોલ પર બેટસમેન ખુશદિલે સ્લોગ સ્વીપ રમ્યો પરંતુ ડીપ સ્કવાયર લેગ પર હાજર રચિનની પાસે આ સીધો કેચ ગયો. દરેક લોકોને લાગતું હતુ કે, આ કેચ સરળ છે અને પકડી લેશે. પરંતુ સ્ટેડિયમમાં ફ્લડ લાઈટ્સના કારણે તેને બોલ દેખાયો નહિ. અને કેચ પકડી શક્યો નહિ. બોલ સીધો તેની આંખમાં વાગ્યો હતો. તેની આંખમાંથી લોહીની ધાર થઈ હતી.

# 33 વર્ષના બેટ્સમેનની એક અઠવાડિયામાં બીજી સદી

(એજન્સી) નવી દિલ્હી તા 10

કરુણ નાયરે રણજી ટ્રોફી ક્વાર્ટર ફાઈનલમાં તામિલનાડુ સામે 100 રનની નોટઆઉટ ઈનિંગ રમી છે. વિજય હઝારે ટ્રોફીમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું છતાં, ભારતીય ટીમમાં તેમનું સિલેક્શન કેમ નથી થતું તે સવાલ ફેન્સને સતાવી રહ્યો છે. નામ બડે ઔર દર્શન છોટે જેવી હાલ ભારતના ધૂરંધર ક્રિકેટરોના થઈ રહ્યા છે, જેમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ જેવા ખેલાડીઓ એક સમયે એકલા હાથે મેચને પલટી નાખવાની તાકાત ધરાવતા હતા તેના બદલે હવે તેઓ ટીમમાં યોગદાનના નામે શૂન્ય સાબિત થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં નવા ખેલાડીઓ તરખાટ મચાવી રહ્યા છે, જેમાં કેટલાક ખેલાડીઓ એવા પણ છે કે ધનાધન રન બનાવીને સૌ કોઈને આશ્ચર્યમાં મૂકી રહ્યા છે. ડોમેસ્ટિક ક્રિકેટથી લઈને ઈન્ટરનેશનલ મેચો સુધી ભારતના મોટા ભાગના બેટર જ્યારે ફ્લોપ ચાલી રહ્યા છે ત્યારે કરુણ નાયરના બેટમાંથી આગ નીકળી રહી છે. ક્યારેક ઈંગ્લેન્ડ સામે ત્રિપલ સદી ફટકારનાર કરુણ નાયરે શનિવારે વધુ એક સદી ફટકારી છે. આ વખતે તેમના બેટની માર તામિલનાડુના બોલરો પર પડી છે. કરુણ નાયરે રણજી ટ્રોફીના આ ક્વાર્ટર ફાઈનલ મુકાબલામાં 100 રનની નોટઆઉટ ઈનિંગ રમી. તેમણે 1 ફેબ્રુઆરીએ હૈદરાબાદ સામે પણ સદી ફટકારી હતી.કરુણ નાયરને દાનિશ મલેવરના રૂપમાં ઉત્તમ સાથી પણ મળ્યો છે. આ બંનેએ ચોથા વિકેટ માટે 98 રનની ભાગીદારી કરી ટીમને સંભાળી લીધી છે.

# રોહિત શર્માએ રચ્યો ઈતિહાસ, દિગ્ગજોના લિસ્ટમાં થયો સામેલ

(એજન્સી) કટક તા 10

રોહિત શર્માએ ઈંગ્લેન્ડ સામેની બીજી વનડેમાં ભારતીય કેપ્ટન તરીકે એક અનોખો રેકોર્ડ બનાવ્યો છે. રોહિત શર્મા ભારતના વનડે કેપ્ટન તરીકે 50મી મેચ પૂર્ણ કરીને વિરાટ કોહલી અને એમએસ ધોનીના વિશિષ્ટ ક્લબમાં જોડાઈ ગયો છે. આ સિદ્ધિ મેળવનાર તે આઠમો ભારતીય બન્યો છે. આ સાથે, તે એમએસ ધોની, વિરાટ કોહલી અને સચિન તેંડુલકર જેવા દિગ્ગજોના લિસ્ટમાં જોડાઈ ગયો છે.

સૌથી વધુ વનડે મેચોમાં ભારત માટે કેપ્ટનશીપ કરવાનો રેકોર્ડ એમએસ ધોનીના નામે છે. તે ભારતના સૌથી સફળ કેપ્ટનોમાંના એક છે. તેની કેપ્ટનશીપ હેઠળ, ભારતે 2011 માં ODI વર્લ્ડકપનો ખિતાબ જીત્યો. રોહિત શર્માને કેપ્ટનશીપ સોંપતા પહેલા વિરાટ કોહલીએ 95 મેચોમાં ટીમ ઈન્ડિયાનું નેતૃત્વ પણ કર્યું છે. જો ભારત બીજી વનડેમાં ઈંગ્લેન્ડને હરાવે છે, તો રોહિત ગાંગુલીના રેકોર્ડને તોડી નાખશે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ભારતનો ચોથો સૌથી સફળ કેપ્ટન બનશે. ભારતીય કેપ્ટન તરીકે,



રોહિતે અત્યાર સુધીમાં તમામ ફોર્મેટમાં 135 મેચોમાંથી 97 મેચ જીતી છે. સૌરવ ગાંગુલીએ 195 મેચોમાં ભારતનું નેતૃત્વ કર્યું છે. આમાં તેને 97 મેચ જીતી છે.રોહિત શર્માએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાના મામલે ક્રિસ ગેલને પાછળ છોડી દીધો છે. તેના નામે 267 મેચમાં 333* છગ્ગા છે. હિટમેન આજે ખૂબ જ સારા ફોર્મમાં જોવા મળી રહ્યો છે.

# મેચની આગલી રાત્રે ભારતીય ટીમ ગ્રાઉન્ડમાં પ્રેક્ટિસ કરવા પહોંચી તો ચોંકી ગઈ હતી

(એજન્સી) કટક તા 10

ભારતીય ટીમ કટકમાં રાત્રે પ્રેક્ટિસ કરવા પહોંચી તો અદ્ભૂત માહોલ જોવા મળ્યો (BCCI)ભારતીય ટીમ કટકમાં રાત્રે પ્રેક્ટિસ કરવા પહોંચી તો અદ્ભૂત માહોલ જોવા મળ્યો (BCCI) કટકમાં મેચની એક રાત પહેલાનો માહોલ જબરજસ્ત હતો, જેમાં મોટી સંખ્યામાં દર્શકો મેચ રમાતી હોય તેવા દ્રશ્યો ઉભા કર્યા હતા. મોટી સંખ્યામાં લોકો ટીમ ઈન્ડિયાનું પ્રેક્ટિસ સેશન જોવા માટે ઉમટી પડ્યા હતા અને આ જોઈને ખેલાડીઓને પ્રેક્ટિસ દરમિયાન મેચ ચાલુ હોય તેવો અનુભવ થયો હતો. ટીમ ઈંગ્લેન્ડના નબળા ગ્રહ, 436 દિવસ બાદ ઘાતક બોલરે કર્યું કમબેક, લાગશે જીતની હેટ્રિક? 22 જાન્યુઆરીએ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી20નો મહાસંગ્રામ, અહીં જોઈ શકશો લાઈવ મેચ યશસ્વી જાયસવાલે ઈતિહાસ રચી દીધો: ટેસ્ટમાં સૌથી ઝડપી 1000 રન



બનાવ્યા 5મી ટેસ્ટમાં ઈંગ્લેન્ડની ખરાબ હાલત, ભારતના ખૂંખાર બોલર્સે 218 રનમાં ઓલઆઉટ કરી દીધાભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ત્રણ મેચોની વનડે સીરિઝ ચાલી રહી છે, જેમાની બીજી વનડે કટકમાં રમાઈ રહી છે. કટકમાં મેચ પહેલા ભારતીય ટીમે ઘણી પ્રેક્ટિસ કરી હતી અને રાતના સમયે ડ્યુ સહિતની સ્થિતિ કેવી હશે તે જાણવા માટે રાતના સમયે પણ બેટિંગ અને બોલિંગની પ્રેક્ટિસ કરી હતી. ભારતીય ટીમ પ્રેક્ટિસ માટે પહોંચી તો મેદાનમાં એક અલગ જ નજારો જોવા મળ્યો હતો. મેચ દરમિયાન જેવી ભીડ સ્ટેડિયમમાં દર્શકોની હોય તેવો જ માહોલ ખેલાડીઓને પ્રેક્ટિસ દરમિયાન જોવા મળ્યો હતો. વિરાટ કોહલીને આટલી ભીડ સાથે પ્રેક્ટિસ કરવાનો અનુભવ કેવો રહ્યો તે અંગે વાત કરી હતી. ભારતીય ટીમ કટકમાં શનિવારે રાત્રે પ્રેક્ટિસ કરવા માટે પહોંચી ત્યારનો માહોલ કેવો હતો તે દર્શાવતો એક વીડિયો બીસીસીઆઈએ શેર કર્યો છે, જેમાં દર્શકોએ પોતાના ગમતા ક્રિકેટ વિશે પણ વાત કરી હતી. ભારતીય ટીમ પ્રેક્ટિસ માટે મેદાનમાં સાંજના સમયે ઉતરી ત્યારે સ્ટેડિયમમાં બેઠેલા દર્શકોએ તેમને ચિયર કરીને વધાવી લીધા હતા. વિરાટ કોહલી સ્ટેડિયમમાં આવતા જ દર્શકોએ વિરાટ.. વિરાટ..ની બૂમો પાડી હતી.

# ધવનની ટીમે ભુક્કા બોલાવી નાખ્યા, 15 ઓવરમાં 195 રન



(એજન્સી)દુબઈ તા 10

શિખર ધવનની ટીમે બનાવ્યો રેકોર્ડશિખર ધવનની ટીમે બનાવ્યો રેકોર્ડ લીજેન્ડ 90 લીગમાં શનિવારે રેકોર્ડ તોડ બેટિંગ જોવા મળી. શિખર ધવનની ટીમ દિલ્હી રોયલ્સે માત્ર 15 ઓવરમાં 195 રન ફટકારી લીગનો સૌથી મોટો સ્કોર બનાવી દીધો હતો. નવી દિલ્હી : લીજેન્ડ 90 લીગમાં શનિવારે રેકોર્ડ તોડ બેટિંગ જોવા મળી. શિખર ધવનની ટીમ દિલ્હી રોયલ્સે માત્ર 15 ઓવરમાં 195 રન ફટકારી લીગનો સૌથી મોટો સ્કોર બનાવી દીધો હતો. દિલ્હી રોયલ્સે આ રેકોર્ડતોડ પ્રદર્શનમાં સિમંસની મોટી ભૂમિકા રહી. તેણે માત્ર 39 રનમાં 87 રનની ઈનિંગ રમી. તેના આ પ્રદર્શનના આધારે જ દિલ્હી રોયલ્સે રાજસ્થાન કિંગ્સને સરળતાથી હરાવી દીધું.લીજેન્ડ 90 લીગમાં દિલ્હી રોયલ્સ અને રાજસ્થાન કિંગ્સની મેચ રાયપુરના શહીદ વીર નારાયણ સિંહ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ હતી. દિલ્હીએ પહેલા બેટિંગ કરતા લીગનો અત્યાર સુધીનો સૌથી મોટો સ્કોર બનાવ્યો હતો. તેણે 15 ઓવરમાં 195 રન ઠોકી રાજસ્થાનને મુશ્કેલ ટાર્ગેટ આપ્યો હતો. રાજસ્થાનની ટીમ તેના જવાબમાં 4 વિકેટ ગુમાવીને 154 રન જ બનાવી શકી હતી.

# સૌથી મોંઘી ઓવર, 1 ઓવરમાં 17 નો બોલ અને 77 રન કર્યા

(એજન્સી) નવી દિલ્હી તા 10

ક્રિકેટ ઈતિહાસમાં ઘણાં રેકોર્ડ બન્યાં અને ધરાશાયી થયા છે. પરંતુ 35 વર્ષ પહેલાં બનેલો રેકોર્ડ આજે પણ યથાવત છે. તમને બધાને જાણીને આશ્ચર્ય થશે કે, એક ઓવર એટલે કે, 6 બોલમાં પણ 77 રન બની ચૂક્યા છે. આશરે 35 વર્ષ પહેલાં વેલિંગ્ટનના બર્ટ વેન્સે 20 ફેબ્રુઆરી 1990ના રોજ કેંટરબરી સામે ફર્સ્ટ ક્લાસ મેચમાં 22 બોલની ઓવર ફેંકી હતી. કેંટરબરીને 2 ઓવરમાં જીત માટે 95 રનની જરૂર હતી. ત્યારે વેન્સે 17 નો બોલ વાળી પોતાની ઓવરમાં 77 રન લૂંટાવ્યાં હતા. આ એક પ્રથમ શ્રેણીની મેચ હતી જેમાં કેંટરબરીના પ્લેયર લી જર્મને એકલા એક ઓવરમાં તોફાની 70 રન બનાવ્યાં હતા. આ ક્રિકેટની કોઈ ઓવરમાં બેટ્સમેન દ્વારા બનાવેલો સર્વશ્રેષ્ઠ સ્કોર હતો. જ્યારે તેના સાથી ઓવરમાં કુલ 22 બોલ નાખ્યાં હતા. આ ઘટના ક્રાઈસ્ટચર્ચમાં કેંટરબરી સામે વેલિંગ્ટનની શેલ ટ્રોફી મેચના છેલ્લા દિવસે બની હતી. આ વેલિંગ્ટનના સિઝનની છેલ્લી મેચ હતી અને તેઓએ પોતાની ઈનિંગ ડિકલેર કરી અને કેંટરબરીને 59 ઓવરમાં 291 રનનો ટાર્ગેટ આપ્યો હતો.

# સચિન તેંડુલકરનો વધુ એક રેકોર્ડ તૂટવાની અણીએ, આ બેટ્સમેન પહોંચી ગયો નજીક

(એજન્સી) નવી દિલ્હી તા 10

સચિન તેંડુલકરનો રેકોર્ડ ખતરામાંસચિન તેંડુલકરનો રેકોર્ડ ખતરામાં ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ખરાબ પ્રદર્શન પછી કોહલીએ દિલ્હી તરફથી એક રણજી મેચ પણ રમી, પરંતુ આ મેચમાં પણ તે માત્ર 6 રન બનાવી શક્યો હતો, પરંતુ કોહલીએ વનડે ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને તે આ ફોર્મેટમાં 14 હજાર રન પૂરા કરવાથી માત્ર 94 રન દૂર છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રવિવારે કટકમાં યોજાનાર બીજી વનડેમાં કેપ્ટન રોહિત શર્માના ફોર્મની સાથે સાથે સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીની ફિટનેસ પર પણ નજર રહેશે. કોહલી જમણાં ઘુંટણમાં સોજાને કારણે મેચ રમી શક્યો નહોતો. તેથી 19 ફેબ્રુઆરીએ શરૂ થનાર ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા તેની ફિટનેસને લઈને ચિંતાના વાદળો ઘેરાયેલા છે. ભારતે નાગપુરમાં રમાયેલી પહેલી વનડેમાં ચાર વિકેટથી જીત નોંધાવીને 3 મેચની સિરિઝમાં લીડ મેળવી લીધી છે અને તેનું લક્ષ્ય પોતાનું વિજય અભિયાન યથાવત રાખી સિરીઝ જીતવાનું રહેશે. કોહલી જો ફિટ થઈને ટીમમાં વાપસી કરે છે, તો તેના ફોર્મ પર પણ નજર હશે. કેમ કે તે છેલ્લા કેટલાક સમયથી રન બનાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. દિલ્હી તરફથી એક રણજી મેચ પણ રમી, પરંતુ આ મેચમાં પણ તે માત્ર 6 રન બનાવી શક્યો હતો, પરંતુ કોહલીએ વનડે ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને તે આ ફોર્મેટમાં 14 હજાર રન પૂરા કરવાથી માત્ર 94 રન દૂર છે. જો આ તે આ સિદ્ધિ મેળવી લેશે તો તે સચિન તેંડુલકર (18,426) અને કુમાર સંગાકારા (14,234) પછી અહીં સુધી પહોંચનાર દુનિયાનો ત્રીજો, પરંતુ સૌથી ઝડપી બેટ્સમેન બની જશે.



## ડિટેન્શન સેન્ટરો ફુલ થતા જેલમાં ધકેલાયા; ઘણા ભારતીયો પણ સામેલ

# અમેરિકામાં દરરોજ 1200 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પકડાઈ રહ્યા છે

(એજન્સી) વોશિંગ્ટન તા 10

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ પર, ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ સામે કાર્યવાહી વધુ તેજ બનાવવામાં આવી છે. ડિટેન્શન સેન્ટરો ફુલ થઈ ગયા છે. પરિસ્થિતિ એવી છે કે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને હવે જેલમાં રાખવામાં આવી રહ્યા છે. લોસ એન્જલસ, મિયામી, એટલાન્ટા અને કેન્સાસ સહિત નવ ફેડરલ જેલોમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને અન્ય ખતરનાક ગુનેગારો સાથે રાખવામાં આવી રહ્યા છે. ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) ડિટેન્શન સેન્ટરમાં ફક્ત 41,000 લોકોને રાખવાની ક્ષમતા છે. આ સેન્ટરોમાં લગભગ 2 હજાર ભારતીયો છે. દરરોજ આશરે 1200 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સની ધરપકડ કરવામાં આવી રહી છે. યુએસ હોમલેન્ડ સિક્યુરિટી સેક્રેટરી ક્રિસ્ટી નિયોમે જણાવ્યું હતું કે અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયન અનુસાર, જેલોમાં સ્થિતિ ભયાનક છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને સમયસર ભોજન આપવામાં આવી રહ્યું નથી. તેમને આપવામાં આવતો ખોરાક વાસી અને દુર્ગંધ મારતો હોય છે. આ ટ્રેનિંગ સૌપ્રથમ ટ્રમ્પ સમર્થિત રિપબ્લિકન રાજ્યોમાં શરૂ કરવામાં આવી છે. ટ્રમ્પે ફેડરલ આદેશો આપ્યા છે, તેથી ડેમોક્રેટિક રાજ્યોમાં પણ ટ્રેનિંગ ફરજિયાત રહેશે.ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને કડકડતી શિયાળામાં ઠંડા ફ્લોર પર સૂવા મજબુર કરવામાં આવે છે. તેમને જેલના સૌથી જર્જરિત કોટડીમાં પૂરવામાં આવી રહ્યા છે. તેઓ રસ્તા પરથી પણ લોકોને પકડી શકે છે.ICE એકમાત્ર એજન્સી છે જે યુએસમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પકડે છે.



### પોલીસ ટાસ્ક ફોર્સ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પણ પકડશે

ટ્રમ્પના બોર્ડર ઝાર હોમ્સ હોમને પોલીસ કમિશનરોને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને ઓળખવા અને ધરપકડ કરવાનો આદેશ આપ્યો છે. આ માટે પોલીસ ટાસ્ક ફોર્સની પણ રચના કરવામાં આવી છે. તેઓ રસ્તા પરથી પણ લોકોને પકડી શકે છે.ICE એકમાત્ર એજન્સી છે જે યુએસમાં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને પકડે છે. આ 25 વર્ષ પછી બનશે જ્યારે સ્થાનિક પોલીસને પણ જવાબદારી સોંપવામાં આવી છે. ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા રાજ્ય પોલીસને પણ ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. દરરોજ 1200 ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પકડાઈ રહ્યા છે.

### સમયસર ખાવાનું અપાતું નથી, ઠંડા ફ્લોર પર સૂવા મજબુર છે

અમેરિકન સિવિલ લિબર્ટીઝ યુનિયન અનુસાર, જેલોમાં સ્થિતિ ભયાનક છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને સમયસર ભોજન આપવામાં આવી રહ્યું નથી. તેમને આપવામાં આવતો ખોરાક વાસી અને દુર્ગંધ મારતો હોય છે. આ ટ્રેનિંગ સૌપ્રથમ ટ્રમ્પ સમર્થિત રિપબ્લિકન રાજ્યોમાં શરૂ કરવામાં આવી છે. ટ્રમ્પે ફેડરલ આદેશો આપ્યા છે, તેથી ડેમોક્રેટિક રાજ્યોમાં પણ ટ્રેનિંગ ફરજિયાત રહેશે.ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને કડકડતી શિયાળામાં ઠંડા ફ્લોર પર સૂવા મજબુર કરવામાં આવે છે. તેમને જેલના સૌથી જર્જરિત કોટડીમાં પૂરવામાં આવી રહ્યા છે.

**અમેરિકામાંથી 11 મિલિયન ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાના પ્લાન :** નિયોમના મતે, ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકામાંથી 11 મિલિયન ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાના પ્લાન પર ઝડપથી કામ કરી રહ્યું છે. ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને દિવસભરમાં ફક્ત અડધા કલાક માટે સેલમાંથી બહાર કાઢવામાં આવે છે.

### ઈમિગ્રન્ટ્સને જેલમાં રાખવાનો આદેશ પણ આપ્યો હતો

નિયોમના મતે, ટ્રમ્પ વહીવટીતંત્ર અમેરિકામાંથી 11 મિલિયન ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને બહાર કાઢવાના પ્લાન પર ઝડપથી કામ કરી રહ્યું છે. ટ્રમ્પે 2019માં તેમના પહેલા કાર્યકાળ દરમિયાન ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને જેલમાં રાખવાનો આદેશ પણ આપ્યો હતો, પરંતુ તેનો અમલ થઈ શક્યો નહીં. ગેરકાયદેસર પણ ગ્વાંતાનામો નેવી બેઝ ખાતે મોકલવામાં આવ્યા છે.

## સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર 25% ટેરિફ વસૂલશે અમેરિકા

(એજન્સી) અમેરિકા તા 10

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે (નવમી ફેબ્રુઆરી) જાહેરાત કરી હતી કે, તે યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને મેક્સિકો સહિત તમામ સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર 25% ટેરિફ લાદવાની યોજના છે. આ પગલું અમેરિકન ઉદ્યોગોને સુરક્ષિત રાખવા અને વેપાર અસંતુલનને સુધારવા માટે છે. ટ્રમ્પનો નિર્ણય અમેરિકાની વેપાર નીતિમાં એક મોટો ફેરફાર દર્શાવે સુપર બાઉલમાં હાજરી આપવા માટે ફ્લોરિડાથી ન્યૂ ઓર્લિયન્સ જતા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એરફોર્સ વનમાં આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'યુનાઈટેડ સ્ટેટ્સમાં આવતા કોઈપણ સ્ટીલ પર 25 ટકા ટેરિફ લાગશે. એલ્યુમિનિયમ પર પણ આ વેપાર દંડ લાગશે' ટ્રમ્પના આ નિર્ણયથી અમેરિકાની વેપાર નીતિમાં એક મોટો ફેરફાર દર્શાવે છે. આ પણ વાંચો: ટ્રમ્પની ટીમ દ્વારા રસ્તામાં રોકી દસ્તાવેજોની ચકાસણી, ઘર-ઓફિસમાં ઘૂસીને ચેકિંગ કરાતા ભારતીયોમાં ફફડાટ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એ પણ સ્પષ્ટ કર્યું કે, 'જો અન્ય દેશો અમેરિકન ઉત્પાદનો પર ટેરિફ લાદે છે, તો અમેરિકા પણ આવી જ નીતિ અપનાવશે. જો અન્ય દેશો અમારી પાસેથી 130 ટકા ડ્યુટી વસૂલતા હોય અને અમે તેમની પાસેથી કંઈ વસૂલતા ન હોઈએ, તો આ પરિસ્થિતિ હવે વધુ સમય સુધી ચાલુ રહી શકે નહીં. અમારે સંતુલિત કરવા પડશે.' આ નિર્ણય ખાસ કરીને કેનેડા અને મેક્સિકો જેવા દેશો માટે ચિંતાનું કારણ બની શકે છે, જે અમેરિકાના વેપાર ભાગીદાર છે. કેનેડાના કાર્યકારી વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો હાલમાં પેરિસમાં છે.

# નોર્થ કોરિયાના તાનાશાહ કિમની જાપાન-અમેરિકાને ચેતવણી

(એજન્સી) પ્યોંગયાંગ તા 10

ઉત્તર કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉને ફરી એકવાર અમેરિકા, દક્ષિણ કોરિયા અને જાપાનને ચેતવણી આપી છે.

ઉત્તર કોરિયાની સરકારી સમાચાર એજન્સી KCNA અનુસાર, શનિવારે એક કાર્યક્રમમાં બોલતા કિમે આ ત્રણેય દેશોના સુરક્ષા જોડાણને ખતરો ગણાવ્યો. કિમે આ જોડાણની તુલના નાટો સાથે કરી. કિમે પોતાના પરમાણુ કાર્યક્રમોને વધુ મજબૂત બનાવવાની ચેતવણી આપી છે. શનિવારે કોરિયન પીપલ્સ આર્મી (KPA) ની 77મી વર્ષગાંઠ નિમિત્તે આપેલા ભાષણમાં કિમે કહ્યું કે અમેરિકા, જાપાન અને દક્ષિણ કોરિયાનું સુરક્ષા જોડાણ કોરિયન દ્વીપકલ્પ પર લશ્કરી અસંતુલન પેદા કરી રહ્યું છે. આ આપણા રાજ્યની સુરક્ષા માટે એક ગંભીર પડકાર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઉત્તર કોરિયાનું મહત્ત્વ ઝડપથી વધ્યું છે.



**જાપાનના પાછા ખેંચાયા પછી, કોરિયા બે ભાગમાં વહેંચાઈ ગયું :** કોરિયા એક દ્વીપકલ્પ છે, એટલે કે, તે ત્રણ બાજુથી સમુદ્રથી ઘેરાયેલું છે અને એક બાજુ મુખ્ય ભૂમિ સાથે જોડાયેલ એક ટાપુ છે. કોરિયન સામ્રાજ્યએ 1904 સુધી અહીં શાસન કર્યું. તેને કબજે કરવા માટે ૧૯૦૪-૦૫માં જાપાન અને ચીન વચ્ચે ભીષણ યુદ્ધ થયું. જાપાન જીતી ગયું અને કોરિયા પર કબજો જમાવ્યો.

### ૨૫ જૂન ૧૯૫૦ના રોજ, ઉત્તર કોરિયાએ ૩૮મી સમાંતર રેખા પાર કરી

દક્ષિણ કોરિયા પર હુમલો કર્યો. ત્રણ વર્ષના યુદ્ધ પછી, ઉત્તર અને દક્ષિણ કોરિયાએ 1953 માં યુદ્ધવિરામ પર હસ્તાક્ષર કર્યા. ફરી એકવાર સરહદ યુદ્ધ પહેલાની જેમ જ 38મા સમાંતર પર નિશ્ચિત કરવામાં આવી. જાપાને પીછેહઠ કરતાં જ કોરિયા બે ભાગમાં વહેંચાઈ ગયું.

**ઉત્તર-દક્ષિણ કોરિયા સરહદ પર શસ્ત્રોનો સૌથી મોટો જથ્થો જમાવટ :** ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચેનો DMZ વિશ્વની સૌથી વધુ સશસ્ત્ર સરહદ છે. માહિતી અનુસાર, સરહદની અંદર અને આસપાસ 20 લાખ માઈન્સ બિછાવવામાં આવી છે. આ ઉપરાંત, સરહદની બંને બાજુ કાંટાળા તારની વાડ, ટેન્ક નેટવર્ક અને લડાયક સૈનિકો પણ તૈનાત છે. આ સરહદ કોરિયન યુદ્ધને સમાપ્ત કરવાના કરારના ભાગ રૂપે બનાવવામાં આવી હતી.

## 'જો તમે યુદ્ધવિરામનો ભંગ કરશો, તો અમે મિસાઈલનો વરસાદ કરીશું'

(એજન્સી) ગાઝા તા 10

ગાઝામાં ચાલી રહેલાં યુદ્ધ વિરામને લઈને યમનના હુથી બળવાખોરોએ ઈઝરાયલને ચેતવણી આપી છે. હુથીઓનું કહેવું છે કે, જો ઈઝરાયલ યુદ્ધ વિરામના કરારને તોડે છે તો અમે મિસાઈલનો વરસાદ કરી દઈશું. હુથીઓએ પહેલાંથી જ લાલ સાગરમાં ઈઝરાયલની નાકાબંધી કરી દીધી છે. આ સિવાય ધમકી આપી છે કે, અમે ઈઝરાયલ સંબંધિત કોઈપણ માલવાહક જહાજ પર હુમલો અને અપહરણ કરતા પહેલાં જરાય ખચકાશું નહીં. ગત થોડા મહિનામાં હુથીઓની અનેક મિસાઈલ અને ડ્રોન ઈઝરાયલ સુધી પહોંચી ચુક્યા છે. હુથી નેતાએ ઈઝરાયલને ધમકાવ્યું હુથી બળવાખોરોના નેતા અબ્લુદ મલિક અલ હુથીએ કહ્યું, 'અમે ગાઝામાં (યુદ્ધ વિરામ) કરારના અમલીકરણ પર નજર રાખી રહ્યાં છીએ. જો ઈઝરાયલ કરારને તોડે છે અને ફરી ઉગ્રતા અને નરસંહાર શરૂ કરે છે, તો અમે પણ તેનો વળતો જવાબ આપીશું'.

## શ્રીલંકામાં એક વાંદરાએ આફત નોતરી! કલાકો સુધી વીજ પૂરવઠો ઠપ

(એજન્સી) શ્રીલંકા તા 10

ભારતના પાડોશી દેશ શ્રીલંકામાં એક વાંદરાને કારણે સમગ્ર દેશમાં વીજળી સંકટ ઉભુ થઈ ગયું હતું. રવિવારે રાજધાની કોલંબોના પાવર ગ્રિડની અડફેટે એક વાંદરો આવી ગયો હતો, જેને કારણે સમગ્ર ગ્રિડ જ નિષ્ફળ ગયું હતું અને વીજળી ગુલ થઈ ગઈ હતી. આ ઘટના સવારે 11 વાગ્યા બાદ બની હતી. કલાકો સુધી શ્રીલંકાની હોસ્પિટલોથી લઈને અનેક જાહેર સ્થળોએ વીજળી બંધ રહી હતી. શ્રીલંકાના ઉર્જા મંત્રી કુમારા જયકોડીએ મીડિયાને જણાવ્યું હતું કે પાનાદુરા વિસ્તારમાં પાવર ગ્રિડના સબસ્ટેશનના સંપર્કમાં એક વાંદરો આવ્યો હતો, જેને કારણે ભારે ધડાકા સાથે વીજળી બંધ થઈ ગઈ હતી. મંત્રીએ સ્વીકાર કર્યો હતો કે આ ઘટનાને કારણે લાંબા સમય સુધી અનેક વિસ્તારોમાં વીજળી બંધ રહી હતી, નેશનલ હોસ્પિટલ પણ તેનો ભોગ બની હતી, જોકે એક કલાક બાદ હોસ્પિટલમાં વીજળી આવી ગઈ હતી. પરંતુ કેટલાક વિસ્તારોમાં પાંચ કલાક સુધી વીજળી નહોતી આવી. વીજળી ગુલ રહેતા દેશના અનેક વિસ્તારોમાં પાણી સંકટ પણ ઉભુ થયું હતું કેમ કે વીજળીના અભાવે મોટરો બંધ રહેતા લોકોને પાણી પહોંચાડવું મુશ્કેલ થઈ ગયું હતું. આ ખુલાસો પણ શ્રીલંકાની સરકાર દ્વારા કરાયો હતો. સાથે લોકોને અગાઉથી જ તેની જાણ કરી દેવાઈ હતી. કેટલાક વિસ્તારોમાં વીજળી સપ્લાય શરૂ કરી દેવાયો હોવાનો સરકારે દાવો કર્યો છે પરંતુ અનેક વિસ્તારો હજુ પણ વીજળી વગરના છે. જેને કારણે લોકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. અહીંના સાઈક્લોન ઈલેક્ટ્રિસિટી બોર્ડની વેબસાઈટે લોકોને જાણ કરતા કહ્યું હતું કે સમગ્ર શ્રીલંકામાં હાલ વીજ સંકટ છે જેને ઠીક કરવાના તમામ પ્રયાસ થઈ રહ્યા છે. લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે જે બદલ અમે માફી માગીએ છીએ. પાનાદુરા વિસ્તારમાં પાવર ગ્રિડના સબસ્ટેશનના સંપર્કમાં એક વાંદરો આવ્યો હતો, જેને કારણે ભારે ધડાકા સાથે વીજળી બંધ થઈ ગઈ હતી. મંત્રીએ સ્વીકાર કર્યો હતો કે આ ઘટનાને કારણે લાંબા સમય સુધી અનેક વિસ્તારોમાં વીજળી બંધ રહી હતી.

## પહેલીવાર માણસમાં જોવા મળ્યો કેમ્પ હિલ વાયરસ, જાણો કેટલો છે ખતરનાક

(એજન્સી) અમેરિકા તા 10

હેનિપાવાયરસમાં અત્યંત ખતરનાક નિપાહ વાયરસનો સમાવેશ થાય છે, જેણે દક્ષિણપૂર્વ એશિયામાં ઘાતક રોગચાળો ફેલાવ્યો છે. જ્યારે કેમ્પ હિલ વાયરસ ક્યારેય મનુષ્યોમાં નોંધાયેલ નથી. પરંતુ નવા માનવ ભૌગોલિક વિસ્તારમાં તેની હાજરી એક મોટા ખતરાની ચેતવણી છે. તેનાથી શ્વાસ લેવામાં તકલીફ, મગજમાં સોજો, હુમલા અને કોમા થઈ શકે છે. કેમ્પ હિલ વાયરસ યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રથમ વખત ઓળખાયો છે. આ વાયરસ ઉંદરોથી માણસોમાં ફેલાઈ શકે છે, જેના કારણે વૈજ્ઞાનિકોમાં ચિંતા વધી ગઈ છે. તે હેનિપાવાયરસ પરિવારમાંથી હોવાનું માનવામાં આવે છે. જે એક ઝૂનોટિક વાયરસ છે. તે ચામાચીડિયા અને શ્રુનો કુદરતી યજમાન છે. હેનિપાવાયરસમાં અત્યંત ખતરનાક નિપાહ વાયરસનો સમાવેશ થાય છે, જેણે દક્ષિણપૂર્વ એશિયામાં ઘાતક રોગચાળો ફેલાવ્યો છે. જ્યારે કેમ્પ હિલ વાયરસ ક્યારેય મનુષ્યોમાં નોંધાયેલ નથી.

### પહેલાંથી જ સમસ્યાઓ છે, વીઝામાં જાણકારી છુપાવવાનો આરોપ હતો

## બ્રિટનના પ્રિન્સ હેરીને ટ્રમ્પ અમેરિકામાંથી હાંકી કાઢશે નહીં

(એજન્સી) વોશિંગ્ટન તા 10

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બ્રિટિશ પ્રિન્સ હેરીને અમેરિકાથી દેશનિકાલ કરવાનો ઈનકાર કરી દીધો છે. ટ્રમ્પે કહ્યું કે તેઓ આવું કંઈ આયોજન કરી રહ્યા નથી. ન્યૂ યોર્ક પોસ્ટ અનુસાર, ટ્રમ્પે કહ્યું, હું એવું નથી કરવા માંગતો, હું તેમને છોડી દઈશ. તેમની પત્ની સાથે પહેલાથી જ ઘણી સમસ્યાઓ છે, તે ખૂબ જ ખરાબ છે. વાસ્તવમાં, હેરી પર તેના વિઝામાં ડ્રગના ઉપયોગ વિશેની માહિતી છુપાવવાનો આરોપ છે. પ્રિન્સ હેરીએ પોતાની આત્મકથા સ્પેર માં કોકેન, ગાંજો અને સાયકાડેલિક ડ્રગ્સ લેવાનું સ્વીકાર્યું છે. આ પછી, હેરિટેજ ફાઉન્ડેશને હેરીની વિઝા અરજી પર પ્રશ્નો ઉભા કર્યા.

### સત્તાવાર રીતે હેરીએ બ્રિટન છોડી દીધું છે

રાજવી પરિવાર સાથેના વિવાદ બાદ પ્રિન્સ હેરીએ સત્તાવાર રીતે બ્રિટન છોડી દીધું છે. તેમનું નવું સરનામું અમેરિકાનું કેલિફોર્નિયા રાજ્ય છે. ગયા વર્ષે (2024), સ્કાય ન્યૂઝે પ્રવાસન ચેરિટી ટ્રાવેલિસ્ટના એક દસ્તાવેજને ટાંકીને આ માહિતી આપી હતી. અત્યાર સુધી, હેરીએ હંમેશા બ્રિટનનો ઉલ્લેખ પોતાના પ્રાથમિક સંબોધન તરીકે કર્યો હતો. આ ફેરફાર 29 જૂન 2023 ના રોજ કરવામાં આવ્યો હતો. 29 જૂન 2023 ના રોજ, બકિંગહામ પેલેસે પુષ્ટિ આપી કે હેરી અને તેની પત્ની મેગન હવે બ્રિટનમાં ફ્રોગમોર કોટેજ છોડી ચૂક્યા છે.

**રાજવી પરિવાર કેવી રીતે તૂટી ગયો :** માર્ચ 2021માં, પ્રિન્સ હેરી અને તેમની પત્ની મેગન માર્કલે એક ટીવી ચેનલને ઈન્ટરવ્યુ આપ્યો હતો. આ ઈન્ટરવ્યુમાં મેગને શાહી પરિવાર પર જાતિવાદનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે રાજવી પરિવાર તેમના પુત્ર આર્ચીને રાજકુમાર બનાવવા માંગતો ન હતો કારણ કે તેના જન્મ પહેલા તેમને ડર હતો કે તેની ત્વચાનો રંગ કાળો થઈ શકે છે. આ પછી રાજવી પરિવારે નિવેદન જારી કરવું પડ્યું. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રાજવી પરિવાર જાતિવાદના મુદ્દાને ગંભીરતાથી લે છે. ફ્રોગમોર કોટેજ એ જ ઘર છે જે 2018 માં રાણી એલિઝાબેથે તેમના લગ્નમાં ભેટમાં આપ્યું હતું. હકીકતમાં, હેરીએ તેમના સંસ્મરણ 'સ્પેર' માં શાહી પરિવાર વિશે ઘણી વિવાદાસ્પદ ટિપ્પણીઓ કરી હતી. આ પછી, હેરી અને તેના પિતા કિંગ ચાર્લ્સ વચ્ચે વિવાદ થયો.

## ટ્રક અને બસ વચ્ચે ટક્કર બાદ 41 લોકો જીવતા ભૂંજાયા

(એજન્સી) મેક્સિકો તા 10

મેક્સિકોમાં મોટી દુર્ઘટના ઘટી છે. દક્ષિણ મેક્સિકોમાં ટ્રક અને બસ વચ્ચે મોટો અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં 41 લોકોના મોત થઈ ગયા છે. હવે મેક્સિકોના ટાબાસ્કો રાજ્યની સરકારે એક નિવેદનમાં જણાવ્યું છે કે, 48 મુસાફરોને લઈને જઈ રહેલી બસની એક ટ્રક સાથે ટક્કર થઈ ગઈ હતી. બસ કેનકનથી ટાબાસ્કો આવી રહી હતી. આ અકસ્માતમાં બસમાં સવાર 38 મુસાફરો અને બે ડ્રાઈવરોના મોત થઈ ગયા છે. આ સાથે જ ટ્રકના ડ્રાઈવરનું પણ મોત થઈ ગયું છે. આ ભયાનક માર્ગ અકસ્માત બાદ બસ આગની લપેટમાં આવી ગઈ હતી અને સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી અને આગમાં 41 લોકો જીવતા ભૂંજાયા છે. આ અકસ્માત શનિવારે સવારે એસ્કાર્સેગા શહેર નજીક સર્જાયો હતો. અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ઘાયલ મુસાફરોના જીવ ખતરામાંથી બહાર છે. આગ ઓલવાઈ ગયા બાદ માત્ર બસના ફ્રેમના અવશેષો જ બચ્યા હતા.ટાબાસ્કોના અધિકારીઓએ જણાવ્યું કે, અત્યાર સુધીમાં 38 મૃતદેહો મળી આવ્યા છે. અકસ્માતગ્રસ્ત બસમાંથી પુરાવા મેળવવાનું કામ ચાલી રહ્યું છે. બસ ઓપરેટર ટુર્સ એકોસ્ટાએ ફેસબુક પર એક નિવેદનમાં અકસ્માતની પુષ્ટિ કરી અને કહ્યું કે 'જે બન્યું તેના માટે અમે ખૂબ જ દુ:ખી છીએ.' આ અધિકારીઓ સાથે મળીને એ જાણવા માટે કામ કરી રહ્યા છીએ કે, અકસ્માત પાછળના કારણો શું હતા અને અકસ્માત થયો ત્યારે બસની ગતિ કેટલી હતી?

### હું વ્યક્તિગત રીતે છું અને હું તેનો ઈન્કાર ન કરી શકું.' આ પહેલા ક્રેમલિને કહ્યું હતું

# રશિયા-યુક્રેન યુદ્ધ 24 કલાકમાં ખતમ કરવાનો દાવો કરનાર ટ્રમ્પની પલટી?



(એજન્સી) અમેરિકા તા 10

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણી પહેલા દાવો કર્યો હતો કે, તેઓ રાષ્ટ્રપતિ બન્યા બાદ 24 કલાકમાં રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરી દેશે. જોકે હવે તેમણે યુદ્ધ અંગે ચોંકાવનારનું નિવેદન આપ્યું છે. આમ તો ટ્રમ્પ યુદ્ધ ખતમ કરવાની તરફેણ કરતા રહે છે. તાજેતરમાં જ તેમણે એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો હતો કે, 'મારા અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે ફોન પર વાતચીત થઈ હતી. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનની ટીકા કરતા કહ્યું કે, 'બાઈડેને આપણા દેશ માટે શરમજનક સ્થિતિ ઉભી કરી દીધી છે. હાલ યુદ્ધ ખતમ કરવામાં થોડો સમય લાગશે. અમે આ યુદ્ધ ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.' ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે ચૂંટણી પહેલા 24 કલાકમાં યુદ્ધ ખતમ કરવાનો દાવો કર્યો હતો, જોકે હવે તેમણે અમે બંનેએ યુદ્ધ ખતમ કરવા અંગે વાત કરી છે.' તેમણે એમ પણ કહ્યું કે, પુતિન પણ ઈચ્છે છે.

### હું રાષ્ટ્રપતિ હોત તો, યુદ્ધ જ શરૂ થયું ન હોત : ટ્રમ્પ

ન્યુયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'માત્ર અમે જ નહીં પુતિન પણ યુદ્ધમાં જીવ ગુમાવનારાઓ મુદ્દે ચિંતિત છે. ત્યાં જે લોકોના મોત થઈ રહ્યા છે, તેઓ આપણા બાળકો જેવા છે. હું ઈચ્છું છું કે, યુદ્ધમાં લોકોનું મરવાનું વહેલીતકે બંધ થવું જોઈએ. લગભગ ત્રણ વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે, જો હું રાષ્ટ્રપતિ હોત તો મેં ક્યારે યુદ્ધ શરૂ ન થવા દીધું હોત. મારા પુતિન સાથે સારા સંબંધો છે.' આ ક્યારેય ખતમ નહીં થશે.

હું પ્રમુખ પદની ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવને 'ટ્રમ્પે યુદ્ધ ખતમ કરવાનું નિવેદન' આપ્યું હોવા અંગે પ્રશ્ન કરવામાં આવ્યો તો તેમણે કહ્યું કે, 'બંને દેશો વચ્ચે વાતચીતના વિવિધ માધ્યમો કામ કરે છે. ટ્રમ્પે નિવેદન આપ્યું હોવાનું અને તેમણે પુતિન સાથે વાતચીત કરી હોવા વિશે હું વ્યક્તિગત રીતે છું અને હું તેનો ઈન્કાર ન કરી શકું.' આ પહેલા ક્રેમલિને કહ્યું હતું કે, રશિયા શાંતિ ઈચ્છે છે અને તેઓ શાંતિ માટે અમેરિકા સાથે વાતચીત કરવા તૈયાર છે. ચૂંટણી જીત્યા બાદ સત્તા હસ્તગત કરતા પહેલા જ આ મામલાનો ઉકેલ લાવી દઈશ. હું 24 કલાકમાં રશિયા-યુક્રેન યુદ્ધને રોકી શકુ છું.

### ટ્રમ્પે 24 કલાકમાં યુદ્ધ ખતમ કરવાનો દાવો કર્યો હતો

તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડેનની ટીકા કરતા કહ્યું કે, 'બાઈડેને આપણા દેશ માટે શરમજનક સ્થિતિ ઉભી કરી દીધી છે. હાલ યુદ્ધ ખતમ કરવામાં થોડો સમય લાગશે. અમે આ યુદ્ધ ખતમ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.' ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પે ચૂંટણી પહેલા 24 કલાકમાં યુદ્ધ ખતમ કરવાનો દાવો કર્યો હતો, જોકે હવે તેમણે કહ્યું છે કે, યુદ્ધ સમાપ્ત કરવામાં થોડો સમય લાગશે.

### ટ્રમ્પના નિવેદનથી ક્રેમલિન અજાણ

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસકોવને 'ટ્રમ્પે યુદ્ધ ખતમ કરવાનું નિવેદન' આપ્યું હોવા અંગે પ્રશ્ન કરવામાં આવ્યો તો તેમણે કહ્યું કે, 'બંને દેશો વચ્ચે વાતચીતના વિવિધ માધ્યમો કામ કરે છે. ટ્રમ્પે નિવેદન આપ્યું હોવાનું અને તેમણે પુતિન સાથે વાતચીત કરી હોવા વિશે હું વ્યક્તિગત રીતે છું અને હું તેનો ઈન્કાર ન કરી શકું.' આ પહેલા ક્રેમલિને કહ્યું હતું કે, રશિયા શાંતિ ઈચ્છે છે અને તેઓ શાંતિ માટે અમેરિકા સાથે વાતચીત કરવા તૈયાર છે.

### ટ્રમ્પે ચૂંટણી પહેલા ઝેલેન્સ્કીની ટીકા કરી હતી

ચૂંટણી પહેલા ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સકીની ટીકા કરતા કહ્યું હતું કે, 'અત્યાર સુધી જન્મેલા તમામ નેતાઓમાંથી ઝેલેન્સકી કદાચ શ્રેષ્ઠ સેલ્સમેન છે. દર વખતે તેઓ આપણા દેશમાં આવે છે અને 60 અબજ ડોલર લઈને ચાલ્યા જાય છે. તે ચાર દિવસ પહેલા અમેરિકાથી 60 બિલિયન ડોલર લઈને વતન પહોંચ્યા હતા અને ત્યાં પહોંચીને ફરી જાહેરાત કરી દીધી હતી કે અમને 60 બિલિયન ડોલરની વધુ મદદની જરૂર છે.

## કાઠમંડુમાં પહાડ પરથી બસ નીચે ખાબકી, 2 લોકોના મોત

(એજન્સી) નેપાળ તા 1

નેપાળમાં એક ભયાનક બસ અકસ્માત થયો છે, જેમાં 2 લોકોના મોત થયા છે અને 41 લોકો ઘાયલ થયાની જાણકારી મળી રહી છે. મૃતકમાં એક 8 વર્ષના બાળકનો પણ સમાવેશ થાય છે. પોલીસે જાણકારી આપતા જણાવ્યું કે આ અકસ્માત રાજધાની કાઠમંડુથી 20 કિમી દક્ષિણમાં દક્ષિણકાલી નગરપાલિકાના ફારપિંગ વિસ્તારમાં થયો છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માત ત્યારે થયો જ્યારે એક સ્કૂલ બસ પહાડી રસ્તા પરથી 150 મીટર નીચે પડી ગઈ. આ સમય દરમિયાન સ્થળ પર લોકો બૂમાબૂમ અને ચીસો પાડી રહ્યા હતા.ઘટનાની માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે બસ રસ્તાથી 150 મીટર નીચે પડી જતાં 35 વર્ષીય ડ્રાઈવર અને 8 વર્ષના છોકરાનું મોત થયું છે, જ્યારે અન્ય 41 લોકો ઘાયલ થયા છે. બસમાં 3થી 12 વર્ષની વયના 41 વિદ્યાર્થીઓ અને એક શિક્ષક હોવાનું જાણવા મળી રહ્યું છે. આ અકસ્માતમાં કેટલાક લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. મૃત્યુ પામેલા બે લોકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. મૃતકોના પરિવારજનોને જાણ કરવામાં આવી છે.પોલીસે જણાવ્યું હતું કે સહેજ ઘાયલ થયેલા 8 વિદ્યાર્થીઓને પ્રાથમિક સારવાર બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા હતા, જ્યારે બાકીના 32 વિદ્યાર્થીઓ અને શિક્ષકને કાઠમંડુની વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેની સારવાર ચાલી રહી છે. આ ઘટનાએ ખળભળાટ મચાવી દીધો છે.

# "મહારાષ્ટ્રના સંત કવિઓના મજબૂત અવાજો અને સામાજિક ચેતના જાગૃત રાષ્ટ્ર"

(એજન્સી) મુંબઈ । તા. 10

મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી, મુંબઈ દ્વારા 'રાષ્ટ્રમાં સામાજિક ચેતના જાગતા મહારાષ્ટ્રના સંત કવિઓના મજબૂત અવાજો' વિષય પર એક દિવસીય સાહિત્યિક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.આ ગૌરવપૂર્ણ પરિસંવાદમાં વિવિધ વક્તાઓએ સંપુર્ણ સહમતિ વ્યક્ત કરી હતી કે રાષ્ટ્ર અને મહારાષ્ટ્રના સંતોએ આપણા સમાજમાં હંમેશા અજ્ઞાનતા, સંકુચિતતા અને જાતિ ભેદભાવનો વિરોધ કર્યો છે.

મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્ય શ્યામ શર્માના સંકલનમાં રાધાકિશન લક્ષ્મીનારાયણ તોશનીવાલ સાયન્સ કૉલેજ, અકોલાના સભાગૃહમાં રવિવાર, 9 ફેબ્રુઆરી, 2025ના રોજ આ એક દિવસીય સેમિનારનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.આ સેમિનારના ચર્ચા સત્રનું ઉદ્ઘાટન પ્રો. નારાયણ કુલકર્ણી કાવથેકર સહિત દરેક વક્તાનો એક જ અભિપ્રાય હતો કે આપણી સંત પરંપરાએ ક્યારેય જાતિના આધારે એકબીજા સાથે ભેદભાવ કર્યો નથી અને તેઓ એકબીજાને શ્રેષ્ઠ માનતા હતા. વિવિધ વક્તાઓએ જણાવ્યું હતું કે સંતો સંત છે અને તેમની વચ્ચે કોઈ ભેદભાવ રાખી શકાય નહીં. અનાદિ કાળથી સંત પરંપરા ચાલી આવી છે. મહારાષ્ટ્રના મરાઠી પ્રભુત્વવાળા રાજ્યના ભગવાન વિઠ્ઠલ મૂળ મહારાષ્ટ્રના નથી પણ કર્ણાટકના છે, પરંતુ સૌથી મોટું સત્ય એ છે કે તેઓ સમગ્ર બ્રહ્માંડના છે. એ જ રીતે ગોરખનાથ અને તિરુવિલ્લુવરની સંત પરંપરા જાતિ, ધર્મ, ભાષા અને પ્રદેશથી ઘણી ઉપર છે.સેમિનારના સ્વાગત વક્તા તરીકે BGE સોસાયટીના પ્રમુખ એડવોકેટ મોતીસિંહ મોહતા હતા. આ વિષયના નિષ્ણાત વિશેષ અતિથિ અને જાણીતા સાહિત્યકાર અને ગીતકાર ડૉ. રામપ્રકાશ વર્માએ જણાવ્યું હતું કે તિરુવિલ્લુવરનું લેખન કાર્ય અને શંકરદેવ જેવા મહાન સંત સાહિત્યકારોનું સામાજિક ચેતનાનું કાર્ય હિન્દીના તુલસી, મીરા અને કબીર પાછળની પ્રેરણા છે.જેમ કે તે આપણો અમૂલ્ય વારસો છે. મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમીના કાર્યકારી સભ્ય ડૉ.પ્રમોદ શુક્લાએ તુલસી અને કબીરની અનેક કૃતિઓના ઉદાહરણ આપતાં જણાવ્યું કે તેમનું સાહિત્ય કેટલું નિર્ભય અને વાસ્તવિક હતું?સંત પરંપરાના સાધક ડો.કિરણ વાઘમારેએ ચક્રધર સ્વામીના નોંધપાત્ર સમાજ સુધારક કાર્યો વિશે શ્રોતાઓને માહિતગાર કર્યા હતા. લેખક અને પત્રકાર ડો.શૈલેન્દ્ર દુબેએ મંચનું કાર્યકુશળ સંચાલન કર્યું હતું. સેમિનારનું ઉદ્ઘાટન પ્રો. નાના ભડકેએ ગાયેલું મહારાષ્ટ્રના ગીત સાથે આવું થયું. સુસ્મિતા તુષાર શર્માએ ગણેશ વંદના રજૂ કરી હતી. સેમિનારનો પરિચય અકાદમીના કાર્યકારી સભ્ય શ્યામ પી. શર્માએ રજૂઆત કરી હતી. સેમિનારના પ્રથમ સત્રનું સંચાલન કૃષ્ણકુમાર શર્માએ કર્યું હતું અને બીજા સત્રનું સંચાલન ડો.શૈલેન્દ્ર દુબેએ કર્યું હતું. મંચ પર ઉપસ્થિત મહાનુભાવોનું પુસ્તક અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. પોતાના વિચારો વ્યક્ત કરતા એડવોકેટ મોતીસિંહ મોહતાએ વિદર્ભના સંત તુકડોજી મહારાજ, સંત ગાડગે બાબા, મરાઠી સંત તુકારામ મહારાજ, સંત નામદેવ અને સંત જ્ઞાનેશ્વરની સામાજિક ચેતના પર પ્રકાશ ફેંક્યો હતો. ડો.શૈલેન્દ્ર દુબેએ શ્રોતાઓને ગુરુ નાનક અને સંત દાદુ દયાળના ઉપદેશો વિશે માહિતગાર કર્યા હતા. આ પ્રસંગે મહેશ પાંડે, પ્રા. શારદા બિયાણી, પ્રા. તસ્નીમ વોરા, આચાર્ય ભડાંગે, અનુરાગ મિશ્રા, ડો.રાજેશ્વર બુંદેલ, પ્રા. મોનીશ ચૌબે,ડો.સરલતા વર્મા, દર્શન લહેરીયા, ડો. નિશાલી પંચગામ, સવિતા તાપડીયા, પ્રા. સારિકા અગ્રવાલ, પ્રા. અભિલાષ બાજપેયી, શ્રી અમરાવતીકર, a સાહિત્ય અકાદમીના વિજય જાની, દિનેશ શુક્લ, સિદ્ધાર્થ શર્મા, તુષાર શર્મા, સિંધી સાહિત્ય અકાદમીના ડો.સુરેશ લાલવાણી, ડૉ. સુરેશ કેસવાણી, તુલી જીવત્રામણિ, ડો.સત્યનારાયણ બાહેતી, ડો.આનંદ ચતુર્વેદી, પ્રા. ધીરજસિંહ ઠાકુર, અભિષેક જૈન, હિતેશ સોની, સુહાસ દેશમુખ, સીમતાઈ રોથે, ડો. કોમલ શ્રીવાસ, શાલિની પૂર્ણ્યે, નીમા ઝુનઝુનવાલા, મોહિની મોડક, પ્રો. કાલિદાસ લતા, પ્રબોધ દેશપાંડે, કપિલ રાવદેવ, શૌકત અલી મીર, શ્યામ સુનારીવાલ વગેરે સહિત મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારનું સમાપન રાષ્ટ્રગીત સાથે થયું હતું.



મહારાષ્ટ્ર રાજ્ય હિન્દી સાહિત્ય અકાદમી, મુંબઈ દ્વારા "રાષ્ટ્રમાં સામાજિક ચેતના જગાવતી મહારાષ્ટ્રના સંત કવિઓના મજબૂત અવાજો" વિષય પર આયોજિત સાહિત્યિક પરિસંવાદના ઉદ્ઘાટન અને ચર્ચા સત્રની વિવિધ તસવીરો.

### ઈરાદાપૂર્વક હાજર નથી થતા

## દેશની કોર્ટમાં વર્તમાન-પૂર્વ ધારાસભ્યો-સાંસદો સામે 5000 કેસ પેન્ડિંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

દેશભરમાં વર્તમાન અને પૂર્વ સાંસદો અને ધારાસભ્યોની સામે કુલ પાંચ હજાર કેસો કોર્ટોમાં પેન્ડિંગ છે, આ માહિતી સુપ્રીમ કોર્ટને આપવામાં આવી છે સાથે જ આ તમામ કેસોના ઝડપથી નિકાલની માગણી પણ કરવામાં આવી છે. ઝડપથી નિકાલની માગ કરતી પીઆઇએલમાં સુપ્રીમને મદદ કરનારા વકીલે વધુમાં કોર્ટને જણાવ્યું હતું કે વારંવાર આદેશો છતા નેતાઓ સામેના કેસોનો નિકાલ નથી આવી રહ્યો.

સુપ્રીમ કોર્ટમાં વર્તમાન અને પૂર્વ ધારાસભ્યો-સાંસદો સામેના કેસોના ઝડપી નિકાલની માગ કરતી પીઆઇએલ થઇ હતી, જેમાં સુપ્રીમ કોર્ટમાં મદદનીશ તરીકે વકીલ વિજય હંસારિયાએ સોગંદનામુ રજુ કર્યું હતું, વકીલે જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટનો આદેશ, હાઇકોર્ટ દ્વારા મોનિટરિંગ છતા મોટી સંખ્યામાં કેસો પડતર છે. જેનાથી આપણા દેશની લોકશાહી પર ડાઘ લાગ્યો છે. કેટલાક કેસો તો વર્ષોથી પેન્ડિંગ છે. જેના પરથી સાબિત થાય છે કે આવા કેસોમાં આરોપી નેતાઓનો તપાસ અને ટ્રાયલ પર દબદબો છે. એટલુ જ નહીં નેતાઓ ટ્રાયલ પણ ચલાવવા નથી દેતા.

વકીલ અશ્વિની ઉપાધ્યાય દ્વારા વર્ષ 2016 માં પીઆઇએલ કરાઇ હતી જેમાં તેમણે દોષિત ઠરેલા નેતાઓના ચૂંટણી લડવા પર પ્રતિબંધની માગણી કરી હતી. કેસમાં કોર્ટને મદદ કરનારા વકીલે જણાવ્યું હતું કે



ચૂંટાયેલા તેમજ પૂર્વ જનપ્રતિનિધિ સામે કુલ 4732 ક્રિમિનલ કેસો પેન્ડિંગ છે, ગયા વર્ષે જ આવા 892 કેસો દાખલ થયા છે. એડીઆરના રિપોર્ટને રજુ કરતા વકીલે કહ્યું હતું કે હાલની લોકસભામાં કુલ 543 સાંસદોમાંથી 251 સામે ક્રિમિનલ કેસો છે, જેમાં 170 કેસો અત્યંત ગંભીર ગુનાના છે જેમાં પાંચ વર્ષ કે તેથી વધુ વર્ષની કેદની સજાની જોગવાઇ છે. કેમ કેસોની સુનાવણી કે નિકાલમાં વિલંબ થઇ રહ્યો છે તેનું કારણ આપતા વકીલે જણાવ્યું હતું કે આરોપી નેતાઓ કોર્ટમાં હાજર નથી થતા, સાક્ષીઓની યોગ્ય તપાસ નથી થતી. હાઇકોર્ટો દ્વારા પણ આ મામલાની નોંધ લેવાઇ હોવા છતા ટ્રાયલ શરૂ નથી થઇ રહી. જે કેસોમાં બે વખત સમન્સ છતા આરોપીઓ હાજર ના રહ્યા હોય તેવા કેસોમાં બિનજામીનપાત્ર વોરંટ જાહેર કરવું જોઇએ અને ધરપકડ થવી જોઇએ.

## બીજા લગ્ન કરનાર મહિલાને બીજા પતિ પાસેથી ભરણપોષણનો અધિકાર

### કલમ ૧૨૫ મુજબ ભરણપોષણને સુપ્રીમની મંજૂરી

નવી દિલ્હી: મહિલાઓ-બાળકોના અધિકારોને લઇને સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. જો કોઇ મહિલાએ પહેલા પતિથી કાયદેસર છૂટાછેડા ના લીધા હોય છતા બીજા પુરુષ સાથે લગ્ન કરીને પત્ની તરીકે રહે તો તેવી સ્થિતિમાં મહિલા પોતાના બીજા પતિ પાસેથી ભરણપોષણ મેળવવાનો અધિકાર ધરાવે છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે આ અધિકાર મહિલાને સીઆરપીસીની કલમ ૧૨૫માં આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ મહત્વપૂર્ણ સવાલ એ હતો કે જો કોઇ મહિલાના પ્રથમ લગ્ન ભંગ ના થયા હોય ને તે કોઇ બીજા પુરુષ સાથે લગ્ન કરી લે તો તેના બીજા લગ્નને કાયદેસર માનવા કે નહીં, બીજા પતિ પાસેથી મહિલા ભરણપોષણ મેળવી શકે કે નહીં. આ સમગ્ર મામલો તેલંગાણાનો છે, ૧૯૯૯માં હૈદરાબાદમાં ઉષા રાની નામની મહિલાના લગ્ન નોમુલા શ્રીનિવાસ સાથે થયા હતા, બન્ને વચ્ચે એક બાળકનો જન્મ થયો હતો, કોઇ કારણોસર બન્ને વચ્ચે વિવાદ થતા અલગ થવાનું નક્કી કર્યું હતું. ૨૦૦૫માં બન્ને અલગ થઇ ગયા આ દરમિયાન બન્ને વચ્ચે અલગ થવા મુદ્દે એક સમજૂતી (એમઓયુ) પણ થઇ હતી અને સ્વેચ્છાએ લગ્નનો ભંગ કર્યો હતો પણ કોર્ટમાં છૂટાછેડાની અરજી નહોતી કરી. બાદમાં મહિલાએ તેના પાડોશી સાથે લગ્ન કરી લીધા હતા, જોકે આ લગ્નને તેના બીજા પતિએ કોર્ટમાં પડકાર્યા અને તેને ગેરકાયદે જાહેર કરવા ફેમેલી કોર્ટમાં અપીલ કરાઇ હતી, ફેમેલી કોર્ટે લગ્નને રદબાતલ જાહેર કર્યા હતા. બાદમાં ફરી મહિલા અને તેના પાડોશીએ લગ્ન કરી લીધા હતા. આ બીજા લગ્નની હૈદરાબાદમાં ૨૦૦૬માં કાયદેસર નોંધણી પણ કરવામાં આવી હતી. બાદમાં બીજા લગ્નમાં મહિલાએ બાળકીને જન્મ આપ્યો હતો. બાદમાં બીજા લગ્નમાં પણ વિવાદ થવા લાગ્યો, મહિલાએ બીજા પતિ પર ઘરેલુ હિંસાનો કેસ કર્યો સાથે જ સીઆરપીસીની કલમ ૧૨૫ હેઠળ બીજા પતિ પાસેથી ભરણપોષણની માગણી કરી હતી.

## કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ 13 જેટલાં લિમ્ફેટિક ફાઇલેરિયાસિસ અસરગ્રસ્ત રાજ્યોમાં લિમ્ફેટિક ફાઇલેરિયાસિસ નાબૂદ કરવા માટે રાષ્ટ્રીય માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશનનો શુભારંભ કરાવ્યો



ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ 13 જેટલાં ઓળખાયેલા એલએફ અસરગ્રસ્ત રાજ્યોના આરોગ્ય મંત્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ સાથે વિડિયો કોન્ફરન્સ દ્વારા લિમ્ફેટિક ફાઇલેરિયાસિસ (LF)ના નાબૂદી માટે વાર્ષિક રાષ્ટ્રવ્યાપી માસ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (MDA) અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. સહભાગીઓને ઝુંબેશ, તેના ઉદ્દેશ્યો, હાથ ધરવામાં આવતી મુખ્ય વ્યૂહાત્મક પ્રવૃત્તિઓ અને MDA કાર્યક્રમનું ઉચ્ચ કવરેજ અને પાલન સુનિશ્ચિત કરવામાં ભાગ લેનારા રાજ્યોની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે માહિતી આપવામાં આવી હતી. આ ઝુંબેશ 13 રાજ્યોના 111 અસરગ્રસ્ત જિલ્લાઓને આવરી લે છે, જ્યાં ઘરે ઘરે જઈને ફાઇલેરિયાસિસ નિવારણ દવાઓ આપવામાં આવે છે. આ બેઠકમાં વિવિધ રાજ્યનાં આરોગ્ય મંત્રીઓ સત્ય કુમાર યાદવ (આંધ્રપ્રદેશ), અશોક સિંઘલ (આસામ), શ્યામ બિહારી જયસ્વાલ (છત્તીસગઢ), ઋષિકેશ ગણેશભાઈ પટેલ (ગુજરાત), ઇરફાન અન્સારી (ઝારખંડ), દિનેશ ગુંડુ રાવ (કર્ણાટક), રાજેન્દ્ર શુક્લા (મધ્યપ્રદેશ), મુકેશ મહાલિંગા (ઓડિશા), મંગલ પાંડે (બિહાર), પ્રકાશરાવ આબિટકર (મહારાષ્ટ્ર) અને બ્રિજેશ પાઠક (ઉત્તરપ્રદેશ)નો સમાવેશ થાય છે. એમડીએ અભિયાન ભારતની એલએફ નાબૂદી વ્યૂહરચનાનો મુખ્ય ઘટક છે. જેનું નેતૃત્વ સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય હેઠળ નેશનલ સેન્ટર ફોર વેક્ટર બોર્ન ડિસીઝ કન્ટ્રોલ (એનસીવીબીડીસી) દ્વારા કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ એન્ટિ-ફિલેરિયલ દવાઓના ડોર-ટુ-ડોર વહીવટ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જે સુનિશ્ચિત કરે છે કે દરેક પાત્ર વ્યક્તિ રોગના સંક્રમણને રોકવા માટે સૂચવેલી દવાનું સેવન કરે છે. એલએફ સામાન્ય રીતે 'હાથીપગા' તરીકે ઓળખાય છે, તે ચેપગ્રસ્ત મચ્છરો દ્વારા ફેલાતો પરોપજીવી રોગ છે. તે લિમ્ફોએડેમા (અંગોમાં સોજો) અને હાઇડ્રોસેલ (સ્ક્રોટલ સોજો) જેવી શારીરિક વિકલાંગતા તરફ દોરી જઈ શકે છે અને અસરગ્રસ્ત વ્યક્તિઓ અને પરિવારો પર લાંબા ગાળાનો બોજો લાદી શકે છે.

### ભાજપે 70માંથી 48 વિધાનસભા બેઠકો જીતી

## કેજરીવાલે ધરપકડ બાદ રાજીનામું આપી દેવાની જરૂર હતી, આપના પરાજય પર PKની પ્રતિક્રિયા



(એજન્સી) નવી દિલ્હી । તા. 10

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં પ્રચંડ બહુમતી સાથે કમળ ખીલ્યું છે. જ્યારે આમ આદમી પાર્ટીએ કારમી હારનો સામનો કરવો પડ્યો છે. ભાજપે દિલ્હીની સત્તામાં 27 વર્ષ બાદ શાનદાર વાપસી કરી છે. ત્યારે હવે આમ આદમી પાર્ટીની હાર પર જન સૂરાજ પાર્ટીના પ્રમુખ અને ચૂંટણી વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોરે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, એક્સાઇઝ પૉલિસી કેસમાં જામીન મળ્યા બાદ અરવિંદ કેજરીવાલનું મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવું એ એક મોટી વ્યૂહાત્મક ભૂલ હતી, જેના કારણે પાર્ટીને ભારે નુકસાન થયું છે.તાજેતરના વર્ષોમાં કેજરીવાલની બદલાતી રાજકીય વ્યૂહરચના, જેમ કે પહેલા I.N.D.I.A. બ્લોકમાં સામેલ થવું અને પછી એકલા દિલ્હી ચૂંટણી લડવાનો નિર્ણય લેવો, તે પણ AAPના નબળા પ્રદર્શનના મુખ્ય કારણોમાંથી એક હતું.

ચૂંટણી વ્યૂહનીતિકાર પ્રશાંત કિશોરે કહ્યું કે, આમ આદમી પાર્ટીની હારનું સૌથી મોટું કારણ 10 વર્ષની એન્ટી ઈન્કમબન્સી હતી. બીજી તરફ કદાચ સૌથી મોટી ભૂલ કેજરીવાલનું રાજીનામું હતું. હકીકતમાં કેજરીવાલે ત્યારે રાજીનામું આપવાની જરૂર હતી જ્યારે તેમની એક્સાઇઝ પૉલિસી મામલે ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ જામીન મળ્યા પછી અને ચૂંટણી પહેલા બીજા કોઈને મુખ્યમંત્રી બનાવવું તેમના માટે એક મોટી વ્યૂહાત્મક ભૂલ સાબિત થઈ.તમને જણાવી દઈએ કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપે 27 વર્ષ પછી સત્તામાં વાપસી કરી છે. ભાજપે 70માંથી 48 વિધાનસભા બેઠકો જીતીને આમ આદમી પાર્ટીના 10 વર્ષના શાસનનો અંત આણ્યો. બીજી તરફ આમ આદમી પાર્ટી માત્ર 22 બેઠકો પર જ સમેટાઈ ગઈ છે. જ્યારે કોંગ્રેસ સતત ત્રીજી વખત ખાતું ખોલવામાં પણ નિષ્ફળ રહી છે. પ્રશાંત કિશોરે કહ્યું કે, કેજરીવાલની સતત બદલાતી રાજકીય વ્યૂહરચનાઓએ તેમની વિશ્વસનીયતાને નબળી પાડી છે. પહેલા I.N.D.I.A. બ્લોકમાં સામેલ થવું અને પછી તેમાંથી બહાર નીકળી જવાનો તેમનો નિર્ણય તેમની છબીને નુકસાન પહોંચાડનારો હતો. આ ઉપરાંત તાજેતરના વર્ષોમાં તેમનું વહીવટી મોડેલ પણ નબળું પડ્યું છે.

### દ્રૌપદી મુર્મૂ અક્ષયવટની મુલાકાત લેશે

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મહાકુંભમાં લગાવી પવિત્ર ડૂબકી, CM યોગી પણ સાથે હાજર રહ્યા

(એજન્સી) પ્રયાગરાજ । તા. 10

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ મહાકુંભમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે આજે (10મી ફેબ્રુઆરી) સંગમમાં ડૂબકી લગાવી હતી. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમની સાથે હાજર હતા. મહામહિમએ સંગમ ખાતે હોડીની સફર કરી અને પક્ષીઓને ચણ આપ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની મુલાકાતને ધ્યાનમાં રાખીને શહેરમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.માતા ગંગા, યમુના અને અદૃશ્ય સરસ્વતીના સંગમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આસ્થાની ડૂબકી લગાવીને સનાતન આસ્થાને મજબૂત પાયો આપ્યો. દેશના પ્રથમ નાગરિક માટે સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવાનો આ એક



ઐતિહાસિક ક્ષણ છે. ત્યારબાદ પોતાની ધાર્મિક શ્રદ્ધાને વધુ મજબૂત કરવા માટે તે અક્ષયવટની મુલાકાત લેશે અને પૂજા કરશે.

મહાકુંભનો આજે 29મો દિવસ છે. 13મી જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 43.57 કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું છે. આજે સવારે 10 વાગ્યા સુધીમાં 63 લાખ લોકોએ સ્નાન કર્યું છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ પોતાના પરિવાર સાથે સંગમમાં ડૂબકી લગાવી હતી.

### સોનિયા ગાંધીના મોદી સરકાર પર પ્રહાર

## વસતી ગણતરીમાં વિલંબ, 14 કરોડ લોકો રેશનથી વંચિત...'

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટીના સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ સોમવારે શક્ય તેટલી વહેલી તકે વસતી ગણતરી કરાવવાની માગ ઉઠાવી હતી, જેથી તમામ પાત્ર વ્યક્તિઓને ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ગેરંટીકૃત લાભો મળી શકે. રાજ્યસભામાં શૂન્યકાળ દરમિયાન આ મુદ્દો ઉઠાવતા તેમણે એમ પણ કહ્યું કે, ખાદ્ય સુરક્ષા એ કોઈ વિશેષાધિકાર નથી પરંતુ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે. આ દરમિયાન સોનિયા ગાંધીએ મોદી સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, વસતી ગણતરીમાં વિલંબના કારણે 14 કરોડ લોકો રેશનથી વંચિત છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે, તેમણે કહ્યું કે યુપીએ સરકાર દ્વારા રજૂ કરાયેલ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો એક ઐતિહાસિક પહેલ હતી જેનો ઉદ્દેશ્ય 140 કરોડ વસતી માટે ખોરાક અને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. આ કાયદાએ કોરોના મહામારીના સંકટ દરમિયાન લાખો સંવેદનશીલ પરિવારોને ભૂખમરાથી બચાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી, આ સાથે જ આ કાયદાએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો આધાર પણ પૂરો પાડ્યો હતો.તેમણે આગળ કહ્યું કે, 'ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ગ્રામીણ વસતીના 75% અને શહેરી વસતીના 50% લોકોને સબસિડીવાળા અનાજ મેળવવાનો અધિકાર છે. જોકે, લાભાર્થીઓ માટેના ક્વોટા હજુ પણ 2011ની વસતી ગણતરીના આધારે નક્કી કરવામાં આવે છે, જે હવે એક દાયકા કરતાં વધુ જૂની છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલી વાર વસતી ગણતરીમાં 4 વર્ષથી વધુ સમયનો વિલંબ થયો છે.' મૂળ રીતે તે 2021 માટે સુનિશ્ચિત થયેલ હતી પરંતુ હજુ પણ તેની કોઈ સ્પષ્ટતા નથી કે વસતી ગણતરી ક્યારે હાથ ધરવામાં આવશે. સોનિયા ગાંધીએ કહ્યું કે, 'બજેટ ફાળવણી દર્શાવે છે કે આ વર્ષે પણ વસતી ગણતરી હાથ ધરવાની સંભાવના નથી.'



### 14 કરોડ લોકો લાભથી વંચિત

તેમણે કહ્યું કે, 'આમ લગભગ 14 કરોડ પાત્ર ભારતીયોને ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ પોતાના યોગ્ય લાભોથી વંચિત કરવામાં આવી રહ્યા છે. સરકાર શક્ય તેટલી વહેલી તકે વસતી ગણતરી પૂર્ણ કરવાને પ્રાથમિકતા આપે અને એ સુનિશ્ચિત કરે કે તમામ પાત્ર વ્યક્તિઓને ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ગેરંટીકૃત લાભો મળે છે. ખાદ્ય સુરક્ષા એ કોઈ વિશેષાધિકાર નથી, તે એક મૂળભૂત અધિકાર છે.'

## દિલ્હીમાં ચૂંટણી હારતાં સમર્થકો સામે રડી પડ્યાં AAPના દિગ્ગજ નેતા, કહ્યું - 'હું ખુશ હતો પણ...'

(એજન્સી) નવી દિલ્હી । તા. 10

કાલકાજી સીટ પર જીત બાદ આનંદમાં નાચતી આતિશીની તસવીરો વાયરલ થઈ હતી, ત્યારે હવે ગ્રેટર કૈલાશમાં હાર બાદ સૌરભ ભારદ્વાજનો વીડિયો સામે આવ્યો છે. પોતાના સમર્થકો સાથે વાત કરતા સૌરભ ભારદ્વાજની આંખો ભીની થઈ ગઈ હતી. દિલ્હી સરકારમાં મંત્રી રહી ચુકેલા સૌરભ ભારદ્વાજને પોતાની જીત અંગે પૂરો વિશ્વાસ હતો, પરંતુ ભાજપના ઉમેદવાર શિખા રાયે તેમને હરાવ્યા હતા.

સૌરભ ભારદ્વાજનો 1.36 મિનિટનો વીડિયો



વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે કેટલાક સમર્થકો સાથે વાત કરતાં ભાવુક થઈ જાય છે. ગ્રેટર કૈલાશથી હાર બાદ સમર્થકોની લાગણી જોઈને તેઓ ભાવુક થઈ ગયા હતા. સૌરભે કહ્યું કે હું જોઉં છું કે લોકો ખૂબ જ લાગણીશીલ હોય છે. આ કહેતાં જ તે પોતે પણ ભાવુક થઈ જાય છે અને તેના સમર્થકો નારા લગાવીને તેને પ્રોત્સાહિત કરે છે.આ બાબતે સૌરભે વધુમાં કહ્યું કે, 'હું ખૂબ ખુશ હતો, પરંતુ તમારી આંખોમાં આંસુ જોઈને હું ભાવુક થઈ ગયો છું. આટલા લાગણીશીલ ન બનો. હું ગઈકાલથી ખૂબ જ નિયંત્રણમાં છું અને આ હારને એક ખેલાડી જેવીની ભાવનાથી લઈ રહ્યો છું.' સૌરભ ભારદ્વાજ ફરીથી પોતાની જાતને કાબૂમાં રાખતા ભાવુક થઈ જાય છે. આ દરમિયાન તેમના સમર્થકો તેમના માટે નારા લગાવે છે અને સાથે રહેવાનું વચન આપે છે.સૌરભ ભારદ્વાજ ગ્રેટર કૈલાશથી ત્રણ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે. મનીષ સિસોદિયા અને સત્યેન્દ્ર જૈનના રાજીનામા બાદ તેમને આતિશીની સાથે દિલ્હી સરકારમાં મંત્રી બનાવવામાં આવ્યા હતા. અરવિંદ કેજરીવાલ જેલમાં ગયા પછી સૌરભ આતિશી સાથે સરકાર અને પાર્ટીના મોટા ભાગના કામો જોતા હતા. સૌરભ ભારદ્વાજ પોતાની સીટ પર ખૂબ જ સક્રિય હતા અને પાર્ટીના આંતરિક સર્વેમાં પણ તેઓ જીતી રહ્યા હોવાના અહેવાલ છે.

## ડંકી રુટ દ્વારા અમેરિકા જતા પંજાબના યુવકનું મોત, ટ્રાવેલ એજન્ટે 36 લાખ પડાવ્યાનો આરોપ



(એજન્સી) અમૃતસર । તા. 10

પંજાબના અમૃતસરના રામદાસ અજનાલામાં રહેતા એક યુવકનું વિદેશ જતા સમયે રસ્તામાં હૃદયરોગના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું. એવો આરોપ છે કે ટ્રાવેલ એજન્ટ યુવકને ડોન્કી રૂટ દ્વારા અમેરિકા મોકલી રહ્યો હતો. ટ્રાવેલ એજન્ટે યુવક અને તેના પરિવાર પાસેથી તેને અમેરિકા મોકલવા માટે 36 લાખ રૂપિયા લીધા હતા.અહેવાલો અનુસાર, મૃતક યુવકની ઓળખ રામદાસના રહેવાસી 33 વર્ષીય ગુરપ્રીત તરીકે થઈ છે. ટ્રાવેલ એજન્ટ ગુરપ્રીતને ડંકી રૂટ દ્વારા અમેરિકા મોકલી રહ્યા હતા. આ દરમિયાન ગ્વાટેમાલા મેક્સિકો નજીક ગુરપ્રીતને હૃદયરોગનો હુમલો આવ્યો અને તેનું મૃત્યુ નિપજ્યું હતું.

### કાર પર 'ભારત સરકાર'નું પાટીયું મારી

## પોતાને IBનો ડીસીપી ગણાવી લોકોથી 20 લાખ પડાવ્યા, છેવટે પકડાયો

(એજન્સી) જયપુર । તા. 10

રાજસ્થાનના જયપુરમાં રવિવારે નોકરી આપવાના બહાને ચાર લોકો સાથે છેતરપિંડી કરવા બદલ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી. આરોપીએ પોતે ડીએસપી હોવાનું જણાવી સરકારી નોકરી અપાવવાનું વચન આપી રૂ. 20 લાખની છેતરપિંડી કરી હતી. ડીસીપી (પૂર્વ) તેજસ્વીની ગૌતમે જણાવ્યું હતું કે આરોપી શ્રીનિવાસ કુમાર ચૌબેએ નકલી આઈબીનો ડીએસપી બની ચાર લોકોને નાણાં મંત્રાલય અને જયપુર ડેવલપમેન્ટ ઑથોરિટીમાં નોકરી અપાવવાનું વચન આપી રૂ. 20 લાખનો ચૂનો લગાવ્યો હતો. પીડિત નીતિન કુમાર, આકાશ સિંહ, રાહુલ ફૌજદાર અને જિતેન્દ્ર સિંહે આ સંદર્ભે આઠ ફેબ્રુઆરીના રોજ ઍરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદના આધારે પોલીસની એક ટીમે રામનગરિયા પોલીસ સ્ટેશનની પાછળ સ્થિત કાન્હા રેસિડેન્સીમાં દરોડા પાડ્યા હતા. જ્યાંથી આરોપી શ્રીનિવાસ ચૌબેની ધરપકડ કરવામાં આવી હતી. તેની પાસેથી ભારત સરકાર લખેલી નંબર પ્લેટવાળી ગાડી પણ મળી આવી હતી.રાજસ્થાનના ઘણા વિસ્તારો સહિત દેશભરમાં સરકારી નોકરી આપવાની લાલચમાં ઘણા લોકો પાસેથી પૈસા પડાવી છેતરપિંડીના કિસ્સા બની રહ્યા છે.

### પ્રોપર્ટીની વહેંચણીને લઈને ભારે વિવાદ

## અબજપતિ બિઝનેસમેનને દોહિત્રએ જ 70 વખત ચપ્પાના ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધા

(એજન્સી) હૈદરાબાદ । તા. 10

તેલંગાણાની રાજધાની હૈદરાબાદમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. વેલજન ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના 86 વર્ષીય સ્થાપક વેલામતી ચંદ્રશેખર જનાર્દન રાવની તેમના જ ઘરમાં તેમના 29 વર્ષના દોહિત્ર કિલારુ કીર્તિ તેજા દ્વારા છરીના ઘા મારીને હત્યા કરવામાં આવી હતી. દોહિત્રએ પ્રોપર્ટીના વિવાદને કારણે ઉદ્યોગપતિની હત્યા કરી હતી. 8 ફેબ્રુઆરીએ આરોપીની અટકાયત કરવામાં આવી હતી.અહેવાલો અનુસાર, પ્રોપર્ટીના વિવાદને લઈને તેજાએ કથિત રૂપે તેના નાના સામે વિરોધ કર્યો હતો અને તેના પર મિલકતની યોગ્ય રીતે વહેંચણી ન કરવાનો આરોપ લગાવ્યો હતો, જેના કારણે ભારે વિવાદ થયો હતો. આ વિવાદ પછી, દલીલ એટલી હદે વધી ગઈ કે ગુસ્સામાં તેજાએ જનાર્દન રાવ પર છરી વડે 70 ઘા મારીને તેમની હત્યા કરી હતી. રાવના પુત્રી વિવાદને રોકવાનો પ્રયાસ કરતી વખતે ઘાયલ ઝઘડા દરમિયાન, તેજાની માતા અને રાવના પુત્રી, સરોજિની દેવીએ વિવાદ રોકવાનો પ્રયાસ કર્યો, આ દરમિયાન તેજાએ તેમને પણ ચાકૂ માર્યું હતું અને તેઓ ઈજાગ્રસ્ત થયા હતા. હાલમાં તેમની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક તપાસ બાદ અધિકારીઓએ જણાવ્યું કે વિવાદ દરમિયાન તેજાએ છરી કાઢી અને તેના નાના પર હુમલો કર્યો.

સિટી એક્સપ્રેસ
TUESDAY 11 FEBRUARY-2025
AHMEDABAD

## અમદાવાદના નરોડામાં AMCનું ડિમોલિશન

અમદાવાદ : રાજ્યભરમાં ગેરકાયદેસર દબાણ દૂર કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમદાવાદ શહેરના નરોડા વિસ્તારમાં આજે (10મી ફેબ્રુઆરી) એએમસીની ટીમ અને પોલીસની ટીમ દબાણ દૂર કરવા પહોંચી હતી. નોબલનગરમાં આવેલા કોમ્પલેક્ષની 25થી 30 દુકાનો પાડી પાડવામાં આવી હતી. વેપારીઓને દુકાનમાંથી સામાન બહાર કાઢવાનો પણ સમય આપ્યો નહતો.મળતી માહિતી અનુસાર,નરોડાના નોબલનગરમાં આવેલા કોમ્પલેક્ષની 25થી 30 દુકાનોના માલિકોને નોટિસ આપવામાં આવી હતી.

## અમદાવાદ વડોદરા એક્સપ્રેસ વે પર ગમખ્વાર અકસ્માત

અમદાવાદ : અમદાવાદના શાહીબાગમાં રહેતા 36 વર્ષીય ગણપતલાલ જૈન, પત્ની ઉષાબેન અને તેમના બે બાળકો ગત મોડી રાત્રે કારમાં વડોદરાથી અમદાવાદ આવી રહ્યા હતા. આ દરમિયાન અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ વે પર તેમની કાર ઓવરસ્પીડમાં આગળ ચાલતી આઈસર સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેના કારણે કારમાં સવાર પતિ-પત્નીનું ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું, જ્યારે તેમના બે નાના બાળકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. આ અકસ્માતની જાણ થતાં ટ્રાફિક પોલીસ અને એમ્બ્યુલન્સ સ્થળ પર પહોંચી હતી અને બે બાળકોને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



### આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓએ ગુજરાતને ડ્રગ્સની હેરાફેરીનું કેન્દ્ર બનાવ્યું

# પશ્ચિમ અમદાવાદમાં યુવાધન ટાર્ગેટ, પૂર્વમાં યુવતીઓ દ્વારા ડ્રગ્સની હેરાફેરી

(એજન્સી) અમદાવાદ | તા.10

આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ માફિયાઓએ ગુજરાતને ડ્રગ્સની હેરાફેરીનું કેન્દ્ર બનાવ્યું છે. વિતેલા પાંચેક વર્ષમાં વિશાળ સાગરકાંઠો ધરાવતાં ડ્રગ્સની હેરાફેરીનું કેન્દ્ર બનાવી ચૂકેલાં ડ્રગ્સ માફિયાઓએ ગુજરાતના યુવાધન ઉપરાંત માલેતુજાર પરિવારના યુવકો, યુવતીઓને ટાર્ગેટ કરીને એમ.ડી. એટલે કે મેફેડ્રોન ડ્રગ્સની માયાજાળ રચી છે. આંચકારૂપ બાબત એ છે કે, પશ્ચિમ અમદાવાદમાં યુવાધનને ડ્રગ્સના નશાના રવાડે ચડાવવા ટાર્ગેટ કરાઈ રહ્યું છે અને પૂર્વ વિસ્તારમાંથી સંચાલિત નેટવર્કમાં ડ્રગ્સના વેચાણ, હેરાફેરીમાં હવે યુવતીઓનો ઉપયોગ પણ થવા લાગ્યો છે. ખાસ કરીને અમદાવાદના યુવાઓમાં ડ્રગ્સનું ચલણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે ત્યારે એસ.ઓ.જી. એટલે કે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે વિતેલા 10 વર્ષમાં નહોતી થઈ એવી કામગીરી ત્રણ વર્ષમાં કરી છે. 10 વર્ષમાં નશીલા દ્રવ્યોના કુલ 35 કેસ નોંધાયાં હતાં. પણ, એસ.ઓ.જી.એ ત્રણ જ વર્ષમાં કુલ 109 ગુના નોંધીને ડ્રગ્સ અને નશીલા દ્રવ્યોનો ગોરખધંધો કરતાં કુલ 238 આરોપીઓને પકડી પાડ્યાં છે. કુલ 5.63 કરોડના નશીલા દ્રવ્યો પકડી પાડ્યાં છે તેમાંથી મેફેડ્રોન એટલે કે એમ.ડી. ડ્રગ્સના જ 58 કેસમાં 5.16 કરોડનું એમ.ડી. પકડી પડાયું છે.




### યુવતીઓનો ઉપયોગઃ નશાના વેપારમાં 28 મહિલા પકડાઈ

નશાના કાળા કારોબારને મજબૂત બનાવવા માટે ડ્રગ્સ સહિતના નશીલા પદાર્થો વેચવા માટે મહિલોઓનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે જેમાં ખાસ કરીને પોલીસને શંકા જાય નહી અને મહિલાઓ પોલીસે થાપ આપવા માટે આવા માદક દ્રવ્યો પોતાના આંતર વસ્ત્રોમાં છુપાવીને વેચતી હોય છે. પોલીસે અગાઉ રામોલ ટોલટેક્ષ ઉપરથી મુંબઈની કારમાં આવેલી મહિલા સહિતની ગેંગને પકડી હતી. જેમાં પુરુષો પાસેથી કંઈ મળ્યું ન હતું, પોલીસે મહિલા પોલીસની મદદથી તપાસ કરતાં મહિલાના આંતર વસ્ત્રોમાંથી ડ્રગ્સ પકડયું હતું.

### પોલીસ પરેશાન : પકડાયાં છતાં આરોપી ફરી ડ્રગ્સ વેચે

અમદાવાદમાં નશાના વન-વેથી પોલીસ પણ પરેશાન થઇ રહી છે.જેમાં ખાસ કરીને ડ્રગ્સ સહિતના માદક પાદાર્થો સાથે પકયેલા આરોપી જ્યારે વચગાળામાં જામીન ઉપર છૂટ્યા બાદ ફરીથી નશીલા પાદાર્થ વેચતા પકડાય છે. જેમાં ખાસ કરીને દરિયાપુરમાં રહેતી મહિલા પાસેથી 15.220 ગ્રામ તથા તેના સાગરિત પાસેથી 16.090 ગ્રામ સહિત મેફેડ્રોનનો કુલ 31.310 ગ્રામ રૂા. 3,13,100નો પકડ્યો હતો ચોંકાવનારી બાબત એ છે કે ડ્રગ્સના કેસમાં મહિલા 10 વર્ષની સજા ભોગવ્યા પછી ફરી એ જ ધંધા કરવા લાગી હતી.

## મેમનગરમાં બેફામ કાર ચાલકે એક સાથે 6 ગાડીઓને મારી ટક્કર, 5 લોકો ઈજાગ્રસ્ત

(એજન્સી) અમદાવાદ | તા.10

અમદાવાદના મેમનગર વિસ્તારમાં બેફામ કાર ચાલકે 5-6 ગાડીઓને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં 5 લોકો ઈજાગ્રસ્ત થયા છે. કાર ચાલક દારૂના નશામાં હોવાનો સ્થાનિકોએ આરોપ લગાવ્યો છે. બનાવની જાણ થતા જ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને આ મામલે અકસ્માતનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. શહેરના મેમનગર વિસ્તારમાં અર્ટીગાના કાર ચાલકે અકસ્માત સર્જતા 5-6 ગાડીઓને ટક્કર મારી




હતી. કાર ચાલક દારૂના નશામાં હોવાનો સ્થાનિકોએ આરોપ લગાવ્યો હતો. GJ-01-WA-5408 નંબરની અર્ટીગા કારે એક સાથે 5-6 વાહનોને અડફેટે લીધી હતી. અકસ્માતને કારણે કેટલીક ગાડીઓ ઉંધી પડી ગઈ હતી જ્યારે કેટલીક ગાડી ઝાડ સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં 5થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. સ્થાનિકોએ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યા હતા જેમાંથી એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળે છે.

## CM ભૂપેન્દ્ર પટેલે ક્રિસ્ટલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે "પરીક્ષા પે ચર્ચા-2025" સંવાદ નિહાળ્યો

અમદાવાદ : પરીક્ષા પે ચર્ચા'ની આઠમી કડી અંતર્ગત રાજ્યની ૪૦ હજારથી વધારે શાળાના ૬૧.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ વડાપ્રધાનના સંવાદનું પ્રસારણ નિહાળ્યું હતુ,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'પરીક્ષા પે ચર્ચા-૨૦૨૫' અંતર્ગત અમદાવાદની ક્રિસ્ટલ સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે અર્થસભર સંવાદ કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પરીક્ષા પે ચર્ચા'ની આઠમી કડી અંતર્ગત વિદ્યાર્થીઓ સાથે કરેલા રાષ્ટ્ર વ્યાપી સંવાદનું પ્રસારણ અમદાવાદની શાળાઓમાં પણ કરવામાં આવ્યું હતું.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના વસ્ત્રાલમાં આવેલી ક્રિસ્ટલ ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ ખાતે આ કાર્યક્રમનું પ્રસારણ નિહાળ્યું હતું તેમજ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ સાથે અર્થસભર સંવાદ સાધ્યો હતો.આ પ્રસંગે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા અને રાજ્ય સહકાર મંત્રી જગદીશ વિશ્વકર્મા ઉપસ્થિતિ રહ્યા હતા.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે દરેક વિદ્યાર્થીએ પોતાના જીવનકાળમાં એકવાર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા લિખિત 'એકઝામ વોરિયર' પુસ્તક એકવાર અવશ્ય વાંચવું જોઈએ.

## અમદાવાદ એરપોર્ટ પર બોમ્બની ધમકીથી ખળભળાટ, સુરક્ષા એજન્સીઓ હાઈએલર્ટ

(એજન્સી) અમદાવાદ | તા.10

દેશમાં છેલ્લા ઘણાં સમયથી એરપોર્ટ અને વિમાનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી છે. આ દરમિયાન જેદાહથી અમદાવાદ આવતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં અમદાવાદ એરપોર્ટને જ બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. આ ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ સવારે ૧.30 વાગ્યે પહોંચી હતી. અમદાવાદ એરપોર્ટ પોલીસ અને CISF તથા ડોગ સ્કવોર્ડ અને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ પણ એરપોર્ટ પર પહોંચ્યા છે અને સઘન ચેકિંગ હાથ ધર્યું છે.



### ફ્લાઈટમાં હાથથી લખેલી ચીઠી મળી આવી

મળતી માહિતી અનુસાર, અમદાવાદ એરપોર્ટ પર જેદાહથી આવેલી ઈન્ડિગો ફ્લાઈટમાંથી મુસાફરો જ્યારે બહાર નીકળ્યા ત્યારબાદ ક્લિનર દ્વારા ફ્લાઈટ ક્લીન કરવામાં આવી રહી હતી. આ દરમિયાન હાથથી લખેલી ચીઠી મળી આવી હતી. જેમાં એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેને લઈને એરપોર્ટ ઓથોરિટીએ પોલીસને જાણ કરતા પોલીસ સ્થળ પર પહોંચી છે. પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ હાથ ધરી છે અને આ ચિઠ્ઠી એફએસએલમાં પણ મોકલવામાં આવશે તથા જે પણ મુસાફર ફ્લાઈટમાં હતા તેના પણ લખાણના સેમ્પલ લેવામાં આવશે. ધમકી આપનાર વ્યકિત અંગે તપાસ કરવામાં આવી રહી છે.

## કોંગ્રેસ અગ્રણીને માર મારવાના કેસમાં પૂર્વ DGP કુલદીપ શર્મા 41 વર્ષે દોષિત



(એજન્સી) અમદાવાદ | તા.10

કોંગ્રેસના નેતા અબ્દુલ હાજી ઈબ્રાહિમ ઉર્ફ ઈભલા શેઠને માર મારવાના કેસમાં કોર્ટે 41 વર્ષ પછી પૂર્વ ડીજીપી કુલદીપ શર્માને દોષિત જાહેર કર્યા છે. આ કેસમાં ભુજ સેશન્સ કોર્ટે કુલદીપ શર્મા અને અન્ય તેમના એક સાથી અધિકારીને પણ ત્રણ મહિનાની જેલની સજા ફટકારી છે. આ કેસની વિગત એવી છે કે, અબડાસાના રહેવાસી અબ્દુલ હાજી ઈબ્રાહિમ નલિયામાં નોંધાયેલા એક અંગે એસપી કચેરીમાં મળવા ગયા હતા. આ દરમિયાન તેમની સાથે પૂર્વ ધારાસભ્ય ખરાશંકર જોષી, માંડવીના ધારાસભ્ય જયકુમાર સંઘવી સહિતના આગેવાનો પણ હતા. એ વખતે તત્કાલીન સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ કુલદીપ શર્માએ એ તમામનું અપમાન કર્યું હતું.

બાદમાં કચેરીના અન્ય પોલીસ અધિકારીઓને બોલાવીને ઝોર માર મરાયો હતો.

આ મારામારીમાં અબ્દુલ હાજી ઈબ્રાહિમને ઈજા પહોંચી હતી. આ ઘટના પછી તેમની સાથે આવેલા શંકર ગોવિંદજી જોષી નામના અગ્રણીએ ભુજની ચીફ જ્યુડિશિયલ કોર્ટમાં

એસ.પી. કુલદીપ શર્મા સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી હતી.

### શું હતો સમગ્ર મામલો?

પ્રાપ્ત માહિતી અનુસાર છઠ્ઠી મે, 1984ના રોજ નલિયાના એક કેસમાં કોંગ્રેસના નેતા અબ્દુલ્લા હાજી ઈબ્રાહિમ તત્કાલીન આઈપીએસ અધિકારી કુલદીપ શર્માને મળવા ગયા હતા. આ દરમિયાન તેઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થતા કુલદીપ શર્મા ગુસ્સે થઈ ગયા હતા અને તેમણે હાજી ઈબ્રાહિમને અપમાનિત કરીને માર માર્યો હતો. આ ઘટનામાં કુલદીપ શર્માના સાથી અધિકારી ગિરીશ વસાવડા સહિત અન્ય લોકો પણ સામેલ હતા. સરકારી કચેરીમાં રજૂઆત કરવા ગયેલા લોકોને અપમાનિત કરીને માર મારવાના કૃત્યને કોર્ટે ગંભીર અને અયોગ્ય ગણાવ્યું હતું. આ કેસના ફરિયાદી ઈકબાલ મધરાએ આ ચુકાદાને આવકાર્યો હતો.

